માધાપરમાં ગટરના પાણીથી ખેતી થાય છે

અમરગઢ હોસ્પિટલ પુનરોદ્ધારની પ્રતીક્ષા

મસ્ત અને મસ્ત કસરત – વૉકિંગ

જીવનમાં ગુરુનું મહત્ત્વ સમજાવે છે શ્રી શ્રી રવિશંકર

૦૭ ઓગસ્ટ, ૨૦૨૧ abhiyaanmagazine.com ₹૨૫-૦૦

અભિયાન

ભાવનગર સ્પેશિયલ

પોર્નો/ઇરોટિક ફિલ્મોએ રાજ-શિલ્પાની બાયોગ્રાફી બગાડી

VISIT…

LANZAROTE
Caliente.com

Since 1929

SKTC

पांचतारा® — અને — फ़ाईवस्टार®

ફરાળ વડે જ વ્રત ફળે

રાજગરો વિટામીન સી
અને કેલ્શિયમથી
ભરપૂર છે.

તેમાં કુદરતી એમીનો
એસીડ હોવાથી વ્રત
માટે સર્વોત્તમ ગણાય છે.

પચવામાં સરળ અને
ભૂખને સંતોષે છે.

ડાયાબિટીસના દર્દી
માટે ખૂબ જ
સ્વાસ્થ્યપ્રદ છે.

500 g
पांचतारा®
રાજગરાનો લોટ
रामदाना आटा
राजीगरा पीठ
Net Weight: 500g
નેટ વજન: ૫૦૦ ગ્રામ
સાંકળચંદ કરસનદાસ ટ્રેડીંગ કું.
નવા માધુપુરા, અમદાવાદ – ૩૮૦૦૦૪
SKTC
200 g
SKTC
फ़ाईवस्टार®
सांकलचंद करसनदास ट्रेडींग कं.
अमदावाद - ३८०००४
रामदाना आटा
રાજગરાનો લોટ
राजीगरा पीठ
RAJIGARA-FLOUR
Net Wt.: 200g
PKD BY
SANKALCHAND KARASANDAS TRADING CO.
1437, NAVA MADHUPURA, AMDAVAD - 380004

રાજગરાનો લોટમાંથી બનતી ફરાળી વાનગીઓ

શીરો, પરાઠા, રોટલી, ભાખરી, વડા, કઢી, પૂરી
તથા અન્ય વાનગીઓ

રાજગરાનો શીરો

THE GROUND REALITIES

અમારી અન્ય ફરાળી શ્રેણી ★ મોરૈયો ★ સાબુદાણા ★ શિંગોડાનો લોટ ★ સીંધવ પાવડર ★ મખાણા

90 YEARS
90 Years of Experience, Trust & Purity

Follow us panchtarafarali

આર્થ્રોસ્કોપી : નાના છીદ્ર દ્વારા મોટી સર્જરી

વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતી વેલકેર હોસ્પિટલ, વડોદરા

અર્થ્રોસ્કોપી સર્જરી જે.. ડોક્ટર સામે રહેલા ટીવી સ્ક્રીનમાં જોઈ શકે છે.

ઘુંટણની આર્થોસ્કોપી એ એક આધુનિક સર્જીકલ તકનીક છે. જે ઘુંટણના દર્દોનું નિદાન કરે છે. આ પ્રક્રિયામાં ડોક્ટર એક બટન જેવા નાના છીદ્ર દ્વારા તેમાં નાનો કેમેરો દાખલ કરે છે તેને આર્થ્રોસ્કોપી કહેવામાં આવે છે. આ સામાન્યરીતે ડે-કેર પ્રક્રિયા છે. જોકે આમાં જોખમો મર્યાદિત છે. એકંદરે મોટાભાગના દર્દીઓને માટે આ સર્જરી ઘણી જ ફાયદાકારક જ સાબિત થઇ છે. ઓર્થોપેડીક્ષેત્ર સમગ્ર વિશ્વસ્તરે ખ્યાતનામ વડોદરાની વેલકેર હોસ્પિટલમાં ડો.ભરત મોદી અને ડો.ક્ષીતિજ મોદી ઘુંટણ અને થાપાના તમામ દર્દોના નિદાન માટે ઘણા જાણીતા છે. આવો મળીએ હોસ્પીટલના જાણીતા આર્થોસ્કોપી સર્જન ડો.ક્ષિતિજ મોદીને અને જાણીએ આ સર્જરી અંગે તેઓ શું કહે છે.

only books magazine

આપણી સંસ્કૃતિ અને રીતી-રીવાજ મુજબ દરેક વ્યક્તિનું પરિવારની જવાબદારીઓ પ્રત્યે વિશેષ યોગદાન રહ્યું છે. પણ પરિવારની એક મહિલાને પગની તકલીફ થાય ત્યારે આખો પરિવાર તેમની ચિંતામાં લાગી જતો હોય છે અને તે સ્વાભાવિક છે. સાથે આ પરિવાની દૈનિક પ્રવૃતિઓ પણ ખોરવાઈ જતી હોવાથી તેમનું જલ્દી સ્વસ્થ થવું બહુ અગત્યનું બની જાય છે. આ હકીકત ઉદાહરણરૂપે ટુકમાં સમજીએ તો એક મહિલા પેશન્ટ સુધાબેન પારેખ (સુરત)ની આર્થોસ્કોપી સર્જરી હમણાં જ વેલકેર હોસ્પીટલમાં કરવામાં આવી હતી .આ સર્જરી પહેલાં અને પછી તેમના દૈનિક કાર્યોમાં જે પરિવર્તન આવ્યું તે તેમના પરિવાર માટે ઘણા મહત્વના રહ્યા. કારણ કે પગની તકલીફને કારણે ચાલવા-ઉઠવા-બેસવામાં તેમને ઘણી વાર લાગતી હોવાથી દૈનિક કાર્યો પર તેની અસર પડતી હતી.પરિણામે સમગ્ર પરિવાર ડીસ્ટર્બ થતો હતો. જે હવે સર્જરી થઇ જતાં બધું સામાન્ય થઇ ગયું હોવાથી સમગ્ર પરિવાર સંતોષ સાથે આનંદની લાગણી અનુભવી રહ્યો હોવાનું તેઓ કહે છે.

આમ, આર્થ્રોસ્કોપી સર્જરીમાં એક નાના છીદ્ર દ્વારા સમગ્ર પરિવારની તકલીફ કેવી રીતે દુર થઈ તે જોતાં હવે આ સર્જરી કેવી રીતે થાય છે..? તે સમજીએ.

ઘુંટણની આર્થ્રોસ્કોપી પ્રક્રિયા કેવી હોય છે ?

ડોક્ટર દર્દીને આ સર્જરી પહેલાં એનેસ્થેસિયા આપે છે. પણ તે ફક્ત કમરની નીચેના ભાગમાં અથવા સામાન્યરીત એટલેકે સંપુર્ણ સુવાડીને પણ હોઈ શકે છે. મોટા ભાગે દર્દી જાગૃત અવસ્થામાં હોય છે અને તે ડોક્ટર સાથે સર્જરી દરમ્યાન વાતચીત પણ કરતા હોય છે. શરૂઆતમાં ડોક્ટર બટન જેવા એક નાના છીદ્ર દ્વારા દર્દીના ઘુંટણની અંદર આર્થોસ્કોપ દાખલ કરે છે. જેનાથી ડોક્ટર સામે રાખેલા ટીવીસ્ક્રીનમાં ઘુંટણની અંદરની સ્થિતિ જોઈ તેનું નિદાન કરે છે. અને જરૂરી લાગે તો આ નાના છીદ્રમાં નાના સાધનો નાખી સારવાર પણ કરે છે અને પછી તેને ટાંકા લઈ બંધ કરી દે છે.

આર્થ્રોસ્કોપીની જરૂર કેમ પડે છે..?

કોઈ પણ વ્યક્તિને ઘુંટણમાં તકલીફ-પીડા ઉદભવે ત્યારે ડોક્ટર આર્થ્રોસ્કોપી કરવાની સલાહ આપે છે. ડોક્ટરને દર્દીના દર્દ અંગે જાણકારી હોય જ છે પણ તેના નિદાન માટે તેઓ આર્થ્રોસ્કોપીની મદદ લેતા હોય છે. આર્થ્રોસ્કોપી એ ડોક્ટર માટે ઘુંટણની પીડાનું કારણ જાણવા અને તેની સારવાર માટે ઉપયોગી એક રીત છે. આર્થ્રોસ્કોપી શસ્ત્રક્રિયા ઘુંટણની કેવી ઈજાઓનું નિદાન કરી શકે છે. તે જોઈએ તો ૧) ઘુંટણમાં શરૂઆતના ઘસારાનું નિદાન થઈ શકે છે. ૨) ઘુટણમાં આવેલા બે લીગામેન્ટ તુટી ગયા હોય તેની સારવાર થઈ શકે છે. ૩) ઘુંટણની ગાદી ફાટી જાય તેવા કિસ્સામાં આ ટ્રીટમેન્ટ સચોટરીતે કારગર સાબિત થાય છે. ૪) ઘુંટણની ઢાંકણી ખસી ગઈ હોય અને ૫) ઘુંટણના હાડકામાં ફેક્ચર થયું હોય તેવા કેસમાં આર્થ્રોસ્કોપી મદદરૂપ બને છે.

આર્થ્રોસ્કોપી પછી રીકવરી ક્યારે આવે છે...?

કોઈપણ શસ્ત્રક્રિયા સાથે કેટલાંક જોખમો પણ રહેલા હોય છે. આ મુજબ આર્થ્રોસ્કોપીમાં જોખમો ઘણા ઓછા હોવાથી તે બહુ ઓછી નુકશાનકારક હોય છે. મોટા ભાગના દર્દીઓને આ સારવારમાં લગભગ એક કલાક કરતાં પણ ઓછો સમય લાગતો હોય છે. અને તેની રીકવરી પણ બહુ જલ્દી આવતી હોવાથી દર્દીને સર્જરી કર્યાના દિવસે કે બીજા દિવસે રજા આપી દેવામાં આવે છે. સોજો આવે તેવા અમુક કિસ્સાઓમાં આઈસ પેક (બરફ) મુકવાની સલાહ આપવામાં આવે છે. અહી સાવધાની માત્ર એકા'દ- બે દિવસ રાખવાની હોય છે. આ પછી ડોક્ટરની મુલાકાત લઈ સર્જરી કરવામાં આવી તે છીદ્રમાં ઈન્ફેકશન (ચેપ) કે અન્ય કઈ તકલીફ છે કે નહિ તેની ડ્રેસિંગ સાથે ચોક્કસાઈ કર્યા પછી ડોક્ટર દર્દીને એક્સસાઈઝ (કસરત) કરવાની સલાહ આપતા હોય છે. આમ કરવાથી રી-કવરી ઝડપથી આવે છે અને સ્નાયુઓ પણ મજબુત બને છે.

સર્જરીની સફળતાના માપદંડ ડોક્ટરની કાબેલિયત અને તેમની પાસે ઉપલબ્ધ સાધનો - ઉપકરણો અને મશીનરીની ગુણવત્તા પર આધારિત હોય છે. આર્થ્રોસ્કોપી એ નાની સર્જરી પ્રક્રિયા છે. પણ તેમાં ઉચ્ચ ટેકનીક પ્રણાલીની જરૂર પડતી હોય છે. વેલકેર હોસ્પીટલમાં અમારી ટીમ વિશ્વના શ્રેષ્ઠ ઉપકરણોથી ઉંચો સકસેસરેટ મેળવવામાં સફળ રહી છે અને તેનો લાભ અમારા દર્દીઓને મળે છે.

- ડો. ક્ષિતિજ મોદી
(ની એક્સપર્ટ - આર્થ્રોસ્કોપી સર્જન)

ઋણાનુબંધ જેવું જરૂર કંઈક છે!



એક વયોવૃદ્ધ સંબંધી મળવા આવ્યા. અમેરિકાના ન્યૂજર્સીમાં એમના બે પુત્રો રહે છે. અત્યંત ઉમંગ અને ઉત્સાહ સાથે ગૃહસ્થ અમેરિકા ગયા હતા. પત્ની પણ સાથે હતી. ત્રણેક મહિના ત્યાં રહીને એ અમદાવાદ પાછા ફર્યા હતા. ચહેરો નિસ્તેજ હતો. મેં પ્રશ્ન કર્યો : 'અમેરિકાની સફર કેવી રહી? નવી દુનિયા જોવાની મજા પડી હશે. વર્ષો પછી બંને પુત્રો સાથે આટલો સમય રહ્યાનો આનંદ થયો જ હશે.'

ગૃહસ્થે ફિક્કું હસીને કહ્યું : 'ગયાં તો ખરા પણ એક અઠવાડિયામાં જ ભરાઈ પડ્યાં હોઈએ એવું લાગ્યું. મારી - મારાં પત્નીની નજર સામે ઊછરતા જોયેલા બંને પુત્રો એકદમ બદલાઈ ગયેલા - જાણે તદ્દન અજાણ્યા લાગ્યા. અમે એમનાં માતાપિતા ના હોત તો અમે તેમની એ ઠંડી વર્તણૂક, ઉપર ઉપરનો લુખ્ખો વિવેક અને નરદમ ઉદાસીનતા સાંખી જ શક્યાં ના હોત. મારાં શ્રીમતીને એટલું અપમાન અને ભારોભાર એટલી જ ઉપેક્ષાને કારણે અસહ્ય આઘાતની લાગણી થઈ. પત્નીએ મને કહ્યું : 'એક પણ વધુ દિવસ આપણે અહીં રોકાવું નથી. પાછાં ચાલો.'

ગૃહસ્થે કહ્યું : 'પછી તો દિવસો બહુ જ લાંબા લાગ્યા. ટ્રેન કે વિમાન પકડવાની રાહ જોતા હતાશ પ્રવાસીઓ જેવી અમારી દશા થઈ. મારી પત્નીની સ્થિતિ તો ઘરમાં લગભગ નોકરાણી જેવી થઈ ગઈ. વધુ કાંઈ કહેવા જેવું નથી. તમે પ્રશ્ન કર્યો અને હૈયું વરાળ કાઢી બેઠું. અહીંતહીં ઓળખીતાઓનાં જે ઘર અમે ગણ્યાં ત્યાં પણ માબાપોની સ્થિતિ કંઈ બહુ સારી તો નહોતી, પણ મેં જોયું કે માબાપો ગમે તેટલાં દાઝેલાં હોય તોય કઈ જીભે શું બોલે? લગભગ બધા જ મીઠી આત્મવંચના કરીને પોતાનાં પુત્ર અને પુત્રવધૂની વાહવાહ કરતાં હતાં. પુત્રોનાં માબાપ કરતાં પુત્રીઓનાં માબાપની સ્થિતિ ઘણી જ સારી હતી તે પણ જોવા મળ્યું.

'બસ, હવે તો અમેરિકાનો નકશો વીંટી જ દીધો છે અને હા, અહીં અમદાવાદમાં અમારા ઘરની દીવાલ પર પુત્ર અને પુત્રવધૂની જે મોટી મોટી તસવીરો હતી અને રોજ સવારે જેમને દેવદેવી ગણીને મનોમન માન આપતાં હતાં તે તસવીરો દીવાલ પરથી ઉતારી લીધી છે અને ટ્રંકમાં મૂકી દીધી છે! માબાપ છીએ એટલે કહીશું કે ભગવાન એમને ખૂબ સુખી રાખે, શક્ય હોય તો થોડી સદ્‌બુદ્ધિ આપે.'

only books magazine

ગૃહસ્થનો કંઠ રૂંધાઈ ગયો.

મેં કહ્યું : 'તમારી લાગણી સમજાય છે, પણ બનવા જોગ છે કે એમને કાંઈક મજબૂરી હશે એટલે આપણા જ પોતાનાં સંતાનોને માફ તો કરવા પડે અને હૃદયમાં વધુ પડતી કડવાશ પેદા ના થાય તે જોવું પડે!'

ગૃહસ્થે કડવું હસીને કહ્યું : 'સાચી વાત છે. મારા દીકરા પરદેશ ના હોત અને મેં જે જોયું અને સહન કર્યું તે જોવું-સહેવું પડ્યું ના હોત તો હું પણ તમારા જેવી જ સલાહ કોઈને પણ આપત. માફ કરજો.'

એ તો ચાલ્યા ગયા.

પુત્રોને તેમની ઊજળી કારકિર્દી માટે અને સાથે સાથે પૌત્ર-પૌત્રીના ઉજ્જવળ ભવિષ્ય માટે અમેરિકા મોકલનારાં માતાપિતા સાથે અવારનવાર મળવાનું થાય છે. સૌ પોતપોતાની રીતે પરિસ્થિતિનું મૂલ્યાંકન કરે છે, પણ એક વાત જોવા મળી કે ઘણાબધાં માતાપિતાની વાતમાં એવો સૂર સંભળાતો હતો કે અમેરિકાના વશીકરણને તાબે ના થયા હોત તો શું બગડી ગયું હોત!

પિતા-પુત્રના સંબંધો વિશે વિચાર કરતાં કોઈ કોઈ વાર એવું લાગે છે કે કોઈ પુત્ર પિતાથી બહુ દૂર જાય, પરદેશ જાય એટલે જ સ્નેહનો એક અતૂટ સંબંધ છિન્નભિન્ન થઈ જાય છે એમ માનવું બરાબર નથી. જે પુત્રો બ્રિટન કે અમેરિકા કે અન્ય કોઈ દેશમાં ગયા નથી અને માતાપિતાની સાથે કે અલગ એક જ શહેરમાં રહે છે તેમનાં વર્તન અને વ્યવહાર વિશે માબાપને કશું ફરિયાદ કરવા જેવું હોતું જ નથી તેમ માનવું પણ બરોબર નથી. આ રહસ્યની ચાવી કદાચ ઋણાનુબંધમાં જ નથી પડી? ભારતના એક વારના ગવર્નર જનરલ, ચિંતક-લેખક- રાજપુરુષ સ્વ. રાજાજીએ વર્ષો પહેલાં એક અંગ્રેજી સાપ્તાહિક માટે એક સત્યઘટના લખી હતી. મદ્રાસના એક પોલીસ-અમલદારનો એકનો એક પુત્ર પિતાને માટે પીડારૂપ - સમસ્યારૂપ બન્યો હતો. સ્વ. રાજાજીએ લખ્યું છે કે એ અધિકારી ત્યાંના એક જ્યોતિષી પાસે ગયા. સ્વ. રાજાજીના મતે એ ખ્યાતનામ જ્યોતિષીએ પોલીસ અમલદારને પ્રશ્ન કર્યો : 'વર્ષો પહેલાં તમે તમારી ફરજના ભાગરૂપે કોઈ યુવાન ડાકુને સામી છાતીએ ગોળી મારી તેનું મોત નિપજાવ્યું હતું?'

પોલીસ-અધિકારીએ 'હા' પાડી. જ્યોતિષીએ કહ્યું : 'એ જ જીવ વેરનો બદલો લેવા તમારે ઘેર આવ્યો છે.'

આવા કિસ્સામાં તથ્ય તારવવું મુશ્કેલ છે, પણ સ્વીકારવું પડે કે ઋણાનુબંધ જેવું - લેણદેણ જેવું કંઈક જરૂર છે.

ભૂપત વડોદરિયા

(લેખકના પુસ્તકમાંથી)

RAJANI®
GROUP
Since : 1975

The wholesome pack of Rajani that keeps your home *clean & safe!*

only books magazine

RAJANI GROUP Since : 1975
EXTRA POWER Plus+
WHITE PHENYL
RAJANI GROUP Since : 1975
EXTRA POWER Plus
TOILET CL
Kills Germs
Removes Tough Stains
Refreshing Fragrance
RAJANI GROUP Since : 1975
EXTRA POWER Plus
POWER OF LEMON
DISH WASH LIQUID
RAJANI GROUP Since : 1975
White
DETER
White
DETERGENT BAR
Rs.5/-
RAJANI
DISH WASH BAR
Rs.10/-
RAJANI GROUP Since : 1975
EXTRA POWER Plus+
DETERGENT POWDER
Super Wash

☎ **+91-98256 07989**
🌐 **www.rajanigroup.in**

Shop Now On
amazon
Flipkart

Follow Us

તમારા માટે, તમારી સાથે, સતત...

અભિયાન

૦૭ ઓગસ્ટ **૨૦૨૧**
વર્ષ: ૩૭ અંક: ૦૮ સળંગ અંક: ૧૮૪૩

પથદર્શક: સ્વ. ભૂપત વડોદરિયા

તંત્રી : તરુણ દત્તાણી
(પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર)

કોપી એડિટર : હેતલ ભટ્ટ
મુંબઈ : લતિકા સુમન
અમદાવાદ : હેતલ રાવ
ભુજ : સુચિતા બોઘાણી કનર

ક્રિએટિવ ડાયરેક્ટર : મૌનક ચાવડા

રજિસ્ટર્ડ ઓફિસ : સમભાવ હાઉસ,
ચીફ જસ્ટિસ બંગલોની સામે, બોડકદેવ,
અમદાવાદ-૩૮૦ ૦૧૫
ફોન : ૨૬૮૭ ૩૯૧૪, ૨૬૮૭ ૩૯૧૬, ૨૬૮૭ ૩૯૧૭
ફેક્સ : ૨૬૮૭ ૩૯૨૨

મુંબઈ કાર્યાલય : સમભાવ મીડિયા લિમિટેડ,
૭૧૪, એ વિંગ, ક્રિસ્ટલ પ્લાઝા, ઈનફિનિટી મોલ સામે,
ન્યુ લીંક રોડ, અંધેરી (વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૫૩

વાચકોના પ્રતિભાવ :
abhiyaan@sambhaav.com

વેબસાઈટ :
www.abhiyaanmagazine.com

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ૧૨૭૫/-
Foreign Subscription : Rs. 6375 (Air Mail)
અભિયાનનો દરેક અંક **પોસ્ટમાં** ઈસ્યુ તારીખ પ્રમાણે મોકલવામાં આવે છે.

સર્ક્યુલેશન :
૦૭૯ ૨૬૮૭૩૯૧૪-૧૫-૧૬, ૦૨૨ ૨૮૬૭૮૭૬૯
circulation@sambhaav.com

Marketing
Mumbai : Ph. : 022-67995316
Ahmedabad : Ph : 079-2687 3914/16/17
Delhi : Ph : 011 - 2371 8171
marketing@sambhaav.com

મુદ્રક અને પ્રકાશક વિજય પરીખે
સમભાવ મીડિયા લિમિટેડ વતી હાઇસ્કેન પ્રા.લિ.,
હાઇસ્કેન એસ્ટેટ, સરખેજ-બાવળા હાઇવે, ચાંગોદર,
અમદાવાદ-૩૮૨ ૨૧૩, ખાતે છાપ્યું અને અભિયાન હાઉસ,
૪ એ/બી, ગવર્નમેન્ટ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, ચારકોપ,
કાંદિવલી (વેસ્ટ), મુંબઇ - ૬૭ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

સમભાવ ગ્રૂપ

અનુક્રમ

૨૨

પોર્નો/ઇરોટિક ફિલ્મોએ રાજ-શિલ્પાની બાયોગ્રાફી બગાડી

મુંબઈમાં મલાડની પશ્ચિમે આવેલા મઢ ટાપુ પર અને તેની આસપાસ કેટલીક ફિલ્મી હસ્તીઓ અને શ્રીમંતોના બંગલાઓ છે. અમુક લોકો શૂટિંગ માટે બંગલાઓ ભાડે આપે છે. તેમાં કાયદેસરની સિરિયલોથી માંડીને ગેરકાયદેસરની પોર્ન ફિલ્મો શૂટ થાય છે. કેટલાક લોકોની અશ્લીલ ફિલ્મોના નિર્માણ સંબંધમાં પોલીસે ગયા ફેબ્રુઆરીમાં ધરપકડ કરી હતી. ત્યાર બાદ તપાસ થઈ, તેની લિન્ક રાજકુંદરા સુધી પહોંચી.

૧૮ ભાવનગર વિક્ટોરિયા પાર્કથી અલંગ શિપ બ્રેકિંગ યાર્ડ

૩૧ જીવનમાં ગુરુનું મહત્ત્વ સમજાવી રહ્યા છે ગુરુદેવ

૩૬ કચ્છના માધાપરમાં થઈ રહી છે ગટરના પાણીથી ખેતી

૧૨ જમશેદજી ટાટા : ઉદ્યોગ અને દાનવૃત્તિનો સંગમ

૨૦ ગુજરાતની ગાંઠિયા નગરી ભાવનગર

૧૪ ભાવનગરનું નજરાણુ ઐતિહાસિક આલ્ફ્રેડ હાઈસ્કૂલ

નિયમિત કોલમ

૦૪ પંચામૃત
૪૧ વિઝા
૪૨ ભાવિ
૪૩ નવલિકા

only books magazine

કર્ણાટકમાં ભાજપે હજુ ઘણી કસોટી પાર કરવી પડશે

કર્ણાટકના મુખ્યપ્રધાપદેથી બી.એસ. યેદિયુરપ્પાનું રાજીનામું એ વાતનો સંકેત છે કે ભાજપમાં પણ ભીતરમાં બધું બરાબર નથી. રાજનીતિમાં નેતાઓ બોલે એ જ યથાર્થ હોતું નથી. યેદિયુરપ્પાએ રાજીખુશીથી રાજીનામું આપ્યું નથી. તેમનું રાજીનામું લઈ લેવામાં આવ્યું છે. દેખીતું કારણ એ છે યેદિયુરપ્પા ૭૮ વર્ષ પાર કરી ગયા છે અને ભાજપે પક્ષના નેતાઓ માટે શાસનમાં પદ માટે ૭૫ વર્ષની મર્યાદા નક્કી કરેલી છે. વયમર્યાદા વટાવી જવા છતાં તેમને મુખ્યપ્રધાન બનાવાયા એ સામે પક્ષમાં ગણગણાટ થતો રહેતો હતો. કલરાજ મિશ્રા, નઝમા હેપતુલ્લા જેવા નેતાઓને વયમર્યાદાને કારણે જ રાજભવનોમાં મોકલી દેવાયા છે. યેદિયુરપ્પાને ૭૬ વર્ષે કર્ણાટકના મુખ્યપ્રધાન બનાવાયા તો તેમાં ભાજપની મજબૂરી હતી. આ મજબૂરીનો હવે ધરાર અંત આણવામાં આવ્યો છે. યેદિયુરપ્પાની વિદાય નિશ્ચિત હતી છતાં ભાજપ મોવડીમંડળ સમયસર તેમનો વિકલ્પ પસંદ કરી શક્યું નથી. યેદિયુરપ્પાના રાજીનામા પછી નવા નેતાની પસંદગીમાં જેટલા દિવસ પસાર થાય એ ભાજપના મોવડીમંડળની કસોટી કરનારા છે. યેદિયુરપ્પાના વિકલ્પ તરીકે ચાર-પાંચ નામો વિચારણામાં હોય તો પણ એકની પસંદગી કરવામાં જોખમ તો રહેવાનું જ છે. કર્ણાટક ભાજપ પહેલેથી જ જૂથબંધીથી પીડાય છે. યેદિયુરપ્પાની કાર્યશૈલી સામે પક્ષમાં જ રોષ પ્રવર્તતો હતો. યેદિયુરપ્પાની અગ્રતા પોતાના પુત્રને નેતા તરીકે પ્રસ્થાપિત કરવાની છે. અત્યાર સુધી તેમના પુત્ર સુપર મુખ્યપ્રધાન તરીકે વર્તતા હતા એવા આક્ષેપો થતા રહ્યા છે. યેદિયુરપ્પાએ પોતાના વિકલ્પ રૂપે કોને મુખ્યપ્રધાન બનાવવા એને વિશે કોઈ સ્પષ્ટતા કરી નથી. મોવડીમંડળ એવી અપેક્ષા રાખે છે કે નવા મુખ્યપ્રધાનને યેદિયુરપ્પાનું સમર્થન અને સહકાર મળી રહે. આવી અપેક્ષા બહુ ફળીભૂત થવાની શક્યતા નથી, સિવાય કે નવા મુખ્યપ્રધાન તેમની પસંદગીના હોય. મુદત પહેલાં જ પદ છોડવાનો રંજ યેદિયુરપ્પાના આંસુમાં છલકાતો હતો. રાજીનામા પછી તેમણે કરેલાં વિધાનો બહુ સૂચક છે. તેમણે સક્રિય રાજકારણમાંથી નિવૃત્તિ લેવાનો ઈનકાર કર્યો છે અને કોઈ રાજ્યના રાજ્યપાલ બનવાની ઑફર સ્વીકારશે નહીં એ પણ સ્પષ્ટ કર્યું છે. આ બંને વાતના સૂચિતાર્થો મોવડીમંડળ પણ બરાબર સમજતું હશે. નવા મુખ્યપ્રધાન અને નવી રાજ્ય સરકારને તેઓ સતત દબાણ હેઠળ રાખવાની ક્ષમતા ધરાવે છે. પક્ષના સક્ષમ નેતાઓને ધરાર નિવૃત્ત કરવાની પક્ષની નીતિ સામે અવાજ ઊઠતા રહ્યા છે. કર્ણાટકના રાજ્યપાલ પદેથી મુક્ત થઈને આવેલા ગુજરાત ભાજપના વરિષ્ઠ અગ્રણી વજુભાઈ વાળાએ પણ રાજકોટમાં એવું કહ્યું છે કે તેઓ સક્રિય રાજકારણમાંથી નિવૃત્ત થયા નથી. આવું કહેનારા નેતાઓની મહત્તાને પક્ષના નેતાઓ સમજતા જ હશે. કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણી વીસ મહિના પછી આવવાની છે, પણ એ પહેલાં જ ભાજપે ઘણી કસોટીઓમાંથી પસાર થવું પડશે. ■

પેગાસસ મામલે પલાયનની નીતિ લાંબો સમય નહીં ચાલે

ઈઝરાયલી સોફ્ટવેર પેગાસસ દ્વારા ભારતમાં જાસૂસીના મામલે ઊહાપોહને કારણે એક સપ્તાહથી વધુ સમયથી સંસદની કાર્યવાહી ઠપ છે. સંસદનું ચોમાસુ સત્ર શરૂ થયું ત્યારથી જ આ સ્થિતિ છે. સંસદ સત્રના આરંભની પૂર્વ સંધ્યાએ જ ચમકેલા આ મીડિયા અહેવાલો અંગે સંસદમાં કેન્દ્રીય પ્રધાન અશ્વિની વૈષ્ણવે આ અહેવાલને નિરાધાર અને ભારતને બદનામ કરવાનું ષડ્યંત્ર જણાવી નકારી કાઢ્યા, પરંતુ વિપક્ષ સરકારના આવા ઉભડક અને અપૂર્ણ ખુલાસાથી સંતુષ્ટ ન થાય એ સ્વાભાવિક છે. પેગાસસ દ્વારા ભારતમાં જેમની જાસૂસી થયાની શંકા છે એવા ફોન નંબરની યાદી પ્રસિદ્ધ થયા પછી તેમાં અવનવા ફણગા ફૂટતા રહ્યા છે. પેગાસસ દ્વારા માત્ર ભારતમાં જ નહીં તો દુનિયાભરના દેશોમાં જાસૂસી થઈ રહી છે અને વિવિધ દેશોના આવા પચાસ હજાર મોબાઈલ નંબરો પ્રસિદ્ધ થયેલા છે જેમાં ભારતના ત્રણસો જેટલા નંબરો છે. તેને કારણે આ પ્રકરણની ચર્ચા વિશ્વભરમાં થઈ રહી છે, પરંતુ ફ્રાન્સને બાદ કરતાં હજુ કોઈ દેશે તેને વિશે કોઈ પ્રતિભાવ આપ્યા નથી. ફ્રાન્સની સરકારે આ બાબતે તપાસના આદેશ આપ્યા છે. પેગાસસ સોફ્ટવેર દ્વારા ટાર્ગેટ મોબાઈલ ફોનને હેક કરીને જાસૂસી થાય છે. હેક થયેલા ફોનની તમામ ચેટ, મેસેજ, તસવીરો હેક કરનાર મેળવી શકે છે. પેગાસસ બનાવનાર કંપનીએ કહ્યું છે કે આ મિલિટરી ગ્રેડ સોફ્ટવેર ટેક્નોલોજી તે માત્ર સરકારોને વેચે છે. કોઈને વ્યક્તિગત રીતે અપાતી નથી. આ ખુલાસા પછી સરકાર પરની શંકા વધુ દૃઢ બને છે, પરંતુ સોશિયલ મીડિયામાં એ વિશે તરેહવારની વિગતો પ્રસારિત થતી હોવા છતાં સરકાર તપાસનો ઈનકાર કરે છે તેમ તેને વિશે વિગતે ચર્ચાનો પણ ઈનકાર કરે છે. તેનો મતલબ એવો થાય કે આ પ્રકરણમાં કશું પણ કહેવા જતાં ફસાઈ જવાની ભીતિ સરકારને સતાવે છે, પરંતુ પ્રકારના સંવેદનશીલ મામલાથી સરકાર લાંબો સમય પલાયનવાદી નીતિ ચાલુ રાખી નહીં શકે, સરકારે તેનો સામનો કરવો જ પડશે. ■

only books magazine

મસ્ત ’ને મસ્ત કસરત વૉકિંગ

ધરા પર ગબડતા કે સરકતા કે ભટકતા જવું એ ચાલવું છે
શરીર, મન ’ને જનમ સુધારવા ફરતા આવવું એ ચાલવું છે

ચાલવું સૌ પ્રથમ એવી ક્રિયા હશે જે પહેલી વાર પૂર્ણ રીતે થાય ત્યારે બાળકનો તેમ જ માબાપનો અહંકાર વિશેષ સંતોષ પામતો હશે. બાળક માટે હસવું ’ને રડવું પ્રયત્ન વિના થતી સહજ ક્રિયા છે. ચાલવું સક્રિયતા માંગતી આદિમ ક્રિયા છે. લાખો વર્ષની ઉત્ક્રાંતિ બાદ સમૂહ સાથે ગુફામાં રહેતો આદિમાનવ ખૂબ ચાલતો હતો. કેટલાય આદિવાસીઓ આજે પણ ખૂબ ચાલે છે. પર્વતોમાં રહેતાં પગભર વ્યક્તિ કે દૂરના નાનકડા ગામમાં રહેતાં ગરીબ માણસ માટે ચાલવું એ રોજિંદી ક્રિયા છે. સામે પક્ષે સુખ, સફળતા ’ને શહેરની સગવડ ભરેલી સુંવાળી લાઈફ આદમીને આળસુ બનાવી દે છે. કોરોનાના કારણે હેલ્થ ’ને ફિટનેસ અંગે ખૂબ જાગૃતિ આવી છે. વધુ વજન ’ને કદ ધરાવતાં ઈન્સાન શરીર એવમ વજન ઘટાડવા થોડું કે વધારે મથી રહ્યા છે. એવામાં સમસ્ત વિશ્વમાં એક પૈસો વેસ્ટ કે ઈન્વેસ્ટ કર્યા વિના થતી વૉકિંગ નામની કસરત અત્યંત લોકપ્રિય બને એમાં કોઈ આશ્ચર્ય નથી. સવાલ એ છે કે ચાલવાથી એવો કે તેવો લાભ થાય છે ખરો?

કેટલા મીટર ચાલ્યા ’ને કેટલાં પગલાં ભર્યા એ ગણવા માટે સંખ્યાબંધ મોબાઈલ ઍપ્સ છે ’ને સંખ્યાબંધ મનુષ્યો રોજ એક કે બીજી ઍપ વાપરે છે. કેટલાય માનવીઓ કેવું વૉકિંગ કરવાથી કેટલી કૅલરી બળી એવો કે અન્ય ડેટા મેળવવા ખાસ પ્રકારની ઘડિયાળ પહેરે છે. ચાલવા માટે સ્પેશિયલ શૂઝ ’ને કપડાં પહેરનારા ઓછા નથી. કોરોનાના સમયમાં ઘરની બહાર ખુલ્લામાં ચાલવાની મર્યાદા હોય તો લોકો ધાબા, ગેલરી કે કમ્પાઉન્ડમાં ચાલતા રહ્યા છે. ટ્રેડમિલ વાપરનારાની સંખ્યા ઘણી વધી છે. એ સિવાય ઘરના કોઈ ઓરડામાં થોડીક જગ્યામાં ખૂબ ચાલીને શરીર નિચોવી નાખનારા પડ્યા છે. જમ્યા પછી ચાલનારા છે ’ને ઈવનિંગ કે મોર્નિંગમાં ચાલનારા છે. એકથી વધુ સમય પર ચાલનારા છે. નજીકમાં કશું ખરીદવા જવા માટે ઘણા ચાલવાનું પસંદ કરે છે. ચાલતી વખતે સંગીત કે સ્પિચ સાંભળનાર છે, ફોન પર વાતો કરનારા છે ’ને જાપ કે પાઠ કરનારા પણ છે.

દોડવું, નાચવું ’ને એરોબિક્સ પ્રકારની એક્સરસાઈઝ સારી ’ને કામની છે. છતાં ચાલવાની સામે એ બધી એક્સરસાઈઝ એક રીતે અલગ પડે છે. તમે સ્પીડમાં ચાલો ’ને ચાલતાં-ચાલતાં હાથ આમ-તેમ કરો તોય ચાલતી વખતે તમારું દિમાગ સારી રીતે કામ કરી શકે છે. તમારી નજર ’ને તમારું ધ્યાન તમારા કાબૂમાં રહે છે.

only books magazine

તમે અવલોકન ’ને ચિંતન કરી શકો છો. સપના જોઈ શકો છો. હાહાહીહી કરી શકો છો. વૉકિંગ સાથે તમે ફિલ્મ, સિરિયલ કે ન્યૂઝ થિંક ’ને ફિલ થાય એમ જોઈ શકો છો. જી, અસામાન્ય શરીર હોય કે ઉંમર નોંધપાત્ર રીતે ઓછી કે વધારે હોય એમની વાત અલગ છે. તાજેતરમાં થયેલા એક સંશોધનમાં તારણ આવ્યું છે કે ચાલવાથી અન્ય કસરતની સરખામણી મગજને ઘણો વધારે ફાયદો થાય છે. હવે વિજ્ઞાન જાણી શક્યું છે કે બાળપણ પછીની ઉંમરે પણ મગજમાં નવા કોષ જન્મી શકે છે ‘ને વિકાસ પામી શકે છે. વૉકિંગથી એ ક્રિયાને ખાસ્સો વેગ મળે છે. યાદશક્તિ મજબૂત થાય છે ’ને ભૂલવાની તકલીફ ઘટે છે.

પરંતુ, અપવાદ સિવાય મસ્તિષ્કની તંદુરસ્તી માટે ચાલવાની કસરત કરનારા ખાસ કોઈ નહીં હોય. ફ્રેશ ઍર ઈન્ટેક કરવા ’ને એક કે વધુ રીતે ફ્રેશ થવા ચાલનારા સિવાય શરીરને સુડોળ કરવા તેમ જ વેઈટ ઘટાડવા ચાલનારા પ્રમુખ છે. જાહેર સ્થળ પર ચાલનારાના ચહેરા જુઓ તો બહુમતી ચહેરાઓ હમણા જ સ્લિમ એન્ડ ટ્રિમ થઈ જઉં એવી મક્કમતા પ્રદર્શિત કરતાં હોય છે. ઘણા અન્ય કસરત એક યા બીજા કારણથી ના કરી શકતા હોવાથી ચાલવાનું પસંદ કરે છે તો ઘણા યોગાસન ’ને વેઈટ-લિફ્ટિંગ સાથે વૉકિંગ કરતાં હોય છે. અર્ધાથી વધુ કિસ્સામાં વૉકિંગનો કાર્ડિયો તરીકે યુઝ થાય છે. કાર્ડિયો એટલે કાર્ડિયોરેસ્પિરેટરી એક્ટિવિટી કે એક્સરસાઈઝ. એવી શારીરિક ક્રિયા જેમાં હૃદયનું ધબકવાનું વધવાની સાથે શ્વાસોચ્છ્વાસ ’ને રક્તના પરિભ્રમણ થકી કાર્યરત સ્નાયુઓને ઓક્સિજન મળે છે. ડાન્સિંગ ’ને એરોબિક એક્સરસાઈઝ મોડરેટ કાર્ડિયો કહેવાય. એ જ રીતે ઘણા લોકો વૉકિંગ પણ કાર્ડિયો તરીકે કામમાં લેતા હોય છે.

ઘણાનો અનુભવ છે કે લો ઈમ્પેક્ટ કાર્ડિયોરેસ્પિરેટરી એક્ટિવિટી વડે પણ હૃદય ’ને ફેફસાંનું સ્વાસ્થ્ય સુધારી શકાય છે. ઘણા લોકો જે રીતે ’ને જેટલું ચાલતા હોય છે એ એમના માટે સ્ટ્રોન્ગ ફિટનેસ પ્રોગ્રામ બની શકે છે, પરંતુ ડૉક્ટર મંજુનાથ સુકુમારન જણાવે છે કે ચાલવું

એ એક્સરસાઈઝ નથી કે ફુલ વર્કઆઉટ નથી. એમનું કહેવું છે કે ડાયાબિટીસ, બ્લડપ્રેશર ‘ને વેઈટ ગેઈન જેવી સમસ્યા દૂર કરવા માટે ચાલવા સિવાયની કાર્ડિયો એક્ટિવિટી કરવી જોઈએ. એનડ્યુરન્સ અર્થાત્ સહનશક્તિ કે ટકાવ, રેઝિસ્ટન્સ અર્થાત્ પ્રતિરોધકતા ’ને ફ્લેક્સિબિલિટી અર્થાત્ લવચિકતા જેવા ત્રણ મુખ્ય ભાગના સંદર્ભમાં વૉકિંગ અધૂરી કસરત છે. એ કહે છે કે જે લોકો જીવનમાં કસરત કરવાની શરૂઆત કરે છે કે જે કોઈ કસરત નથી કરતાં એમના માટે ચાલવું સારું છે. ડૉક્ટર ઉમેરે છે કે કેવળ ચાલ્યા કરવાથી સમય જતાં મસલ્સનો જથ્થો ઘટે છે ’ને એનર્જીનું સ્તર નીચે ઊતરે છે જેના કારણે ઉંમર વધુ દેખાય છે.

ડૉક્ટર સુકુમારન કહે છે કે તંદુરસ્તીના સંદર્ભમાં વૉકિંગના ઘણા લાભ છે. જ્યારે અન્ય કોઈ નિશ્ચિત કસરતના પ્રોગ્રામ સાથે વૉકિંગ કરવામાં આવે ત્યારે સ્નાયુ વધારવામાં, બ્લડ શુગર ઘટાડવામાં કામ લાગે ’ને એ સાથે એજિંગ પ્રોસેસ ધીમી પડે. બીજી બાજુ પોષણ ’ને સ્વાસ્થ્ય અંગેના વિશેષજ્ઞ કરિશ્મા ચાવલા કહે છે કે ત્રીસ મિનિટ ચાલો એટલે લાભ થાય. એમનું કહેવું છે કે રોજ અર્ધો કલાક નિયમિત ચાલવાથી કોલેસ્ટેરોલ પર પણ ફાયદાકારક અસર થાય ’ને મીઠી પેશાબનો રોગ પણ કાબૂમાં આવે. ચાલનારાએ પગલાંની સંખ્યા વધારવી જોઈએ ’ને એ સાથે ગતિ પણ વધારવી જોઈએ જેથી કાર્ડિયો એક્ટિવિટી કરવાથી થતાં લાભ મળે. એમ કરવાથી બ્લડપ્રેશર સમતોલનમાં આવી શકે છે. મનોભાર ઘટી શકે છે. મેટાબોલિઝમ રેટ ઊંચો જઈ શકે છે. ડૉક્ટર સમુદ્રિકા પાટિલ કહે છે કે, જે કોઈ કસરત હૃદયના ધબકારા વધારે છે એ એનડ્યુરન્સ અર્થાત્ સહનશક્તિ કે ટકાવ માટેની કસરત કહેવાય.

એક સંશોધનમાં તારણ આવ્યું છે કે ચાલવાથી અન્ય કસરતની સરખામણી મગજને ઘણો વધારે ફાયદો થાય છે. વૉકિંગથી એ ક્રિયાને ખાસ્સો વેગ મળે છે. યાદશક્તિ મજબૂત થાય છે

ચાલવાની કસરત કરો કે સિમ્પલ ચાલો તો કૅલરી બળે જ. વાસ્તવિકતા તો એ છે કે કોઈ પણ ક્રિયા મફતમાં નથી થતી, દરેક ક્રિયા કરવા કૅલરી ખર્ચવી પડે છે. શરીરનું કદ ’ને વજન ઘટાડવા માટે મહત્ત્વનો મુદ્દો એ છે કે જે-તે કસરત કરવાથી કેટલી કૅલરી બળે છે? તમારા વર્તમાન વેઈટ, હાઈટ ’ને સાઈઝ શું છે? તમારે કેટલું ઘટાડવું છે? બે માણસ રોજ જોડે સરખું ચાલે તેમ છતાં બંનેની કૅલરીના બર્નિંગની અસર પોતપોતાના શરીર પર જુદી હોઈ શકે છે. કેમ કે દરેકનો હાર્ટ-રેટ જુદો હોઈ શકે છે. તમે કેટલું ડિસ્ટન્સ કેટલા સમયમાં કવર કરો છો? તમે ચાલો છો એ ભૂમિ કે સપાટી કેવી છે? તમે ચાલતી વખતે પગ સિવાય શરીરના અન્ય ભાગનું હલનચલન કરો છો તો કેવું ’ને કેટલું કરો છો? ચાલતી વખતે જેટલું હાથનું હલનચલન થાય એટલો ફાયદો. એક પછી બીજો પગ સ્પીડમાં મૂકો તો ફાયદો. હાથમાં વજન ઊંચકો ’ને પગમાં વજન બાંધો તો ફાયદો. પીઠ પર વજન ઊંચકો તો ફાયદો. વાંકાચૂકા ’ને આગળ-પાછળ ચાલો તો ફાયદો. ઢાળ પર કે ઊંચીનીચી સરફેસ પર ચાલો તો ફાયદો.

તમે ક્યારે ચાલો છો? જો ખાલી પેટે હૃદયના ધબકારા વધે એમ ચાલો તો શરીર ઘટે

એવી કેલરી બળે એવા ચાન્સ ખરા. જમ્યા પછી હાર્ટરેટ ઊંચો જાય એમ ચાલો તો પાચન ક્રિયામાં અવરોધન થાય ’ને નુકસાન જાય એ સમજવું પડે. ચાલ્યા પહેલાં ’ને ચાલવાનું પતે એટલે થોડી વાર રહીને બરાબર પાણી પીવું. વચ્ચે બહુ પાણી પીવો તો શરીર ઉતારવાની ઈચ્છા ખાસ ના ફળે. જમ્યા બાદ ટહેલતા હોય એમ શાંતિથી એલિફન્ટ-વૉક કરવું જોઈએ. ચાલવાથી શુગર વપરાય એ લાભ થાય જ. સાંધાનો ઉપયોગ થાય એટલે સાંધાને લગતી સમસ્યામાં રાહત મળી શકે ’ને સમસ્યા ના હોય તો સાંધા વધુ તંદુરસ્ત થઈ શકે. ચાલવામાં વાયુનો વપરાશ થાય એટલે વાયુને લગતી સમસ્યા ઘટે અથવા નાબૂદ થાય. બરાબર ચાલવાથી શરીરનું તાપમાન વધે તેમ જ શ્વસનક્રિયા ગંભીરતાથી ચાલે એટલે સ્ફૂર્તિ આવે, મગજમાં આનંદ આપનારા કેમિકલ્સ રિલીઝ થાય ’ને સૌથી મહત્ત્વનો ફાયદો ઈમ્યુનિટી સિસ્ટમને બૂસ્ટ મળે એ થાય. ચાલવાની નિયમિત કસરત કરવાથી રોજિંદા જીવનમાં તાજગી ઉમેરાય ’ને પગને તાકાત સાથે આકર્ષક શેપ મળી શકે છે.

વૉકિંગ વડે ધીમી ગતિએ અથવા કન્ટ્રોલ્ડ પેસમાં શરીર ઊતરે છે તે મહદ્અંશે ફાયદાકારક છે. ઓછા સમયમાં વધુ શરીર ઉતારવાથી શરીર પર નકારાત્મક આડઅસર થઈ શકે છે. ચામડી લબડી જાય ’ને ભૂખ કે ખાવા પરનો કાબૂ જતો રહે એવું બને. ચાલવાથી શરીર ઘટે ત્યારે રેર કેસમાં જ નુકસાન જાય. ચાલવાની કસરત કરવામાં તમે કોઈ વિદ્યુતનો વપરાશ ના કરતાં હો તો તમારું ચાલવાનું અન્યને પરોક્ષ લાભ કરનારું થયું. પેટ્રોલ, ડીઝલ કે ગેસ બાળીને જે કામ કરતાં હો એ ચાલીને પૂર્ણ કરો તો તમે સત્કર્મ કર્યું એમ કહી શકાય. તડકો મળે એમ બહાર ચાલવાથી સૂર્યપ્રકાશ મળવાના એકસ્ટ્રા બેનિફિટ છે. ચાલવાનું કેવળ શરીર ઘટાડવા માટે જ હોય છે એવું નથી. જો ભૂખ ઓછી લાગતી હોય કે ખાવાનું ભાવતું ના હોય તો ચાલ્યા પછી ભૂખ લાગી શકે છે ’ને ના ભાવતું ખાવાનું પણ ગળે ઊતરી શકે છે. પાતળા માણસને સાંધા ’ને વાયુની વ્યાધિ થઈ શકે છે. પાતળા માણસને પણ ફેફસાં એવમ હૃદય મજબૂત કરવાની જરૂર હોય. પાતળા માણસને પણ તાજગી ’ને સ્ફૂર્તિ જોઈએ.

હાર્વર્ડ યુનિવર્સિટીના ઉત્ક્રાંતિ અંગેના વિજ્ઞાની ડેનિયલ લિબરમેન ચાલવા ’ને અન્ય કસરત અંગે વિશિષ્ટ મત રજૂ કરે છે. તેઓ જણાવે છે કે ઉત્ક્રાંતિ પામેલા આજના માનવી માટે મોટા ભાગની કસરત અકુદરતી છે. આપણે કસરત ના કરતાં હોય એવા માનવીઓને આળસુનું લેબલ મારીએ છીએ, પણ વાસ્તવમાં આપણે લાખો વર્ષની ઉત્ક્રાંતિ બાદ જે પામવા મથેલા એ જ એ લોકો કરી રહ્યા છે - બિનજરૂરી શારીરિક ક્રિયાઓથી દૂર રહેવું. એમનું કહેવું એ છે કે આ વાતનો અર્થ એ નથી કે તમે કસરત કરવાનું બંધ કરી દો, પરંતુ ચાલવું એ મૂળભૂત માનવીય ક્રિયા છે ’ને તેનાથી શરીરને જોઈએ એ કસરત મળી જાય છે એટલે એ કરો. યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયાના ન્યૂરોસાયન્ટિસ્ટ માઈકલ યેસા જણાવે છે કે એમણે એમના સ્ટાફના રૂટિનમાં ચાલવાનું ઉમેર્યું છે ’ને એ વૉકિંગ-મિટિંગ કરે છે જેથી દિમાગ વધુ તાકાતવર બને. અમેરિકન હાર્ટ એસોસિયેશન કહે છે કે ચાલવાથી હૃદયરોગ ’ને મૃત્યુની શક્યતા ઘટે છે.

શિકારની શોધ માટે આદિમાનવ લગભગ દસેક કિલોમીટર રોજનું સરેરાશ ચાલતો એવું સંશોધન કહે છે. ઘણા ડૉક્ટર્સ કહે છે કે રોજ કમ સે કમ અર્ધો કલાક ચાલવું એ સામાન્ય સંજોગોમાં ’ને ચાલીસી વટાવ્યા પછી પણ સારી કસરત છે. ચાલેલું અંતર માપવાનું યંત્ર પિડોમીટર કહેવાય છે. બહુમતી પિડોમીટર એવો આગ્રહ રાખે છે કે રોજના નિયમિત દસ હજાર સ્ટેપ્સ ચાલવું જોઈએ. આ દસ હજારના આંકડા પાછળ કોઈ વૈજ્ઞાનિક તારણ કે તથ્ય છે એવું નથી. કસરતના ઈતિહાસ પર કામ કરતાં ડેનિયલ લિબરમેન કહે છે કે જાપાનમાં વર્ષો પહેલાં એડવર્ટ બનેલી કે દસ હજાર સ્ટેપ્સ ચાલવું ત્યારથી આ આંકડો ચાલે છે. ૧૯૬૦માં દસ હજાર પગલાં ગણતું એક જાપાની મીટર બજારમાં આવેલું જેનું જાપાની નામ સાંભળવામાં ગમે એવું લાગતાં એમણે દસ હજાર પગલાં ફાઈનલ કરેલા. ‘એક્સરસાઈઝડ’ નામક પુસ્તકમાં તેઓ ઘણી કામની વાતો કરે છે. એ કહે છે કે બધાં માટે દસ હજાર પગલાં જેટલું ચાલવું જરૂરી નથી.

કોરોના આવ્યો એ પહેલાં ૨૦૧૯માં થયેલા એક સ્ટડીમાં બહાર આવેલું કે ચાલવાના ચાર વર્ષ દરમિયાન દરરોજ ૪૪૦૦ સ્ટેપ્સ ચાલનારના મૃત્યુ પામવાના ચાન્સ રોજના ૨૭૦૦ સ્ટેપ્સ કે ઓછું ચાલનાર કરતાં ઓછા હતા. ૨૦૨૦માં થયેલા સ્ટડીમાં તારણ આવ્યું કે આઠથી બાર હજાર પગલાં રોજ ચાલે તેમનું જીવન રોજના ચાર હજાર પગલાં ચાલનાર કરતાં વધુ સુરક્ષિત હોય છે. આવા એક કરતાં વધુ અભ્યાસ સાબિત કરે છે કે જેટલું વધુ ચાલો એટલું સારું. એવું રિસર્ચ પણ થયેલું કે દરરોજ ૩૫૦૦ સ્ટેપ્સ ચાલે તેના કરતાં ૧૦૦૦૦ સ્ટેપ્સ ચાલે એમનું શરીર વધારે ઊતરે છે, પરંતુ હર્મન પોન્ટઝર નામના ઉત્ક્રાંતિના વિશેષજ્ઞ એવા જીવશાસ્ત્રી કશું અલગ માને છે. એ ગંભીરતાથી માને છે કે શરીર જે કોઈ વધારાની કેલરી બાળે છે એ પછીથી એક કે બીજી રીતે શરીરમાં ઉમેરીને સરભર કરી જ દે છે. આજે તમે વધુ કેલરી બાળશો તો એ પછી આજે નહીં તો કાલે નહીં તો પરમ દિવસે તમે વધુ ખાઈ લેશો.

સો હરીફરીને મામલો ખાવા પર આવે છે કે અટકે છે. સાધારણ જનમાનસ દ્રઢતાથી માને છે કે ભૂખે ભજન ના હોય ગોપાલા ’ને માણસ પાપી પેટ માટે આખો દિવસ વૈતરું કરે છે. ચાલવા સામે ખાવાનું બેલેન્સ ના જાળવો તો ચાલવાનો મતલબ ના રહે કે પછી ચાલવાથી નુકસાન પણ જઈ શકે છે. ખરો મુદ્દો એ છે કે કોણે કેટલું ’ને કેવું ચાલવાની જરૂર છે? કોણે ચાલવા સાથે અન્ય કસરત કરવાની જરૂર છે?

જે વ્યક્તિનું શરીર ઘણુ ખાવા છતાં પાતળું જ રહેતું હોય એ બહુ ચાલે તો કદાચ યોગ્ય નથી. જે વ્યક્તિની ઉંમર પચાસ કે વધારે છે ’ને જે વ્યક્તિ ચાલવા સિવાય અન્ય કોઈ ખાસ કસરત નથી કરી શકતી એમ એવી વ્યક્તિઓ રોજ ચાલે એ સારું છે. ઈન્ટરનેટ પર તમે શોધ ચલાવશો તો જાણી શકશો કે કેટલાંય લોકો વૉકિંગથી ફિટ રહે છે ’ને શરીર ઘટાડે છે. કેટલાય વીડિયો નેટ પર છે જે તમને કેવી રીતે ચાલવું એ અંગે ગાઈડ કરે છે ’ને કોચ કરે છે. વિશ્વની ઘણી સંસ્કૃતિમાં ચાલવાની ક્રિયા તહેવાર એવમ યાત્રા સાથે સંકળાયેલી છે. ભારતીય જ્યોતિષ ચાલીને થતી યાત્રાને કારણે અમુક ફાયદો થાય તેમ માને છે.

એક નાગરિક તેમ જ મતદાર જ્યારે પોતાની તબિયત અંગે એક્સ્ટ્રા એફર્ટ કરે છે ત્યારે સમગ્ર સમાજ ’ને દેશને લાભ થાય છે એ આપણે સૌએ સમજવાનો સમય થઈ ગયો છે. સરકાર ચાલવાની કસરતને ઉત્તેજન આપવા વિશેષ પગલાં ભરે કે ના ભરે, આપણે સમજવાની જરૂર છે કે વૉકિંગની રેગ્યુલર એક્સરસાઈઝ કરનાર વ્યક્તિ સરકારના કે અન્ય હેલ્થ અંગેના રિસોર્સ વાપરે એ શક્યતા ઘટે છે. સામાન્ય રીતે કળિયુગના સંસારમાં સરકારી સવલત ઓછી વાપરે કે ના વાપરે એમને સ્પેશિયલ પ્રોફિટ કે માર્ક્સ આપવાનો રિવાજ નથી. સંભવ છે કે ભવિષ્યમાં સરકાર ચાલવાની કસરતને પ્રોત્સાહન આપવા સીધા ’ને આડકતરા એમ બંને પ્રકારનાં પગલાં લે. સ્કૂલમાં ચાલવાની કસરતથી થતાં લાભ અંગે એક પાઠ ભણાવવાથી શરૂ કરીને સિનિયર સિટીઝન્સ માટે વૉકિંગ શૂઝ પર ડિસ્કાઉન્ટની યોજના જેવું ઘણુ વિચારી શકાય. કોઈ માંદું પડે ત્યારે જ મીડિયાએ, લોકોએ ’ને સરકારે શું કરવું જોઈએ એ વિચારવા સાથે આપણે સૌ ચાલવા જેવી સરળ, સારી ’ને સસ્તી કસરત કરીને નીરોગી રહીએ એ માટે જાહેર પ્રયત્ન થવા જ જોઈએ.

બુઝારો

તમને જ્યાં સુધી શૂઝ ના મળે ત્યાં સુધી સ્લિપર્સ પહેરીને ચાલતાં રહો.

– સીસિલિઅન કહેવત ■

Tue 2/18
13,082
STEPS
478 CAL
5.6 MILES
120 MIN
9 FLOORS
SUN
MON
TUE
WED
THU
FRI
SAT

ભાવેણાનું નજરાણું
શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા
KSHB

આંખોની દ્રષ્ટિ ગુમાવી શાળામાં રડતો આવતો વિદ્યાર્થી શિક્ષણ અને તાલીમથી પરિપક્વ થઇ હસતો જાય છે. પ્રવેશ મેળવનાર પ્રત્યેક વિદ્યાર્થી પગભર થઇ પોતાના પરિવારનું ભરણપોષણ કરી ગૌરવરૂપ જીવન જીવે છે. અહીં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રહેવા–જમવાની સગવડ સાથે વિનામૂલ્યે ધો.૧૨ સુધીનું શિક્ષણ, કેન નાયલોન એન્ડ કોચર વર્ક, ઈલેક્ટ્રિક મોટર રીવાઈન્ડીંગ અને કમ્પ્યુટર જેવા એકવર્ષીય સર્ટિફિકેટ કોર્સ ચાલે છે. આ ઉપરાંત પ્રારંભિક થી શરૂ કરી વિશારદ સુધીનું સંગીતનું શિક્ષણ, પ્રજ્ઞાચક્ષુ બહેનોને હોમ સાયન્સની તાલીમ તેમજ વિદ્યાર્થીઓને સ્વાવલંબી બનાવવા નાનામોટા ગૃહઉદ્યોગો શીખવવામાં આવે છે. જેવા કે મીણબત્તી, અગરબતી, પેપરબેગ, પેપરડીશ, રાખડી , ગરબા, વિવિધ પ્રકારના કીચેઇન અને ગૃહ સુશોભનને લગતી વસ્તુઓ તૈયાર કરવાની તાલીમ આપવામાં આવે છે.
આવી પ્રવૃતિઓને કોઈપણ વ્યક્તિ આર્થિક યોગદાન નીચેની વિગતે કરી અમારા કર્મયજ્ઞમાં જોડાઈ શકે છે.

એક ટંકનું મિષ્ટાન ભોજન રૂ.૧૦,૦૦૦
એક ટંકનું સાદું ભોજન રૂ.૫,૦૦૦
નાસ્તો રૂ.૨૫૦૦
એક બાળકની વાર્ષિક સ્પોન્સરશીપ રૂ.૧૧,૦૦૦
એક બાળકની સહ અભ્યાસક વાર્ષિક સ્પોન્સરશીપ રૂ.૫૧૦૦

વધુ માહિતી માટે સંપર્ક કરો : લાભુભાઈ ટી. સોનાણી (જનરલ સેક્રેટરી)
મો. : ૯૩૭૬૬૮૮૫૮૪ / વ્હોટસ એપ : ૯૩૭૬૬ ૮૮૫૮૪

Facebook : Labhubhai T. Sonani
Youtube : Labhubhai T. Sonani
Website : www.kkblindschool.org, www.ltsonani.com
Email : kkbsbhavnagar@gmail.com, Ltsonani@gmail.com

Bank Account Details :
A/C Name : Shri K.K.School & Home For The Blind
A/C No. : 67750100009456
IFSC Code : BARB0VJBHAV
Bank Name : Bank Of Baroda, Takhteshwar Branch, Bhavnagar

જમશેદજી ટાટા : ઉદ્યોગ અને દાનવૃત્તિનો સંગમ



વિશ્વ આજે એ બિંદુ પર આવી ચૂક્યું છે, જ્યાંથી ભૂતકાળમાં ચિંતકો અને વાર્તાલેખકોએ કરેલી કેટલીક કલ્પનાઓ ધીમે ધીમે હકીકતમાં પલટાવાની શરૂ થઈ ગઈ છે. વિવિધ પ્રકારનું ઉત્પાદન કરતી ફેક્ટરીઓમાં કારીગરોનું વિસ્થાપન મશીનો અને અન્ય પ્રકારની ટૅક્નોલોજી કરી દેશે, એ વાસ્તવિકતા હવે વિશાળ થતી જાય છે. સોફિયા જેવા એક રૉબોટને સાઉદી અરેબિયા નાગરિકતા બક્ષે છે, એ જોતાં શક્ય છે કે આવનારા સમયમાં મશીનો અને હ્યુમનોઇડ પ્રકારના રૉબોટોના હક માટેની કોઈ નવી શાખા વિસ્તરે. આવામાં આજે કોઈ મજૂરોના હકની વાત કરે તો ઘણાને આઉટડેટેડ પણ લાગી શકે.

થોડાક દિવસ પહેલાં ભારતના અણમોલ રતન સમા જમશેદજી ટાટા સમાચારમાં છવાયેલા રહ્યા હતા. રુપર્ટ હૂગવર્ફ સ્થાપિત હુરુન રિપોર્ટમાં જમશેદજી વિશ્વના પ્રથમ ક્રમાંકના દાનેશ્વરી જાહેર થયેલા. એ સાથે જ એક મહત્ત્વની વિગત પણ સોશિયલ મીડિયા પર ચમકેલી. એ વાત હતી જમશેદજીએ કારીગરોના હિત અને કલ્યાણ માટે ઘડેલી નીતિઓ બાબતની. દિવસમાં કામના આઠ કલાકો નક્કી કરવાથી લઈને એમને નિઃશુલ્ક મેડિકલ સુવિધાઓ છેક ૧૯૨૦ના દશકામાં ઉપલબ્ધ કરાવેલી. આજે વિશ્વ માનવ અધિકારો પ્રત્યે ઘણુ જાગૃત થયું છે અને વર્ક ઍન્વાયરન્મૅન્ટ વિશે સજાગતા વધી છે, પરંતુ જમશેદજીએ આજથી છેક એક સદી પહેલાં કાર્યસ્થળે સારા હવાઉજાસની વ્યવસ્થાનું ધ્યાન રાખેલું, બાળકો ધરાવતી માતાઓ માટે શિશુગૃહની વ્યવસ્થા કરાવેલી, શુદ્ધ પાણી અને કચરાના નિકાલ માટે આયોજન કરેલું, દવાખાનું સ્થાપેલું અને કામદારોનાં બાળકોને પ્રાથમિક શિક્ષણ મળે એ માટે શાળા પણ શરૂ કરાવેલી. એ ઉપરાંત એમણે કામદારોને

उद्योग सख्य
गृहस्थ मनुष्य
सौम्य ईश्वर
प्रातःकाळ

નિવૃત્તિ લાભ અપાવેલા, ૧૮૮૬માં પેન્શન ફંડ અને ૧૮૯૫માં અકસ્માત થાય તો મળતા લાભ માટેની જોગવાઈ પણ કરેલી. આ બધું જ્યારે જમશેદજીએ ભારતમાં અજમાવ્યું, ત્યારે કામદારોનું હિત સમજવાની દૃષ્ટિ પશ્ચિમમાં હજુ પૂરેપૂરી ખીલી પણ ન હતી.

જમશેદજીની વેપાર કરવાની સૂઝ અને પ્રયુક્તિઓ પોતાના સમય કરતાં ઘણી એડવાન્સ લેખાય છે. ફક્ત નફા અને વિકાસ પર જ એમનું ધ્યાન કેન્દ્રિત ન હતું, પણ આ બંને લક્ષ્યો સાધવામાં જેટલા પણ લોકો ભાગીદાર હતા, એ દરેકનું હિત, સુખ, સ્વાસ્થ્ય વગેરે જળવાય એ જોવાની જવાબદારી એમણે સ્વેચ્છાએ પોતાના ખભે ઉપાડેલી. આ કામ એટલું પણ સરળ ન હતું. જે સમયે એમણે ધંધામાં પ્રથમ પગલું માંડેલું, ત્યારે અંગ્રેજોની સરકારે લગભગ સમગ્ર ભારત પર પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે આધિપત્ય સ્થાપી દીધેલું. એનાથી ભારતીય સમાજમાં ઘણા સુધારાઓ અવશ્ય આવેલા, પણ એકંદરે તો વિદેશી તાકાતના હાથ નીચે દેશ શોષાઈ જ રહેલો. એવા દુષ્કર વાતાવરણમાં કેટલીયે અડચણો, અસહકાર અને સતાવણીનો સામનો કરીને એમણે દેશની ઔદ્યોગિક કરોડરજ્જુ મજબૂત કરવાના હેતુથી ઉદ્યમ આરંભેલો.

જાપાનના અભ્યાસુ હારુઓ ફુનાબાશી જમશેદજીના બિઝનેસ મૉડેલની વિશિષ્ટતા બે શબ્દોમાં વ્યાખ્યાયિત કરે છે : કમ્યુનિટી કેપિટલિઝમ અર્થાત્ સહિયારો મૂડીવાદ. આ પ્રકારનો મૂડીવાદ ફક્ત ધનનો ઢગલો કરવા પર કેન્દ્રિત નથી, પણ એ સહકાર અને બંધુત્વની ભાવનાને કેન્દ્રમાં રાખીને સંપત્તિનું સર્જન કરવામાં ભાગીદાર થતાં લોકોને વિશેષ મહત્ત્વ આપે છે અને આનું પરિણામ એ આવે છે કે સુખી-સંપન્ન લોકો સંપત્તિના સર્જન અને ધંધાના વિકાસમાં પ્રેમથી ફાળો આપે છે, નહીં કે નોકરી કરતા હોવાની ફરજના દબાણમાં. જમશેદજીના વેપારી આદર્શો પ્રમાણે ધંધાથી માણસ અને પૂરા સમાજને લાભ થવો જોઈએ. ધંધો કરનારાએ ખુદની એકલાની સંપત્તિ વધારવા પાછળ નથી ભાગવાનું. જમશેદજી આ સંદર્ભમાં કહે છે, ‘સ્વતંત્ર ઉદ્યોગમાં સમાજ ફક્ત એક સ્ટેકહોલ્ડર નથી હોતો, પરંતુ ખરેખર તો સમાજ જ સ્વતંત્ર ઉદ્યોગના અસ્તિત્વનો ઉદ્દેશ છે.’

ઉદ્યોગ ક્ષેત્રે જમશેદજીના સર્વસમાવેશી અભિગમ વિશે હારુઓ ફુનાબાશી આગળ લખે છે : ‘બજારની શક્તિઓને જ્યારે નિરંકુશ રીતે કાર્ય કરવાની મંજૂરી આપવામાં આવે છે ત્યારે તે સમર્થ હોય એને વળતર કે બક્ષિસ આપી, નિર્બળ હોય એને સજા આપી, તથા અમીર અને ગરીબ વચ્ચેની ખાઈ મોટી કરીને સમુદાયને ઈજા પહોંચાડવાનું વલણ ધરાવે છે. આપણી જાતને બહારની શક્તિઓની દયા પર છોડવાને બદલે, એનાં કાર્યોને લગતી મર્યાદાઓ ધ્યાનમાં રાખીને આપણા ફાયદા માટે એનો કેવી રીતે ઉપયોગ કરવો એ આપણી સામે પડકાર છે. આ વિચાર ‘ટાટા સિદ્ધાંતો’ના મૂળમાં છે.’

હારુઓ ફુનાબાશી આજના ઉદ્યોગપતિઓ જે વિશાળ ચિત્ર જોવાની ક્ષમતા ખોઈ બેઠા છે, એની પણ વાત કરે છે. તેઓ કોઈ પણ કંપનીના દીર્ઘાયુષ્ય માટેના મુદ્દાઓ નોંધે છે. (૧) સ્પષ્ટ સિદ્ધાંતો, દૂરદૃષ્ટિ અને ધ્યેય કે લક્ષ્યની ભાવના. (૨) લાંબે સુધીનું ફોકસ. (૩)માનવતાવાદી, મનુષ્યને પ્રાથમિકતા આપતું સંચાલન. (૪) ગ્રાહકને પ્રાથમિકતા આપવાનું નિર્ધારણ. (૫) સામાજિક ચેતના. (૬) સ્થાપિત પ્રણાલિકાઓમાં સતત સારા ફેરફાર અને આંતરિક માળખાનું નવનિર્માણ. (૭) સાધનસંપત્તિની કરકસર. (૮) આ એકથી સાત મુદ્દાઓને ધ્યાનમાં રાખીને સંગઠનને લગતું આવું કલ્ચર ઊભું કરવાનો સતત પ્રયાસ. જે પણ કંપનીઓ આ આઠ મુદ્દાઓ પર ધ્યાન આપે છે, એ યંત્ર જેમ કાર્ય કરતું, આત્મા વિનાનું માળખું નથી હોતું, પરંતુ એ કંપનીઓ એવા ઉપવન જેવી હોય છે, જેમાં દરેક ઘટક તત્ત્વો એકબીજા સાથે જોડાઈને એક સશક્ત ઈકોસિસ્ટમનું નિર્માણ કરતા હોય. હારુઓ ફુનાબાશી આ આઠ મુદ્દાઓ અને જમશેદજીએ સ્થાપેલા ટાટા એમ્પાયરના સિદ્ધાંતો વચ્ચે ઘણી સમાનતા જુએ છે.

‘ડેલોઈટ મિલેનિયલ’ના એક અભ્યાસથી જાણવા મળ્યું છે કે જે કંપનીઓ સામાજિક મુદ્દાઓ અને સારા કાર્યમાં ભાગીદાર હોય, એ કંપની એની સાથે જોડાયેલા લોકોને પોતાના કાર્ય કે યોગદાન માટે એક ઉમદા હેતુ પૂરો પાડે છે. એનાથી તેમને લાગે છે કે તેઓ સમાજમાં અને અન્ય લોકોના જીવનમાં કશુંક પરિવર્તન લાવવામાં ફૂલની પાંખડી સમાન ફાળો આપી રહ્યા છે. આવો હકારાત્મક અભિગમ કંપનીનું સ્વાસ્થ્ય સુધારે છે અને લાંબા ગાળે માનવીય મૂલ્યોમાં માનતાં સંગઠન તરીકેની ઓળખ મજબૂત કરે છે. આજનો યુગ ઝડપથી આવતા બદલાવનો યુગ છે અને કોર્પોરેટ ક્ષેત્ર પણ એમાંથી બાકાત નથી. આ પ્રકારની કાર્યનીતિ ધીમે-ધીમે કોર્પોરેટ ક્ષેત્ર અપનાવવાનું શરૂ કરે એ સંસારની સુખાકારી માટે ઘણુ ઈચ્છનીય છે.

ઉદ્યોગ અને દાનવૃત્તિ, બંનેને અલગ બાબતો તરીકે જોવાની વ્યાપક રીતે સ્વીકૃત ધારણાનો ભંગ કરીને વિશ્વમાં કેટલીયે કંપનીઓએ અલગ ચીલો ચાતર્યો છે. ટાટાનો ઉલ્લેખ એવી કંપનીઓમાં હંમેશાં મોખરે રહ્યો છે. જમશેદજીએ જે મૂલ્યોનું સ્થાપન કરેલું, એમાં કંપનીના પાયામાં રહેલા દરેક માણસને સમાન મહત્ત્વ મળે, એમના યોગદાનની કદર થાય એવો પ્રયાસ કરાયેલો. કોઈ પણ નાના કે મોટા ઉદ્યોગનો એકંદરે સમાજ પર જ પ્રભાવ પડતો હોય છે. એ પ્રભાવ પણ હકારાત્મક અને રચનાત્મક હોય તો લાંબા ગાળે ફાયદો જે-તે ઉદ્યોગને મળે જ.

કૉફી-સ્ક્રિપ્ટ :

કોઈ પણ ભૌતિક પ્રકારની સફળતા કે સિદ્ધિ ત્યાં સુધી મૂલ્ય ધરાવતી નથી, જ્યાં સુધી એ વાજબી તથા પ્રામાણિક રીતે ન મેળવાઈ હોય અને રાષ્ટ્ર તથા એના નાગરિકોની આવશ્યકતાઓ અને હિતને પોષણ ન આપતી હોય. - જમશેદજી ટાટા ■

ભાવનગર સ્પેશિયલ ■ જિજ્ઞેશ ઠક્કર

ભાવનગરનું નજરાણું

ઐતિહાસિક આલ્ફ્રેડ હાઈસ્કૂલ @ 150



વર્ષ ૧૮૭૨ની ૮મી જુલાઈએ આલ્ફ્રેડ હાઈસ્કૂલની સ્થાપના કરવામાં આવી. સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ હાઈસ્કૂલ રાજકોટમાં અને બીજી હાઈસ્કૂલ ભાવનગરમાં શરૂ થઈ હતી. બ્રિટિશ સામ્રાજ્યના મહારાણી વિક્ટોરિયાના બીજા પુત્ર આલ્ફ્રેડ અર્નેસ્ટ, ડ્યુક ઓફ એડિનબરો એ વખતે હિન્દની યાત્રાએ આવેલ હોવાથી એની યાદમાં બંને શાળાના નામ ‘આલ્ફ્રેડ’ પસંદ કરવામાં આવ્યા હતા.

તેના વિદ્યાર્થીઓની તો વાત જ શી કરવી! માત્ર વિહંગાવલોકન કરીએ તો ૧૮૯૩માં શિકાગોમાં સર્વ ધર્મ પરિષદમાં ભારતીય સંસ્કૃતિનો ઝંડો ઊંચો રાખનાર વીરચંદ રાઘવજી ગાંધી, દલિત વર્ગના બાપા તરીકેનું બિરુદ મેળવનાર અમૃતલાલ ઠક્કર, સુપ્રીમ કોર્ટના પ્રથમ જસ્ટિસ હરિલાલ કણિયા, ગુજરાતના બીજા મુખ્યમંત્રી બળવંત મહેતા, કાઠિયાવાડમાં નૂતન કેળવણીના મંડાણ કરનાર ગુરુ ત્રિપુટી નાનાભાઈ ભટ્ટ, હરભાઈ ત્રિવેદી અને ગિજુભાઈ બધેકા, કલાકાર રવિશંકર રાવળ, કવિઓ નાથાલાલ દવે, પ્રહલાદ પારેખ, મુકુંદ પારાશર્ય, કિસ્મત કુરેશી, સાહિત્યકારો કૃષ્ણલાલ ઝવેરી, રામનારાયણ પાઠક, દિનકર જોષી, કેળવણીકાર તખ્તસિંહજી પરમાર સહિતનાનો સમાવેશ થાય છે.

ભારતમાં અંગ્રેજી શિક્ષણનો પ્રારંભ લૉર્ડ વિલિયમ બેન્ટિકના સમયમાં શરૂ થયો. સર ચાર્લ્સ વુડના ખરીતા અનુસાર આ શિક્ષણને વ્યાપક બનાવવાની રીતિ-નીતિ ઘડી કાઢવામાં આવી. પરિણામે દેશમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સંસ્થાઓ ઉઘડવા લાગી. ભાવનગર રાજ્યમાં માધ્યમિક શિક્ષણની જરૂરિયાત ઊભી થતાં તે વખતના મહારાજા જસવંતસિંહજીએ માધ્યમિક શાળા શરૂ કરવા માટે ઉદાર સખાવત કરી, પરંતુ નાની વયે તેમનો સ્વર્ગવાસ થતાં પ્રાતઃ સ્મરણીય મહારાજા તખ્તસિંહજી ગોહિલની સગીર અવસ્થામાં તેમના વતી સુપ્રસિદ્ધ દીવાન ગૌરીશંકર ઓઝા અને અંગ્રેજ વહીવટકાર મિ. પર્સિવલના સંયુક્ત વહીવટ હેઠળ ૧૮૭૨ની ૮મી જુલાઈએ આલ્ફ્રેડ હાઈસ્કૂલની સ્થાપના કરવામાં આવી. સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ હાઈસ્કૂલ રાજકોટમાં અને બીજી હાઈસ્કૂલ ભાવનગરમાં શરૂ થઈ હતી. બ્રિટિશ સામ્રાજ્યનાં મહારાણી વિક્ટોરિયાના બીજા પુત્ર આલ્ફ્રેડ અર્નેસ્ટ, ડ્યુક ઓફ એડિનબરો એ વખતે હિન્દની યાત્રાએ આવેલ હોવાથી એની યાદમાં બંને શાળાના નામ ‘આલ્ફ્રેડ’ પસંદ કરવામાં આવ્યા હતા.

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીમાં આ ઐતિહાસિક શાળા વિષય ઉપર પીએચ.ડી. કરનાર ડૉ. નીલાબહેન જોષી જણાવે છે કે, ‘શરૂઆતમાં શાળા મોતીબાગ મહેલમાં બેસતી. ત્યાર બાદ શાળાનું પોતાનું મકાન ૧૮૭૮માં તૈયાર થયું. મહેલ સમી ભાસતી આ શાળાને બનાવવામાં એ વખતે દોઢ લાખનો ખર્ચ થયો. મેજર મન્ટે તેની ડિઝાઈન તૈયાર કરી હતી અને મિ. સિમ્સે તેનું સુપરવિઝન કર્યું હતું. શાળાનું મકાન રાજપૂત - મોઘલાઈ સ્થાપત્યનું બેનમૂન ઉદાહરણ છે.’

આલ્ફ્રેડ હાઈસ્કૂલની આઝાદી પહેલાં દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં અને આઝાદી બાદ દેશના સમાજ જીવનમાં અમૂલ્ય હિસ્સેદારી રહી છે. ૧૮૯૩માં શિકાગોમાં સર્વ ધર્મ પરિષદમાં ભારતીય સંસ્કૃતિનો ઝંડો ઊંચો રાખનાર વીરચંદ રાઘવજી ગાંધી, દલિત વર્ગના બાપા તરીકેનું બિરુદ મેળવનાર અમૃતલાલ ઠક્કર, સુપ્રીમ કોર્ટના પ્રથમ જસ્ટિસ હરિલાલ કણિયા, ગુજરાતના બીજા મુખ્યમંત્રી બળવંત મહેતા, કાઠિયાવાડમાં નૂતન કેળવણીના મંડાણ કરનાર ગુરુ ત્રિપુટી નાનાભાઈ ભટ્ટ, હરભાઈ ત્રિવેદી અને ગિજુભાઈ બધેકા, કલાકાર રવિશંકર રાવળ, કવિઓ નાથાલાલ દવે, પ્રહલાદ પારેખ, મુકુંદ પારાશર્ય, કિસ્મત કુરેશી, સાહિત્યકારો કૃષ્ણલાલ ઝવેરી, રામનારાયણ પાઠક, દિનકર જોષી, કેળવણીકાર તખ્તસિંહજી પરમાર, ચિત્રકારો સોમાલાલ શાહ, ખોડીદાસ પરમાર, રાજકીય અગ્રણી જગુભાઈ પરીખ, જાદવજી મોદી, પ્રતાપભાઈ શાહ, હાસ્ય કલાકાર શાહબુદ્દીન રાઠોડ વગેરે આ શાળાના વિદ્યાર્થી રહી ચૂક્યા છે.

હાલ આ શાળાનો વહીવટ ભાવનગરનું પ્રતિષ્ઠિત ટ્રસ્ટ ભાવનગર કેળવણી મંડળ સંભાળે છે. અત્યારે આ શાળા શાંતિલાલ શાહ હાઈસ્કૂલને નામે ઓળખાય છે. છતાં લોકો એને ‘આલ્ફ્રેડ’ તરીકે ઓળખવાનું જ વધારે પસંદ કરે છે. સમાજના નિમ્ન આર્થિક સામાજિક વર્ગમાંથી આવતાં બાળકો માટે આ શાળા શિક્ષણનું સરનામું બની છે. ૧૫૦ વર્ષ જૂની આ વટવૃક્ષ સમી શાળા આજે માગે છે, માત્ર સમાજનો થોડો સથવારો અને સધિયારો, કારણ કે આ શાળા હજુ યુગો સુધી શિક્ષણના ઓજસ પાથરવા આતુર છે. ■

सत्यमेव जयते

Pride of Gujarat...

BRAHMKSHATRIYA
BNB
NARSHIDAS BAVABHAI
ESTD-1920

...ભાવનગરના પ્રખ્યાત ...

सत्यमेव जयते
...ભાવનગરના પ્રખ્યાત...
બ્રહ્મક્ષત્રીય
નરશીદાસ બાવાભાઈ
ESTD-1920
મેંથી ગાંઠીયા
હાથ વણાટનાં મરીમસાલાથી ભરપુર સ્વાદિષ્ટ... ગાંઠીયા
તીખા ગાંઠીયા
BNB

ગાંઠીયા તથા નમકીન

હાથ વણાટ ના મરી-મસાલા ગાંઠીયા, મેથી-મરી ગાંઠીયા,
ભાવનગરી ગાંઠીયા, મિક્સ ચવાણું તેમજ
દરેક પ્રકારના પેંડા, ફેન્સી માવા સ્વીટ, ડ્રાયફ્રુટ સ્વીટ, કાજુ સ્વીટ

SOHAM-9913455999

બ્રહ્મક્ષત્રીય
નરશીદાસ બાવાભાઈ

/Narshidas_Bavabhai /narshidas_bavabhai nilesh_7447@yahoo.co.in

KHARGATE
Khargate Chowk,
Bhavnagar.
M. 9377887676
9327417828

MADHAV DARSHAN
22, Madhav Darshan,
Waghawadi Road, Bhavnagar
Ph. 0278-2221126
M. 9327417828

SHASTRINAGAR
3, Ratna Plaza, Shatrinagar,
Bhavnagar.
Ph. 0278-2427265
M. 9377100049

જિજ્ઞેશ ઠક્કર

અમરગઢની ટીબી હૉસ્પિટલ આદર્શ કોરોના હૉસ્પિટલ બની શકે



આઇસોલેશન વોર્ડ સહિતની સુવિધાઓ ધરાવતું પુનર્વસન કેન્દ્ર વર્ષોથી પડતર પડ્યું છે

રાજકોટ ભાવનગર હાઈવે ઉપર આંબલા અને સોનગઢ ગામ વચ્ચે આવેલા અમરગઢ જીથરી ગામની ટીબી હૉસ્પિટલ અત્યારે સમગ્ર ગુજરાત રાજ્યની આદર્શ કોરોના હૉસ્પિટલ બની શકે તેવી સ્થિતિ છે. અહીં બનાવવામાં આવેલું પુનર્વસન કેન્દ્ર હાલ પડતર પડ્યું છે. અહીંની ખુલ્લી જમીન અને સૂકું હવામાન રોગીઓની સારવાર માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે. એટલા માટે જ ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજી દ્વારા અહીં રોગીઓની સારવાર કરવામાં આવતી હતી.

આઝાદી પહેલાંના સમયમાં સમગ્ર એશિયામાં અમરગઢ જીથરીની ટીબી હૉસ્પિટલ શ્રેષ્ઠ ગણાતી હતી. આ પુનર્વસન કેન્દ્રમાં દર્દીઓને આઈસોલેશન વૉર્ડ જેવી તમામ સુવિધાઓ મળતી હતી. જેવી રીતે અત્યારે કોરોનાની મહામારીમાં હજારો લોકોનાં મૃત્યુ થાય છે, એ જ રીતે ત્યારે ટીબીની મહામારી ફેલાઈ હતી. તેમાં દર્દીઓને બચાવવા માટે મહારાજા કૃષ્ણકુમારસિંહજી દ્વારા પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો અને શેઠ ખુશાલદાસ મહેતાએ દાન આપીને હૉસ્પિટલનું નિર્માણ કાર્ય કર્યું હતું. ઈન્ડિયન મેડિકલ એસોસિયેશનના પૂર્વ પ્રમુખ ડૉ. એમ.આર. કાનાણી કહે છે કે, અમરગઢની ટીબી હૉસ્પિટલ એક સમયે સમગ્ર રાજ્યમાં આદર્શ હતી. અત્યારે કથળેલી હાલત કહી શકાય તેવું છે. તેથી અમે અગાઉ પણ કલેક્ટર કક્ષાથી છેક રાજ્યકક્ષા સુધી વધુ સુવિધા સંપન્ન હૉસ્પિટલ બનાવવા રજૂઆત કરી ચૂક્યા છીએ. કોરોના માટે પણ શ્રેષ્ઠ હૉસ્પિટલ બની શકે તેમ છે.

અત્યારે આ જમીનની કિંમત કરોડો રૂપિયાની આંકવામાં આવે છે, પરિણામે સ્વાભાવિક રીતે જ વિવાદનું કેન્દ્ર હોય અને એટલા માટે પુનર્વસન કેન્દ્ર મૃતઃપ્રાય અવસ્થામાં વર્ષોથી પડ્યું છે. જો સરકારી ધોરણે અથવા કોઈ સંસ્થાઓ, આગેવાનો દ્વારા રસ લઈને કોવિડ કેર સેન્ટર બનાવવામાં આવે તો સમગ્ર ગુજરાત રાજ્ય માટે આદર્શ હૉસ્પિટલ બની શકે તેવી સ્થિતિ છે.

એવું કહેવાય છે કે અહીંની હવામાં જાદુ છે. જેવી રીતે ત્યારે ટીબીના દર્દીઓ માટે આદર્શ હૉસ્પિટલ અમરગઢ ખાતે બની હતી, તે રીતે જ કોરોના માટે શ્રેષ્ઠ સારવાર કેન્દ્ર બની શકે તેમ છે

આઈસોલેશન વૉર્ડ પ્રકારના રૂમ, હોસ્ટેલ, ફરતી બાઉન્ડ્રી, ખુલ્લી જમીન સહિતની તમામ સગવડતાઓ ઉપલબ્ધ છે. એવું કહેવાય છે કે અહીંની હવામાં જાદુ છે. જેવી રીતે ત્યારે સમગ્ર એશિયામાં ટીબીના દર્દીઓ માટે આદર્શ હૉસ્પિટલ જીથરી અમરગઢ ખાતે બની હતી, તે રીતે જ અત્યારે કોરોના માટે શ્રેષ્ઠ સારવારનું કેન્દ્ર અહીં બની શકે તેમ છે. તે સમયે ગુજરાત ઉપરાંત દેશ-વિદેશના દર્દીઓ પણ સારવાર લઈને પુનર્વસન કેન્દ્રમાંથી સાજા થઈ જતા હતા. મહારાજાએ કહેલું કે, અમારે જસ ન લેવાનો હોય. એક વાત એ પણ જાણવા જેવી છે કે તે સમયે ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજીને પૂછવામાં આવ્યું હતું કે, ટીબી હૉસ્પિટલ તૈયાર થઈ ગઈ છે, તો તેની તકતીમાં કોનું નામ રાખવામાં આવે? રાજવી પરિવારમાંથી કોઈનું નામ કે પૂર્વજો, શાસકોમાંથી કોઈનું નામ રાખવામાં આવે? ત્યારે તેમણે એવું જણાવ્યું હતું કે, દર્દીઓને બચાવવાની ફરજ અમારી રાજ્યની છે. માટે અમે આ ફરજના ભાગરૂપે કરીએ છીએ. તેમાં અમારે કોઈ જસ લેવાનો ન હોય, હૉસ્પિટલમાં જેમનું દાન છે, એ ખુશાલદાસ મહેતા એટલે કે.જે. મહેતા ટીબી હૉસ્પિટલ નામ રાખવામાં આવે. ■

અમે અગાઉ પણ કલેક્ટર કક્ષાથી છેક રાજ્યકક્ષા સુધી વધુ સુવિધા સંપન્ન હૉસ્પિટલ બનાવવા રજૂઆત કરી ચૂક્યા છીએ. કોરોના માટે પણ શ્રેષ્ઠ હૉસ્પિટલ બની શકે તેમ છે

ડો. એમ.આર. કાનાણી, પૂર્વ પ્રમુખ
ઇન્ડિયન મેડિકલ એસોસિયેશન

दिल से खाइये...,
दिल से खीलाइये.

Dil Bahar®
ICE CREAM

Dil Bahar
Classic Co
Dil Bahar
Magic Sunа
Dil Bahar
Almond Carnival
Dil Bahar
Almond Carnival

નવી વેરાઈટીઝ, નવી ફ્લેવર્સ સાથે, અપણા જ શહેરનો શુધ્ધ અને ફ્રેશ...

A QUALITY PRODUCTS FROM...

Mfd. & Mktd. by

DILBAHAR ICE CREAM & FOOD PRODUCTS PVT. LTD.

fssai
Lic. No. : 10712039000155

366/3, GIDC, Chitra, Bhavnagar-364 004, INDIA | E-mail : dilbaharicecream@gmail.com | Customer Care : 0278-2447747

SOHAM-9913455999

ભાવનગર સ્પેશિયલ ▪ જિજ્ઞેશ ઠક્કર

ભાવનગર વિક્ટોરિયા પાર્કથી અલંગ શિપ બ્રેકિંગ યાર્ડ

ભાવનગર પાસે શહેરની મધ્યમાં હોય તેવો જંગલ વિસ્તાર વિક્ટોરિયા પાર્ક છે. વિશ્વમાં મોટો ગણાતો વહાણ ભંગાવાનો શિપ બ્રેકિંગ યાર્ડ છે. ગાંઠિયા સમગ્ર દેશમાં જાણીતા છે. ૧૫૨ કિલોમીટર લાંબો સમુદ્ર કાંઠો મળ્યો હોવાથી મીઠા ઉદ્યોગ ફૂલ્યોફાલ્યો છે. ભાવનગર બંદર ઉપર સમગ્ર એશિયામાં વિશેષ ગણાતો લોકગેટ છે.

શિપ બ્રેકિંગ યાર્ડ

અલંગ શિપ બ્રેકિંગ યાર્ડથી ભાવનગરની ઓળખ સમગ્ર વિશ્વમાં છે. ૩૯ વર્ષથી અલંગમાં જહાજ તોડવાનો વ્યવસાય એશિયામાં સૌથી મોટા ધોરણે ચાલી રહ્યો છે. જેમાં પ્રત્યક્ષ અને પરોક્ષ દોઢ લાખ જેટલા માણસો નભે છે. દર વર્ષે ૧૫૦થી ૨૦૦ જેટલા શિપ અહીં તોડવા માટે લાવવામાં આવે છે. અલંગના કારણે રોલિંગ મિલ, ભંગારના ડેલા, જહાજમાંથી નીકળતી વસ્તુઓનું બજાર સહિતના એકમો ચાલી રહ્યા છે. ભાવનગર બહારથી આવનારા લોકોને અલંગની મુલાકાતનું આકર્ષણ હંમેશાં હોય છે.

મહારાજા કૃષ્ણકુમારસિંહજી

અંગ્રેજોના ભારતમાંથી નિગમન બાદ દેશી રજવાડાંઓને ભારત દેશમાં વિલીન કરવાની કામગીરી સરદાર વલ્લભભાઈ પટેલ દ્વારા શરૂ કરવામાં આવી ત્યારે સમગ્ર દેશમાં સૌ પ્રથમ ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ પોતાનું ભાવનગર રજવાડું ભારત માતાના ચરણોમાં ધરી દીધું હતું. તેઓ ૧૯૧૯થી ૧૯૪૮ દરમિયાન ભાવનગરના મહારાજા હતા અને સમગ્ર દેશમાં તેમના કારણે ભાવનગર જાણીતું બન્યું હતું. ત્યાર બાદ તેઓએ સૌ પ્રથમ ભારતીય ગવર્નર તરીકે મદ્રાસમાં ૧૯૪૮થી ૧૯૫૨ સુધી સેવા આપી હતી. તેઓ પ્રજાવત્સલ હતા. આજે પણ લોકો યાદ કરે છે.

વિક્ટોરિયા પાર્ક

ભાવનગર શહેરમાં વચ્ચે જંગલ આવેલું હોય તેવું ગુજરાતમાં અનોખું શહેર છે. શરીરમાં જે રીતે ફેફસાં ઓક્સિજન માટે મહત્ત્વ ધરાવે છે, તે રીતે વિક્ટોરિયા પાર્કનું જંગલ પણ ભાવનગર માટે ફેફસાં સમાન છે. સમગ્ર રાજ્યમાં આ પ્રકારની ભેટ કોઈ શહેરને મળેલી નથી. અહીં ૧૫૦થી વધારે ઔષધીય વૃક્ષો ઉપરાંત પશુ-પક્ષીઓની જૈવિક વિવિધતા પણ જોવા મળે છે. વિક્ટોરિયા પાર્કને વિકસાવીને તેને નેશનલ પાર્ક પણ બનાવી શકાય તેમ છે.

VICTORIA NATURE PARK
RESERVE FOREST

શિશુવિહાર

શિશુવિહાર એ ભાવનગરની જાણીતી સામાજિક સેવા સંસ્થા છે. તેના નામ પરથી જ ખ્યાલ આવે છે કે આ સંસ્થાના કેન્દ્રમાં શિશુ એટલે કે બાળકો છે. તેની શરૂઆત ભાવનગરના સેવાભાવી વડીલ માનભાઈ ભટ્ટ દ્વારા કરવામાં આવી હતી. અત્યારે સંસ્થા વિશે વાત કરતા નાનકભાઈ ભટ્ટ જણાવી રહ્યા છે કે, જરૂરિયાતમંદ બહેનોના ઉત્થાનના કાર્યક્રમો,ચશ્મા વિતરણ, સાઈકલ વિતરણ, સ્કાઉટ ગાઈડની પ્રવૃત્તિ, કવિઓના સંમેલન તજજ્ઞોનાં વક્તવ્યો, ડિઝાસ્ટર મૅનેજમૅન્ટની તાલીમો સહિતની અનેક પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. રજવાડાં સમયે બાળકો માટે મનગમતી અને રમતની પ્રવૃત્તિઓ ચાલતી રહે તેના માટે માનભાઈ ભટ્ટે વિશાળ જગ્યામાં તેની શરૂઆત કરી હતી.

બાર્ટન લાઇબ્રેરી

બાર્ટન પુસ્તકાલય
BARTON LIBRARY

ગુજરાતના ઐતિહાસિક ગ્રંથાલયોમાં જેની ગણના થાય છે એ બાર્ટન લાઈબ્રેરી ભાવનગર શહેરના દીવાનપરા રોડ ઉપર આવેલી છે. જે પૌરાણિક ભાવનગરની નજરાણા સમાન ઐતિહાસિક જગ્યા છે. ઈસવીસન ૧૮૮૨માં માત્ર ૫૦૦૦ પુસ્તકોથી તેની શરૂઆત થઈ હતી. હાલના ટ્રસ્ટીઓ રાજુભાઈ રાબડિયા, જયેશભાઈ દવેએ વાતચીતમાં જણાવ્યું કે, ૬૧૦૦૦ ગુજરાતી, અંગ્રેજી, હિન્દીનાં અલભ્ય પુસ્તકો અત્રે મોજૂદ છે. આગામી દિવસોમાં આ લાઈબ્રેરીને અત્યાધુનિક બનાવીને માત્ર ભાવનગર શહેરની નહીં, પરંતુ સમગ્ર રાજ્યમાં ઘરેણા સમાન બનાવવા માટે અમે કામગીરી હાથમાં લીધી છે. ■

‘‘માનો યા ન માનો’’– સીને મે ‘‘સુવર્ણ’’ ‘‘સુવર્ણ ભસ્મ’’ શરીરની અંદર... ‘‘કેન્સર’’ શરીરની બહાર

આયુર્વેદમાં કેન્સરને અર્બુદ રોગ તરીકે ‘‘માધવનિદાન’’ માં વર્ણન કરવામાં આવેલ છે. કેન્સર માટે આયુર્વેદમાં જે રસ-રસાયન-ભસ્મો વિગેરે વનૌષધિ, પ્રાણિજઔષધિ, રસ, ચૂર્ણો, ગુટિકા, યોગ, લેપ, અર્ક, તેલ, આસવ-અરિષ્ટ, અવલેહનું સલાહ-સારવારનું વર્ણન છે. તે આધુનિક વિજ્ઞાન પધ્ધતિ એલોપેથીનો તો ત્યાં વિચાર પણ પહોંચ્યો નથી. તો સારવાર તો દૂરની જ વાત રહી. દુનિયામાં આધુનિક વિજ્ઞાન પધ્ધતિમાં કેન્સરની સારવારમાં પ્રથમ ઓપરેશન કરવું ત્યારબાદ કિમોથેરાપી અથવા રેડીયેશન... પરંતુ કેન્સરને લઈને એક સૌથી મોટી ચોકાવનારી જાણકારી સામે આવી છે તે એ છે કે ‘‘કેન્સર કરતાં કેન્સરની સારવારથી વધારે દર્દીઓ મરી રહ્યાં છે.’’ કેન્સરનાં દર્દીઓનું મોતનું કારણ કેન્સરની વિલાયતી દવા જ છે. કેટલીક હોસ્પિટલોનું સર્વેક્ષણો કરતાં એ વાત બહાર આવી છે કે હોસ્પિટલમાં દર્દીઓને અપાતી કેન્સરની સારવારને કારણે ૫૦% દર્દીઓનાં મોત નીપજયા છે. આ રિસર્ચમાં કેન્સરનાં દર્દીઓને કિમોથેરાપીથી બચવાની સલાહ આપવામાં આવી છે. કારણ કે કિમોથેરાપીને કારણે કેન્સરનાં દર્દીઓનાં મોતનું પ્રમાણ વધ્યું હોવાનું આ રિસર્ચમાં બહાર આવ્યુ છે કારણ કે કિમોથેરાપી શરીરમાં ઝેરનું કામ કરે છે. આ કિમોથેરાપીથી કેન્સરગ્રસ્ત સેલનો નાશ કરવામાં આવે છે.પરંતુ કિમોથેરાપી કેન્સરગ્રસ્ત સેલ અને સારાસેલ વચ્ચેનો તફાવત પારખી શકતી નથી અને સારવાર દરમીયાન રિસર્ચરોએ જાણ્યું કે કિમોથેરાપી દર્દીના સારાસેલને પણ નાશ કરે છે આ કેન્સર એટલે કેન્સલ તેવું ગણાય છે. પરંતુ આયુર્વેદશાસ્ત્ર, શ્રીમદ્ ભાગવત ગીતા, કુરાન, બાઈબલ શાસ્ત્રનાં મતે દુનિયામાં એવો કોઈ જ રોગ ઈશ્વરે નથી બનાવ્યો કે જેની સારવાર આ વસુંધરા એટલે કે પૃથ્વીમાં ન હોય પરંતુ આજના આ કળયુગમાં સાચા સલાહ-સારવાર આપવાવાળા જ્ઞાની, આત્મજ્ઞાની ડોકટરો કે વૈદ્ય જુજ જ રહ્યાં છે.

ખરી હકીકતે સાચા વૈદ્ય ‘‘સર્વથી પ્રથમ રોગની અષ્ટવિધ નિદાન પધ્ધતિ દ્વારા રોગીના રોગની પરીક્ષા કરવી જોઈએ, ત્યાર પછી ઔષધિનાં ગુણ જાણવા જોઈએ, જયારે રોગ અને ઔષધિ બન્નેનું જ્ઞાન થાય, ત્યાર પછી જ વૈદ્યે પોતાની શુધ્ધ-બુધ્ધિ પૂર્વક પોતાના શરણે આવેલ રોગીની ચિકિત્સા કરવી જોઈએ એમ ‘‘મહર્ષિમાધવ’’ પોતાના નિદાન શાસ્ત્રમાં કહે છે.’’ પરંતુ અંગ્રેજોએ આપણા ભારત દેશના નાગરીકોનું એવું તે ‘‘બ્રેઈન વોશીંગ’’ કર્યું કે દેશી ખરાબ અને એલોપેથી ઉત્તમ અને તેનું ઓવર સિમ્પ્લિફીકેશન અને એલોપેથી વિજ્ઞાનીઓ દ્વારા અને ડોકટરો દ્વારા એલોપેથી વિજ્ઞાન ચિકીત્સા સિવાયની તમામ પધ્ધતીઓનો સમજયા વગરનો આંધળોજ વિરોધ કરવો. પરિણામે દર્દીઓનો વધતો આયુર્વેદમાં અવિશ્વાસના પરિણામે તથા પ્રકૃતિ સાથેની દગાબાજી આજના માણસને ભારે પડી રહી છે. જેનું પરિણામ વર્તમાન સમય સાબીતી રૂપ છે.

ભગવાન શ્રી કૃષ્ણ અર્જુનને ગીતામાં સમજાવતા કહે છે કે પ્રકૃતિના નાશથી માનવ કલ્યાણ કયારેય થઈ શકે જ નહિ. આ વાત ખુબ જ સમજવા જેવી છે.

‘‘ધર્મની રક્ષા કરો, ધર્મ તમારી રક્ષા કરશે.’’ તેમ ‘‘અગ્નિની રક્ષા કરો, અગ્નિ તમારી રક્ષા કરશે.’’ તથા ભગવાનશ્રી રામે જે ભરોસો તથા વિશ્વાસ લંકાના રાજવૈદ્ય સુષેણજી ઉપર રાખ્યો હતો અને વિશ્વાસ રાખતા કહ્યું હતું કે વૈદ્ય અને રોગીની વચ્ચે વિશ્વાસનો સંબંધ હોય છે. હું મારા ભાઈ લક્ષ્મણજીને દર્દીના રૂપે તમોને સોપું છું. મને તમારી ઉપર પુરેપુરો વિશ્વાસ છે પરિણામ જે આવે તે સારવાર કરો. આટલો વિશ્વાસ જયારે ભારત દેશના લોકોને અને દર્દીને જયારે આર્યુવેદ અને કુદરતી ઉપચાર ઉપર આવશે ત્યારે જ આપણા સૌ લોકોનું કલ્યાણ થશે. આમ જો દર્દીઓએ એવું સમજવું જ જોઈએ કે સુવર્ણ (સોનું) જમીન કે પાણીમાં સડતુ કે કાંટ લાગતો જ ન હોય તો તે કેન્સરનાં દર્દીને કેન્સર રૂપી ગાંઠ કે સ્પ્રેડ કેન્સર એટલે કે શરીરની માંસ પેસીને કેમ સડતી ન અટકાવી શકે ? વિચારવા જેવો મુદ્દો છે. - જય ધન્વંતરી

- રાજવૈદ્ય
જીતેન્દ્રભાઈ જાદવજીભાઈ પટેલ
ડો.જાદવજી’સ કેન્સર રીસર્ચ
ઈન્સ્ટીટયુટ & હેલ્થ કેરનાં વડા

" કેન્સર " ની ગાંઠ અથવા શરીર ના કોઈપણ અવયવ માં ફેલાઈ ગયેલ (SPREAD CANCER) અમે સારવાર કરીએ છીએ... જેને

આધુનિક વિજ્ઞાન દ્વારા ઓપરેશન થી દૂર કરવું શક્ય જ નથી...અમો શરીર ના કોઈપણ અવયવમાં ફેલાઈ ગયેલ (SPREAD CANCER) કે કેન્સર ની ગાંઠો દૂર કરીએ છીએ...

ઓપરેશન વગર...

‘‘ હેડ એન્ડ નેક કેન્સર ’’ (**HEAD & NECK CANCER**) મોઢાનું કેન્સર (લાંબા સમયથી મોનાં ચાંદા-ગાંઠ-છારી-આળું થઈ જવું-બળતરા-મોઢું આવી જવું-પેઢાનો ભાગ ઉપસી જવો) હોઠનું, સ્વરપેટીનું, થાઈરોઈડનું, જીભનું, ગળાનું, લાળગ્રંથીનું, નાક અને સાઈનસનું કેન્સર તથા મગજની ગાંઠ, મગજમાં પાણી ભરાવું, અંતઃસ્ત્રાવી ગ્રંથીનું વિગેરેનું કેન્સર.‘‘ સ્તન કેન્સર ’’ (**BREAST CANCER**), ‘‘ ફેફસાનું કેન્સર ’’ (**LUNG CANCER**) (લાંબા સમયની ખાંસી, છાતીમાં દુઃખાવો, ગળફામાં લોહી, શ્વાસમાં તકલીફ, અવાજમાં ફેરફાર, ભૂખ ન લાગવી, થાક લાગવો, વજન ઘટવું, પાણી ભરાવું-સુકાવું) ‘‘ પેટનું કેન્સર ’’ (**GASTROINTESTINAL CANCER**) (હોજરીનું, અન્નનળીનું, લિવરનું, સ્વાદુપિંડનું, પેટમાં પાણી ભરાવું, આંતરડાનું, મળાશયનું વિગેરે કેન્સર) ‘‘ ગાયનેક કેન્સર ’’ (**GYNEC CANCER**) (ગર્ભાશયનું, ગર્ભાશયનાં મુખનું, અંડાશયનું વિગેરે કેન્સર ‘‘ કિડની અને મૂત્રમાર્ગનું કેન્સર ’’ (**UROLOGIC CANCER**) (પ્રોસ્ટેટનું, મૂત્રાશયનું, કિડનીનું, વૃષણનું, લિંગનું કેન્સર ‘‘ હાડકાનું કેન્સર ’’ (**ORTHOPEDIC CANCER**) (હાડકાના સાંધા, સ્નાયુ, ચરબી, ચેતાઓના સારકોમાં તથા અન્ય કેન્સરનો હાડકામાં ફેલાવો - **BONY METASTASIS** ‘‘ ચામડીનું કેન્સર ’’ (**SKIN CANCER**) ‘‘ લોહીનું કેન્સર’’ (**BLOOD CANCER**) ‘‘ બાળકોમાં થતા કેન્સર ’’(**PEDIATRIC CANCER**) ‘‘ કેન્સર જીનેટિકસ ’’ (**CANCER GENETICS**) ‘‘ કેન્સરમાં પીડાશામક સારવાર ’’ (**PAIN & PALLIATIVE CARE IN CANCER**) ‘‘ કેન્સર અને ન્યુટ્રિશન ’’ (**CANCER & NUTRITION**) શરીરની અંદર કોઈપણ અવયવની ‘‘ગાંઠ’’ કે જે ‘‘કેન્સર’’ની ગાંઠ હોય અથવા શરીરમાં કોઈપણ અવયવમાં ફેલાઈ ગયેલું કેન્સર હોય તેવી કેન્સરની ગાંઠ કે જે ‘‘એલોપેથી (વિલાયતી)’’ માં નિષ્ણાંત ડોકટરો દ્વારા અને આધુનિક ટેકનોલોજીથી ઓપરેશન કરી દૂર કરવી શક્ય જ ન હોય તેવી કેન્સરની ગાંઠ તથા શરીરમાં ફેલાઈ ગયેલ કેન્સર પીડિત દર્દીઓ હોય તો તેવાં દર્દીઓએ અન્ય કોઈ જગ્યાએ સારવાર માટે શા માટે જવું ? જયારે તેવી કેન્સરની ગાંઠ નો ઈલાજ અહીં જ મળી શકે છે.આયુર્વેદ શાસ્ત્ર મૂજબ. સમયસર સારવાર આપને કેન્સરથી બચાવી શકે છે. **આશા તો ખરી પણ પૂરી કોણ કરે ? કેન્સરના દરેક સવાલનો મળશે સચોટ જવાબ તથા સફળ સાચી સલાહ-સારવાર... વિદ્વાન આરોગ્ય શાસ્ત્રી & પથદર્શક તથા કેન્સર નિષ્ણાંત...રાજવૈદ્ય જીતેન્દ્રભાઈ જાદવજીભાઈ પટેલ પાસેથી.**

કેન્સરનો અર્થ કેન્સલ નથી, કેન્સર નો ઈલાજ શક્ય છે

YouTube rajvaidyajpatel 9824179702

‘‘કેન્સર સામેની લડતમાં, હરેક ક્ષણે તમારી સાથે’’

" A PLACE OF HELP, HOPE AND UNDERSTANDING "

નોંધ : વિવિધ કેન્સરો, પેરાલીસીસ, એલર્જી, ગેંગરીન વિગેરે દર્દીઓને અમારી સફળ સારવારથી 100% મટી ગયાનાં સ્વ-અનુભવો જાણો વોટ્સએપ દ્વારા અથવા રૂબરૂ ફોનથી એપોઈન્ટમેન્ટ લઈને રૂબરૂ મળો.

SOHAM

ડૉ. જાદવજી’સ કેન્સર રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટ & હેલ્થ કેર

રાજવૈદ્ય જીતેન્દ્ર જાદવજીભાઈ પટેલ

ગઢેચી વડલા પાસે, RTO સર્કલ, અમરદીપ કલાસીસની સામે, ભાવનગર.
સમય : સવારે ૧૧ થી ૧, સાંજે ૬ થી ૮ (સોમ/મંગળ/બુધવારે મળશે.)

LET US FIGHT CANCER TOGETHER, THE SUPER SPECIALIST IN CANCER CARE

ભાવનગર સ્પેશિયલ

ગુજરાતની ગાંઠિયા નગરી ભાવનગર

૧૯૨૦માં ભાવનગરના ખારગેટ પાસેના એક ખૂણામાં બ્રહ્મક્ષત્રિય નરસીદાસ બાવાભાઈએ ગાંઠિયાની દુકાન શરૂ કરી. રેલવે સ્ટેશને જવા માટે ખારગેટ પાસેથી પસાર થવું પડે એટલે મુસાફરો આ દુકાન પાસેથી પસાર થાય. મુસાફરીમાં કશુંક કટકબટક કરવા જોઈશે એમ માની લોકો ગાંઠિયાના પેકેટ બંધાવતા જાય. મુસાફરીનાં સાધનોમાં ફક્ત રેલવે જ હતી એટલે મુસાફરોની સંખ્યા પણ ઘણી રહેતી. બહુ જલદીથી આ દુકાનના ગાંઠિયા લોકપ્રિય થઈ ગયા. મુસાફરો જેને ત્યાં જતા એમને પણ આ ગાંઠિયાનો સ્વાદ માણવા મળતો અને પછી એક રિવાજ થઈ ગયો કે કોઈને ત્યાં જઈયે તો નરસી બાવાના મરીવાળા ગાંઠિયા લેતા જવાના. લોકોને આખું નામ બોલતા કષ્ટ પડતું એટલે અપભ્રંશ થઈને દુકાન નરસી બાવાના ગાંઠિયા તરીકે ઓળખાવા લાગી. ભાવનગરમાં ખત્રી એટલે કે કાપડનું રંગાટી કામ કરતા લોકોની વસતિ ઘણી હતી અને છાટબાર, પડિયા, બોસમિયા, જગડ, મામતોરા અટકો ધરાવતા કુટુમ્બો હતા. નરસી બાવાની અટક છાટબાર હતી, પણ મૂળ જ્ઞાતિ બ્રહ્મક્ષત્રિય હતી એટલે દુકાન ઉપર લખવામાં આવેલું, 'બ્રહ્મક્ષત્રિય નરસીદાસ બાવાભાઈ'. મરીવાળા ગાંઠિયા બનાવીને નરસી બાવાએ ફરસાણ ક્ષેત્રમાં ક્રાંતિ લાવી દીધી હતી. ગાંઠિયા તો અનેક જાતના બને પણ મરીવાળા ગાંઠિયાની લહેજત અને સ્વાદ જુદા જ હોય છે. ભાવનગરના સ્થાનિક લોકો તેને લાડથી અંગુઠિયા ગાંઠિયા પણ કહે છે.

૧૯૩૫ સુધીમાં તો ભાવનગર એક આગળ પડતું ઔદ્યોગિક શહેર ગણાવા લાગ્યું હતું. ગ્રામ્ય પ્રદેશમાંથી આવેલા ઘણા કંદોઈ અને સુખડિયા લોકોએ ફરસાણનો વ્યવસાય શહેરની માગ મુજબ શરૂ કર્યો હતો. આ બધામાં લોકોને ગાંઠિયાનું આકર્ષણ વિશેષ રહેતું. કારણ ગરમ-ગરમ મળે અને સાથે પપૈયાના છીણની ચટણી હોય. નરસી બાવાના ગાંઠિયાએ વિશ્વફલક ઉપર ભાવનગરને મૂકી દીધું. લોકોની બદલાયેલી રુચિ અને ખાનપાનના શોખથી ગાંઠિયાના વિવિધ પ્રકાર આ વેપારીઓએ શોધી કાઢ્યા છે. ઝીણા ગાંઠિયાથી શરૂઆત કરીને ધીમે-ધીમે, હાથે વણેલા ગાંઠિયા, પાપડી ગાંઠિયા, લસણિયા ગાંઠિયા, તીખા ગાંઠિયા, ટમટમ ગાંઠિયા, મસાલા ગાંઠિયા, નાયલોન ગાંઠિયા, મેથી પાલક ગાંઠિયા, ઝીણા મોળા ગાંઠિયા, તીખા ઝીણા ગાંઠિયા, તીખા જાડા ગાંઠિયા, ફાફડા, મરી-મસાલાવાળા ગાંઠિયા, મરી અને લસણથી ભરપૂર ગાંઠિયા લીંબુ મસાલાના સ્વાદવાળા ગાંઠિયા જેવી અનેક વેરાયટીના ગાંઠિયા મળતા થઈ ગયા છે અને વિવિધ જાતના નમકીન સુધી પ્રગતિ થઈ ગઈ છે. છાપાના કાગળમાં પડીકું બનાવીને અપાતા ગાંઠિયા ધીમે-ધીમે કાગળની થેલી અને હવે તો પ્લાસ્ટિકની વેક્યુમ ટાઈટ થેલીમાં ઉપલબ્ધ થઈ ગયા છે, જેથી લઈ જવામાં સરળતા રહે અને પેકિંગ આકર્ષક લાગે. હવાચુસ્ત મનોરમ્ય બોક્ષમાં પણ ગાંઠિયા મળે છે, જે ભેટ આપવાના ઉપયોગમાં લેવામાં આવે છે. નરસી બાવાની સાથે જીવાભાઈ સુખડિયા, બાવચંદ હેમચંદ, લક્ષ્મી ગાંઠિયાવાળા, મનુભાઈ ગાંઠિયાવાળા અને ખત્રી ગાંઠિયાવાળા આજે ભાવનગરના નામાંકિત વ્યાપારીઓ ગણાય છે. નરસી બાવાએ ફક્ત ગાંઠિયાના ઉદ્યોગથી જ ભાવનગરના અન્ય ફરસાણના વ્યાપારીઓ માટે એક નવા વ્યવસાયના દ્વાર ખોલી આપ્યા હતા. ક્રમશઃ ગાંઠિયાઓના વ્યવસાયીઓએ ફરસાણની અન્ય આઈટમોને પણ મહત્ત્વ આપ્યું અને આજે લગભગ આ વેપારીઓ દરેક પ્રકારના ફરસાણ અને નમકીન બનાવતા થઈ ગયા છે. ઘણા મીઠાઈ પણ બનાવતા થઈ ગયા છે. ખાસ કરીને જલેબી, ઘારી, ખાજલી, સાટા વગેરે.

નરસી બાવાની અટક છાટબાર હતી, પણ જ્ઞાતિ બ્રહ્મક્ષત્રિય હતી એટલે દુકાન ઉપર લખવામાં આવેલું, 'બ્રહ્મક્ષત્રિય નરસીદાસ બાવાભાઈ'. નરસી બાવાએ ફરસાણ ક્ષેત્રમાં ક્રાંતિ લાવી દીધી હતી

ગાંઠિયા લોકપ્રિય રહેવાનું કારણ તે દરેક પ્રસંગોમાં તમારી સાથે રહે છે. પહેલાંના સમયમાં જ્ઞાતિના મેળાવડા, સોસાયટીની બેઠક, શાળા-કૉલેજોમાં વાર્ષિક દિવસની ઉજવણી, બાળકોના રિસેસમાં નાસ્તા તરીકે, શુભ પ્રસંગો કે તહેવારોના દિવસો, સામાજિક સંસ્થાઓમાં, લગ્ન પ્રસંગે જાન આગમન સમયે અને છેલ્લે કોઈના અવસાનથી યોજવામાં આવતા બારમા-તેરમાની વિધિમાં ગાંઠિયાની હાજરી હોય જ. પ્રસંગોને પાર પાડવા ગુજરાતીઓ માટે ગાંઠિયા એક હાથવગું અને અનિવાર્ય અંગ બની ગયું. એક જમાનામાં ભાવનગરમાં ગાંઠિયા બહુ ખવાતા હતા, પરંતુ હવે એવું રહ્યું નથી, કારણ કે સવારના નાસ્તામાં અનેક પ્રકારની ખાધ્ય આઈટમો મળતી થઈ ગઈ છે અને સમયના બદલાવ સાથે લોકોની પસંદગીમાં પણ પરિવર્તન આવ્યું છે, પરંતુ મહાનગરો જેવા કે અમદાવાદ, સુરત અને મુંબઈમાં આજે પણ ગાંઠિયાનું આકર્ષણ બરકરાર છે.

પણ જે કંઈ હોય એ લોકો અચૂક કહેતા હોય છે કે, 'હવે ભાવનગરથી આવો ત્યારે ભાવનગરી ગાંઠિયા લેતા આવજો..! ■

OAJ is Energy… OAJ is Inspiration…

Dedication • Honesty • Transparency

ओज ®

INSTITUTE OF SCIENCE

OAJ INSTITUTE OF SCIENCE

C-1085-1086, પાણીની ટાંકી પાસે, બિંદુનિવાસ સામે, કાળીયાબીડ, ભાવનગર.
M : 74 33 05 05 05, Website : www.oajinstitute.com

Education Hub
ભાવનગરમાં હવે .....

A Premier institute for Board / NEET / GUJCET JEE (MAIN + ADVANCED) / Olympiads

National અને International Level નાં Education ની સ્થાપના...

Oaj Institute

- દરેક વિષયમાં દરેક Topic માં નિષ્ણાંત, અનુભવી શિક્ષકોની ટીમ
- Limited Students હોવાથી દરેક વિદ્યાર્થીને અપાતું વ્યકિતગત માર્ગદર્શન (મુખ્ય શિક્ષકો દ્વારા)
- વિદ્યાર્થીઓના માર્કસ BOOST કરવા માટેનું અનોખું 4 Layer Counselling Model
- દરેક વિષયનું JEE (Main + Advanced), NEET, GUJCET જેવી Competitive Exams માટેનું Perfect Strategy થી Research કરી બનાવેલુ સ્ટડી મટીરીયલ
- JEE (Main + Advanced), NEET, GUJCET જેવી Competitive Exams માટે અત્યારથી જ એજ Pattern માં Exam ની Practice

Medical Division (B Group)

NEET-2020

Total Selection 85 Out of 87
43/92 Students Scored above 400

AIR 1836 (CR)

Mark 607
Eng. Med.

ISHA VASAYA
NEET - 2019 : 336 NEET - 2020 : 60

AIR 2251 (CR)

Mark 600
Guj. Med.

HARPAL BARAIYA
NEET - 2019 : 443 NEET - 2020 : 60

Engineering Division (A Group)

JEE (Main) Result

ABDEALI RANGWALA
99.7739

KEYUR BARAIYA
99.7370

DEVANG DONDA
99.4614

POOJAN MEHTA
99.3400

TIRTH CHAUDHARY
99.1601

Foundation Division

IMO

Saifilkhan Pathan
Zonal Rank : 33
Regional Rank : 51
International Rank : 68

International Rank
Top 100 - 4 Students
Top 500 - 7 Students

Regional Rank (4 States)
Top 100 - 6 Students
Top 500 - 11 Students

Zonal Rank (All Gujarat)
Top 100 - 6 Students
Top 500 - 13 Students

NSO

Shyama Bhavsar
Zonal Rank : 37
Regional Rank : 52
International Rank : 70

International Rank
Top 100 - 1 Student
Top 500 - 16 Students

Regional Rank (4 States)
Top 100 - 4 Students
Top 500 - 22 Students

Zonal Rank (All Gujarat)
Top 100 - 7 Students
Top 500 - 34 Students

IEO

Vasishtha Zaveri
Zonal Rank : 78
Regional Rank : 165
International Rank : 255

International Rank
Top 500 - 5 Students

Regional Rank (4 States)
Top 500 - 12 Students

Zonal Rank (All Gujarat)
Top 100 - 3 Students
Top 500 - 25 Students

SOHAM-9913455999

▪ વિનોદ પંડ્યા

પોર્નો/ઇરોટિક ફિલ્મોએ
રાજ-શિલ્પાની બાયોગ્રાફી બગાડી

મુંબઈમાં મલાડની પશ્ચિમે આવેલા મઢ ટાપુ પર એક બંગલામાં વીડિયો શૂટિંગનું કામ થતું. આ ટાપુ અને તેની આસપાસ કેટલીક ફિલ્મી હસ્તીઓ અને શ્રીમંતોના બંગલાઓ છે. અમુક લોકો શૂટિંગ માટે બંગલાઓ ભાડે આપે છે. તેમાં કાયદેસરની સિરિયલોથી માંડીને ગેરકાયદેસરની પોર્ન ફિલ્મો શૂટ થાય છે. ગહના વસિષ્ઠ અને બીજા કેટલાક લોકોની અશ્લીલ ફિલ્મોના નિર્માણ સંબંધમાં પોલીસે ગયા ફેબ્રુઆરીમાં ધરપકડ કરી હતી. ત્યાર બાદ તપાસ થઈ, તેની લિન્ક રાજકુંદરા સુધી પહોંચી. પોલીસના કહેવા પ્રમાણે મઢના બંગલાઓમાં તથાકથિતપણે શૂટ થયેલી એ વીડિયો ફિલ્મ મોબાઇલ ફોનના ઍપ્સમાં અપલૉડ કરવામાં આવતી.

રાજ કુંદરા આમ તો બ્રિટનમાં જન્મીને ધંધામાં પડેલો એક નાનો બિઝનેસમેન હતો. વરસ ૨૦૦૭માં શિલ્પા શેટ્ટીએ બ્રિટનમાં બિગ બ્રધરમાં ભાગ લીધો અને તે પ્રથમ આવી. શિલ્પાનું નામ માત્ર ભારતમાં જાણીતું હતું તે પશ્ચિમની દુનિયામાં પ્રસિદ્ધ થયું. અગિયાર સ્પર્ધકોમાંની એક ગોરી એક્ટ્રેસ જેડ ગૂડી દ્વારા શિલ્પાની ત્વચા અને કુળ વિષે વારંવાર અપમાન કરાતું હતું. તે છતાં શિલ્પા નાહિંમત ન થઈ અને રિઆલિટી શૉના ૨૬મા દિવસે એને વિજેતા જાહેર કરવામાં આવી હતી. ત્યાર બાદ બ્રિટનના બિઝનેસમેન રાજ કુંદરા, અન્ય લાખો ગોરાઓની માફક શિલ્પાના એકતરફી પ્રેમમાં પડ્યા હતા. પરિણીત રાજ કુંદરાએ પોતાની રીતે શિલ્પાની નજીક જવાના પ્રયત્નો કર્યા. સફળ થયો. શિલ્પાને પરણ્યો અને બ્રિટન તેમ જ ભારતમાં મશહૂર થઈ ગયો. હવે રાજનાં કરતૂતો એને અને શિલ્પાને બંને દેશોમાં વધુ અને વધુ નામચીન બનાવી રહ્યાં છે. શિલ્પા સાથેનાં લગ્ન અગાઉ રાજને ભારતમાં કોઈ જાણતું ન હતું. આજે અનેક દિવસોથી મીડિયામાં તેઓનાં નામની ચર્ચા છે.

શિલ્પા પણ ૨૦૦૭ની આસપાસ જગતમાં મશહૂર બની રહી હતી. એપ્રિલ ૨૦૦૭માં નવી દિલ્હીમાં એચઆઈવી-એઈડ્સના સંદર્ભમાં એક ઈવેન્ટ યોજાઈ હતી. ત્યાં સ્ટેજ પર હોલિવૂડના સુપર સ્ટાર રિચાર્ડ ગેરે શિલ્પા પ્રત્યે પ્રેમ વ્યક્ત કર્યો હતો અને ગાલ પર ચુંબન કર્યું હતું. સ્ટેજ પર શિલ્પાને આ પસંદ તો પડ્યું હતું, પણ એક ભારતીય

સ્ત્રીની માફક સ્મિત સાથે શરમ પણ વ્યક્ત કરી હતી. જોકે ઘણી વખત આવા તમાશા સ્ટેજ પર પૂર્વનિર્ધારિત હોય છે, પરંતુ એ પ્રસંગથી શિલ્પા બોલિવૂડની સાથે હોલિવૂડમાં જાણીતું નામ બની ગઈ.

એ વખતે પ્રસિદ્ધ ટાઈમ મૅગેઝિને આ ઘટનાની નોંધ લેતાં લખ્યું હતું કે જે દેશે દુનિયાને કામસૂત્રની ભેટ આપી તે આટલો બધો પાખંડી અને અતિ સંકોચશીલ કેમ હોઈ શકે? ટાઈમે લખ્યું હતું કે, ‘એ જૂની અને જાણીતી વાત છે કે દુનિયાને શૃંગાર, પ્રેમ અને કામરતિ વિષે માર્ગદર્શન આપનારો ગ્રંથ પણ સૌ પ્રથમ ભારતમાં લખાયો હતો અને જાહેરમાં ચુંબન કરવા બાબતે સૌથી રૂઢિવાદી વિચારો આરબ રાષ્ટ્રોને બાદ કરતાં ભારતમાં જ જોવા મળે છે. આ વિરોધાભાસનું પ્રદર્શન એઈડ્સ અવેરનેસ કાર્યક્રમમાં સેલિબ્રિટીના ગાલ પર એક ચુંબન જડાયું ત્યારે જોવા મળ્યું. ભારતમાં એ ઘટનાની ચર્ચા આગની માફક ફેલાઈ ગઈ.’

તે સંદર્ભમાં પાછળથી શિલ્પાએ કહ્યું હતું કે એ કિસ થોડી ઑકવર્ડ એટલા માટે લાગી હતી કે તે અનપેક્ષિત અણધાર્યું હતું. જોકે આ દાવો સાચો ન હતો. એ સમયે દેશમાં અમુક રૂઢિવાદીઓએ શિલ્પા અને રિચાર્ડ વિરુદ્ધ પ્રદર્શનો યોજ્યાં હતાં. જાહેરમાં બંનેની નનામીઓ બાળી હતી. પોલીસમાં ફરિયાદો થઈ હતી. ત્યારના ભોપાલ ભાજપના નેતા સુમિત મિશ્રાએ સવાલ કર્યો હતો કે, ‘તમને પૈસા ચૂકવવામાં આવે છે, તે ખરું છે, પણ તે માટે તમે જાતને હજી કેટલી હલકી પાડશો?’

એ સમયે એ સવાલ વાજબી હતો કે નહીં તે અલગ વાત છે. આજે પણ શૃંગાર અને કામવાસનાનો મુદ્દો જ શિલ્પાને પોલીસ સ્ટેશન અને એના પતિ રાજને જેલ સુધી લઈ ગયો છે. રાજને ૨૭ જુલાઈ સુધી પોલીસ કસ્ટડીમાં રખાશે. એના પર આરોપ છે કે એ ભારતમાં અશ્લીલ વીડિયોનું નિર્માણ કરીને વિદેશોમાં એ વીડિયો વેચતો હતો અને એ ધંધામાંથી પ્રતિદિન સરેરાશ બે લાખ રૂપિયા કમાતો હતો. આ પોર્ન સ્કેન્ડલના છાંટા શિલ્પા પર પણ ઊડ્યા છે. જોકે કુંદરા વર્તુળ કહે છે કે, આ પોર્ન અથવા અશ્લીલ ફિલ્મો નથી, પણ ઈરોટિક અથવા કામોત્તેજક, શૃંગારિક ફિલ્મો છે. લાગે છે કે આ આખો કેસ હવે આ મુદ્દા પર લડાશે, પણ અહીં માત્ર ફિલ્મ ઈરોટિક છે કે પોર્ન છે એટલો જ વિવાદ નથી. પોલીસના કહેવા પ્રમાણે રાજ અને એની કંપનીના માણસો દ્વારા યુવતીઓને ખોટી રીતે લલચાવી અશ્લીલ ફિલ્મોમાં ફસાવી દેવાનો ક્રાઈમ પણ જોડાયેલો છે. પોલીસના કહેવા મુજબ રાજ કુંદરા નવા વીડિયોમાં કામ કરવા માટે યુવતીઓને લાલચ આપતો હતો.

મુંબઈમાં મલાડની પશ્ચિમે આવેલા મઢ ટાપુ પર એક બંગલામાં વીડિયો શૂટિંગનું કામ થતું. આ ટાપુ અને તેની આસપાસ કેટલીક ફિલ્મી હસ્તીઓ અને શ્રીમંતોના બંગલાઓ છે. અમુક લોકો શૂટિંગ માટે બંગલાઓ ભાડે આપે છે. તેમાં કાયદેસરની સિરિયલોથી માંડીને ગેરકાયદેસરની પોર્ન ફિલ્મો શૂટ થાય છે. ગહના વસિષ્ઠ અને બીજા કેટલાક લોકોની અશ્લીલ ફિલ્મોના નિર્માણ સંબંધમાં પોલીસે ગયા ફેબ્રુઆરીમાં ધરપકડ કરી હતી. ત્યાર બાદ તપાસ થઈ, તેની લિન્ક રાજકુંદરા સુધી પહોંચી. લગભગ ૧૪ વરસથી રાજ સાથે પરણીને રહેતી શિલ્પા આ બાબતથી અજાણ હોય એવું માનવા લોકો તૈયાર નથી. શિલ્પા કહે છે કે, રાજ કુંદરાની કંપનીની ‘હોટ શોટ્સ’ નામની ઍપ્લિકેશન એણે ભાગ્યે જ ક્યારેય ખોલીને જોઈ હશે, પરંતુ જેના થકી દિવસની બે લાખથી માંડીને ક્યારેક ચાર લાખ સુધીની આવક થતી હતી તે વિશે શિલ્પાએ રાજને પૂછ્યું ન હોય તેવું બને? શક્ય છે કે રાજે કંઈક ભળતા સળતા જવાબો આપ્યા હોય અથવા શિલ્પા જૂઠ બોલતી હોય. શિલ્પાને પૈસા પસંદ નથી એવું નથી. સુરતની એક સાડી કંપની માટે મૉડેલિંગ કરવાના પૂરા પૈસા એ મારવાડી વેપારીએ આપ્યા ન હતા તો શિલ્પા અને એની મમ્મીએ એ વેપારીને અંડરવર્લ્ડ દ્વારા ધમકી પણ અપાવી હતી. આ એ વેપારીનો આક્ષેપ હતો. એણે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી તે ઘટના ભારતના મીડિયામાં ખૂબ ચમકી હતી.



પોલીસના કહેવા પ્રમાણે મઢના બંગલાઓમાં તથાકથિતપણે શૂટ થયેલી એ વીડિયો ફિલ્મ મોબાઈલ ફોનના ઍપ્સમાં અપલૉડ કરવામાં આવતી. આ ઍપ્લિકેશનોના ચાર લાખ જેટલા ગ્રાહકો, સબસ્ક્રાઈબરો હતા, જેઓ મહિને રૂપિયા બસ્સોથી રૂપિયા ચારસો (લગભગ પોણા ત્રણથી સાડા પાંચ ડૉલર)નું લવાજમ ભરતાં હતાં. આમાંની મોટા ભાગની ઍપ્લિકેશનો અર્થાત્ પ્લેટફોર્મનો માલિક રાજ કુંદરા છે. મુંબઈ ખાતેના એના આલીશાન મકાન ખાતેથી ગઈ ૧૯ જુલાઈના રોજ રાજ કુંદરાની મુંબઈ પોલીસે ધરપકડ કરી ત્યારે દેશભરમાં સનસનાટી મચી ગઈ. બીજી કોઈ બાબતમાં ધરપકડ થાય તો વેપારી હોવાથી થાય પણ ખરી, પરંતુ આ તો અશ્લીલ ફિલ્મોના નિર્માણ અને તે યુવતીઓને ફસાવવા બદલ ધરપકડ થઈ હતી. પોલીસ ધરપકડનું વૉરન્ટ મેળવવા ગઈ ત્યારે મૅજિસ્ટ્રેટને પોલીસે કહ્યું હતું કે, કુંદરાને કસૂરવાર પુરવાર કરવા માટે પોલીસ પાસે પૂરતા પુરાવા છે. શિલ્પા કહે છે તેમ જો એ શૃંગારિક ફિલ્મો હોય અને પોલીસે તેને બીભત્સ માની લીધી હશે તો અદાલતના અર્થઘટન બાદ શક્ય છે કે કુંદરાને નિર્દોષ જાહેર કરવામાં આવે. અન્યથા એને પાંચ વરસની કેદ અને ૧૦ લાખ રૂપિયાનો દંડ થઈ શકે છે. પોલીસે પોતે ઍપ્લિકેશનો જોઈ તેના પુરાવા પણ રાખ્યા હશે. જો તેમાનું કન્ટેન્ટ બીભત્સ જણાયું હશે તો જ કેસ કર્યો હશે. જોકે પોલીસની બુદ્ધિ અને જ્ઞાનનું ભલું પૂછવું. બિભત્સ છે કે નહીં તેનો આખરી નિર્ણય અદાલતે લેવાનો થાય છે.

અભિનેત્રી ગહના વસિષ્ઠ વગેરેએ કહ્યું છે કે રાજ કુંદરા ઈરોટિક અથવા શૃંગારિક, કામોત્તેજક ફિલ્મ બનાવતા હતા, અશ્લીલ નહીં. જોકે ઈરોટિક અને પોર્ન વચ્ચે ક્યાં ભેદ પાડવો તે નિષ્ણાતો અને કાનૂનવિદો માટે એક સવાલ છે. કાયદામાં તે વિષેની સ્પષ્ટતા કરવામાં આવી છે. છતાં અર્થઘટન પર ઘણો દારોમદાર રહે છે. જેમ કે વરસાદમાં આછા પારદર્શક વસ્ત્રમાં નહાતી સ્ત્રી ઈરોટિક ગણી શકાય. કદાચ સાવ નગ્ન હોય તો પણ ઈરોટિક કહેવાય, પણ ત્યાર બાદ એ સ્ત્રી પાસે કશુંક એવું વધારાનું કૃત્ય કરાવવામાં આવે જે અશ્લીલ હોઈ શકે. રાજ કુંદરાના વકીલોએ મંગળવારે અદાલતને જણાવ્યું તે મુજબ, ‘આ

ઈરોટિક ફિલ્મો છે તેને પોર્ન તરીકે ગણાવવી ઉચિત નથી, તેમાં બે લોકોની વચ્ચે ઈન્ટરકોર્સ અથવા સંભોગની ક્રિયા બતાવવામાં આવી નથી. જ્યાં સુધી કોઈ પણ ફિલ્મમાં સંભોગ દર્શાવવામાં ન આવે ત્યાં સુધી તેને પોર્ન ગણી શકાય નહીં.' કુંદરાના વકીલોએ દલીલ કરી કે, 'આજકાલ ડિજિટલ પ્લેટફોર્મ પર કેવું સાહિત્ય દર્શાવવામાં આવે છે તે દરેક જણ જાણે છે. આ પ્રકારનું (કુંદરાની ફિલ્મો) કન્ટેન્ટ ડિજિટલ પ્લેટફોર્મ પર સામાન્ય થઈ પડ્યું છે અને કુંદરાએ પણ એ જ પ્રકારનું સાહિત્ય તૈયાર કર્યું છે જેને પોર્ન ગણાવી શકાય નહીં.

ગહના વસિષ્ઠ સામે ફેબ્રુઆરીમાં કેસ મંડાયો હતો અને તેને પાંચ મહિના સુધી જેલમાં પૂરી દેવાઈ હતી. ત્યારથી એની પણ આ જ દલીલ રહી છે. ગહનાએ આ મતલબનો ખુલાસો જાહેર પ્લેટફોર્મ્સ પર પણ મૂક્યો છે. પોતાની નગ્ન તસવીરો પ્રસિદ્ધ કરીને મબલખ પૈસા કમાઈ ચૂકેલી પૂનમ પાંડેની પણ આ દલીલ છે. વાસ્તવમાં આ મુદ્દા પર રાજ અર્થાત્ રિપુ સૂદન કુંદરા સામે અગાઉથી જ એક કેસ અદાલતમાં ચાલી રહ્યો છે. ૨૦૧૯માં પૂનમ પાંડેએ રાજ કુંદરા સામે છેતરપિંડીનો કેસ માંડવાની માગણી કરતી એક અરજી મુંબઈ હાઈકોર્ટમાં રજૂ કરી હતી. હજી એ કેસ ચાલી રહ્યો છે. જો પૂનમ પાંડે તેને બીભત્સ ગણાવે તો ખુદ પૂનમ પાંડે પર પણ કેસ થાય.

પૂનમ પાંડે

ઈરોટિક અર્થ શૃંગારિક અથવા કામોત્તેજક થાય છે. એક એવું સાહિત્ય જેને જોઈને જાતીય ઉત્તેજના અથવા કામેચ્છા વધે છે. બીજા શબ્દોમાં કહીએ તો કોઈ પણ એવી કલા અથવા કલાકૃતિ જે જોઈને કામ અથવા રતિની ઈચ્છા પ્રબળ બને છે. એ કોઈ તૈલચિત્ર હોઈ શકે છે. કોઈ મૂર્તિ, ફોટોગ્રાફી, નાટક, ફિલ્મ, સંગીત કે લખાણ હોઈ શકે છે. કાલિદાસના મેઘદૂતમાં અને ગોપી ગીતકથામાં પણ સ્તનયુગ્મ સાથે ઘણા શૃંગારિક રૂપકો અને ઉપમાઓ પ્રયોજવામાં આવી છે. સંગીતની વાત કરીએ તો પ્રાચીન કાળથી હોળી વગેરેના દિવસે ગ્રામીણ જુવાનો એકઠા થઈને બેફામ ગાળોથી ભરેલાં જોડકણા ગાતાં હોય છે. ખૂબ જ અશ્લીલ ભાષાપ્રયોગ થતો હોય છે. તેને તેથી જ બીભત્સ કહેવાય, પરંતુ મેરા નામ જોકરમાં પદ્મિની આછાં વસ્ત્રોમાં ગાય કે,

શુધ્ધ ફરાળ,
ચટપટો સ્વાદ!
રામદેવ
નમકીન
પૈક યું ખુલા ઔર યું ખાલી!
અહીં પણ ઉપલબ્ધ
bb big basket
osia HYPERMART
NATIONAL HANDLOOM CORPORATION

'મોરે અંગ લગ જા બાલમા' તો તે ઈરોટિકા ગણાય. રાજકપૂર ફિલ્મોમાં ઈરોટિકા દાખલ કરવાના માહેર ગણાતા હતા, આમ એક જગ્યાએ જે માદક, ઉત્તેજક છે તે બીજી જગ્યાએ અશ્લીલ છે. રાજ કુંદરાના કિસ્સામાં એ કેટલી હદે હદ બહાર ગયા છે તે જેઓ એ વીડિયો જોશે તેને જ સમજાશે, કારણ કે જો અશ્લીલ હશે તો સરકાર કે પોલીસ આમેય તેને જાહેર કરવા દેશે નહીં. જો કોર્ટને લાગે કે ઈરોટિક જ છે તો જાહેર કરાશે અને ત્યારે મીમાંસકો, કલાવિવેચકો વગેરે સરકાર અને પોલીસ પર તૂટી પડે તેવું પણ બને, પરંતુ આટલો ચાર લાખનો વિશાળ ગ્રાહક વર્ગ માત્ર કલાદૃષ્ટિથી લવાજમ ભરતો હોય તે શક્ય નથી. તેઓને માદકતા અને કામુક્તા ઉપરાંત પણ ઘણુ વિશેષ જોઈતું હોય છે. ઓવર ધ ટોપ (ઓટીટી) પ્લેટફોર્મ પર કામોત્તેજકથી ભરપૂર કન્ટેટ પ્રચૂર માત્રામાં મળતું હોય છે ત્યારે આટઆટલાં લોકો લવાજમ શા માટે ભરે? વાસ્તવમાં હોટ શોટ્સ જેવી ઍપ્સમાં તેઓને

ગહના વશિષ્ઠ

કશુંક વધુ જરૂર મળતું હોવું જોઈએ. યુ-ટ્યૂબ પર કેટલાક ગ્રામીણ લોકો જે ભાષા વાપરીને વીડિયો રજૂ કરતા હોય છે, વીડિયોની અંદર જે ભાષા વપરાય છે તે માત્ર અશ્લીલ જ હોતી નથી, બીભત્સ અને જુગુપ્સાપ્રેરક હોય છે. ભારતમાં કોઈ પણ પ્લેટફોર્મ પરથી જે કંઈ કન્ટેન્ટ પ્રદર્શિત થાય તે માટે એકસરખા, સમાન કાયદાઓ હોવા જોઈએ. ઓટીટીમાં બધું બેફામ ચાલે છે, પરંતુ મેઈન ટીવીમાં તે એલાવ નથી. ફિલ્મોમાં હવે હસ્તમૈથુનનાં દૃશ્યો બતાવાય છે, પરંતુ ઓવર ધ ટોપ ચેનલો અને કાર્યક્રમોમાં તે બેફામ દર્શાવાય છે. જાણે કે હસ્તમૈથુન એક નવી ફેશન હોય. ફિલ્મોમાં આમિર ખાનની એક દિલ્હી બેલી નામની ફિલ્મ આવી હતી તેમાં શૃંગાર બિલકુલ ન હતો, પણ સેક્સ કોમેડીના નામે ગંદો અને ભદ્દો સેક્સ પીરસવામાં આવ્યો હતો. સાવ હલકી કક્ષાની ગાળો બોલવી, કામક્રિયાનું કોમિક નિરૂપણ કરવું તે કલાત્મક નથી અને શૃંગારિક પણ નથી. છતાં સેન્સરે તેને માન્યતા આપી હતી અને વલ્ગર હોવાને કારણે એ ફિલ્મ થકી કિરણ રાવ અને આમિર ખાને મબલખ કમાણી કરી હતી. સરકારી નિયમો, કાયદાઓમાં એકરૂપતા ન હોય ત્યારે આવું

20% EXTRA
Ramdev
Farali Chevda
Tikha
400g
+80g
(Extra)*
480g
₹70/-
Net Weight: 400g + 80g (Extra) = 480g
20% EXTRA
Ramdev
Farali Chevda
Sweet
400g
+80g
(Extra)*
480g
₹80/-
Net Weight: 400g + 80g (Extra) = 480g
*T&C apply
Identity
ડિસ્ટ્રિબ્યૂટરશીપની ખાલી જગ્યાઓ માટે પૂછપરછ આવકાર્ય છે. 93275 48534

SOCIAL NEWS XYZ

અગાઉ પણ આઇપીએલમાં સટ્ટામાં સંડોવણીને લઈને કુંદરા પર આરોપો લાગ્યા હતા

બને. લાખોના ચોર છટકી જાય અને છીંડાચોર પકડાઈ જાય.

શૃંગાર અને અશ્લીલતા એક ટ્રીકી સબ્જેક્ટ છે. જોનારની પોતાની જાતીય પ્રકૃતિ તે નક્કી કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. અમુક ગે લોકોને કોઈ જુદા જ દૃશ્યો ઉત્તેજિત કરે જેની અમુકને વાત કરવી પણ ન ગમે. જોવાની વાત બાજુએ રહી. ઈઝરાયલના રોશ પીના રોસે એક સ્પષ્ટતા કરી તે વ્યંગ છે છતાં સાચી છે. એમણે લખ્યું છે કે અમુક દૃશ્ય શૃંગારિક છે કે અશ્લીલ છે તે દૃશ્ય શૂટ કરતી વેળાએ કેટલી લાઇટ (પ્રકાશ) રખાય છે તેના પર આધારિત છે. અમુક ફિલ્મોમાં અંધારામાં રતિક્રિડાનાં દૃશ્યો દેખાડવામાં આવે છે. રાત્રે બેડરૂમમાં અંધારું જ હોય તેથી વાસ્તવિક પણ લાગે અને વળી કલાત્મક પણ ગણાવવામાં આવે. ઘણી આર્ટ ફિલ્મમાં સ્મિતા પાટીલનાં કામુક દૃશ્યોને કલાત્મક ગણાવાયાં હતાં. ઈરોટિકા અને પોર્નોગ્રાફી વિષે ઘણા લોકોએ જુદી જુદી રીતે સમજાવ્યું છે. એક વિદ્વાન કહે છે કે, ઈરોટિકામાં જોનારની કલ્પના પર અમુક બાબતો છોડવામાં આવે છે જ્યારે પોર્નોગ્રાફીમાં કશું કલ્પના પર છોડવામાં આવતું નથી. બધે બધું બતાવી દેવામાં આવે છે. ન બતાવવાનું હોય તે પણ.

ભારતમાં પ્રાચીન કાળથી રસ અને શ્રેણીનું વર્ગીકરણ કરાયું છે જે નવરસ તરીકે ઓળખાય છે. દરેક પ્રવૃત્તિ આ નવરસ પૈકીના કોઈક એક શીર્ષક હેઠળ આવતી હોય છે. જેમ કે યુદ્ધ અને તેની વાતો વીરરસમાં આવે, પરંતુ ખાસ સમજવા જેવું એ છે કે શૃંગારરસ અને બીભત્સ રસને અલગ-અલગ ગણવામાં આવ્યા છે. જ્યારે અમુક સમાજ શૃંગારને જ બીભત્સ રસ ગણાવે છે. પ્રાચીન કવિઓ, લેખકોનાં સુંદર કાવ્યો અને કામોત્તેજક વર્ણનો શૃંગારરસમાં આવે. પશ્ચિમના જગતે પોર્નના પણ વિભાગો પાડ્યા છે. સિંગલ એક્સ, ડબલ એક્સ અને ટ્રિપલ એક્સ. સિંગલ એક્સ સૌથી સોફ્ટ પોર્ન ગણાય. ત્યાર બાદ ડિગ્રી વધતી જાય. ભારતમાં પણ હવે એ માપદંડ લાગુ પડાય છે. કુંદરા નિર્મિત ક્લિપો અને વીડિયોનું તે આધારે પણ આકલન થશે. ઈરોટિકામાં કલાકારો અથવા મૉડેલોની ખૂબસૂરતીને પણ મહત્ત્વની ગણવામાં આવે છે. તેનો હેતુ દર્શકને માત્ર ઉત્તેજિત કરવાનો હોતો નથી, પણ ખૂબસૂરતીને કલાત્મક રીતે રજૂ કરવાનો હોય છે.

મુંબઈની ક્રાઇમ બ્રાન્ચે ૧૯ જુલાઈના રોજ રાજ કુંદરાની ધરપકડ કરી તે અગાઉ ફેબ્રુઆરીમાં પોર્ન વીડિયો મામલે પાંચ જણની ધરપકડ કરાઈ હતી. આશાસ્પદ નવોદિત મૉડેલોને ઍડલ્ટ ફિલ્મમાં કામ કરવા માટે મજબૂર કરવાના આરોપો હેઠળ તેઓની ધરપકડ થઈ હતી. તેમાં યુ.કે. ખાતેના એક પ્રોડક્શન હાઉસ કેનરીનના એક એક્ઝિક્યુટિવ ઉમેશ કામત પણ હતા. પોર્નોગ્રાફિક કન્ટેન્ટનું વિતરણ કરવા સંદર્ભે ઉમેશ કામત પોલીસના રડાર પર જ હતો. ઉમેશની પૂછપરછ કરાઈ તેમાં રેલો કુંદરા સુધી પહોંચ્યો. જ્યારે ઉમેશની ધરપકડ કરાઈ હતી ત્યારે કુંદરાને ખ્યાલ હતો જ કે પોલીસ દ્વારા એની તપાસ થઈ શકે છે. એ સંજોગોમાં કેવી રીતે આગળ વધવું તેનો પ્લાન પણ એણે ઘડી કાઢ્યો હતો. છતાં ઈલેક્ટ્રોનિક્સ પુરાવા અથવા સગડ એવી બાબત છે જે આસાનીથી નાશ કરી શકાતા નથી. એ બીજે ક્યાંક દૂરની જગ્યામાં પણ ડોકિયું કાઢે. કુંદરાની કંપની વીઆન ફિલ્મના બેનર હેઠળ ઉમેશ કામતે ૭૦ વીડિયો અલગ-અલગ બંગલાઓમાં શૂટ કર્યા હતા. વીઆન કંપનીના હોટ શોટ્સ નામક ઍપ્સ પર વીસથી ત્રીસ મિનિટના ૯૦ જેટલા વીડિયો મળ્યા છે જે હોટ શોટ્સના ગ્રાહકોના જોવા માટે અપલૉડ કરાયા હતા. ઉમેશ કામતે કબૂલ કર્યું હતું કે યુકેની કેનરીન કંપનીને એ બધા વીડિયો મોકલવામાં આવ્યા હતા. બીજા વિતરકોને પણ વેચાયા હતા. કુંદરાની સાથે એના આઈટી મેનેજર રયાન થોર્પની પણ ધરપકડ કરાઈ હતી. પોલીસ તપાસમાં એ તૂટી પડ્યો હતો. એણે આપેલી માહિતીના આધારે પોલીસે જુહુ, વિલે પારલે બીચ પર સ્થિત રાજ કુંદરાના આલીશાન નિવાસસ્થાન કિનારા પર રેડ પાડી. કલાકો સુધી ચાલેલી રેડમાં પોલીસે ખૂબ બધો માલસામાન જપ્ત કર્યો છે.

રાજ આ પ્રકારના ધંધામાં ઘણા સમયથી વ્યસ્ત હતો. શૂટિંગનું મૅનેજમૅન્ટ વૉટ્સ ઍપ ગ્રૂપ રચીને કરવામાં આવતું હતું. જેથી રૂબરૂમાં કે ફોનમાં કોઈની સાથે મોટેથી બોલવાની જરૂર ન પડે. એચ.એસ. નામક એ ગ્રૂપનો ઍડમિન રાજ કુંદરા હતો. યુકે ખાતે જે કેનેરીન નામની કંપની છે તે કાગળ પર રાજના બનેવી પ્રદીપ બક્ષીની છે. કેનરીન અને હોટ શોટ્સ બંને યુકેમાં રજિસ્ટર્ડ છે, પણ તેને માટે કન્ટેન નિર્માણનું સઘળું કામકાજ મુંબઈમાં રાજ કુંદરાની વીઆન ઈન્ડસ્ટ્રીઝ કંપની કરતી હતી. રાજ કુંદરા ઍપના વેચાણ, વીડિયોના વેચાણ, સબસ્ક્રિપ્શન પર રોજેરોજ નજર રાખતો હતો. પ્રદીપ બક્ષી સાથે કંપનીની પ્રગતિ વિશે વૉટ્સ

ઇરોટિકામાં જોનારની કલ્પના પર અમુક બાબતો છોડવામાં આવે છે જ્યારે પોર્નોગ્રાફીમાં કશું કલ્પના પર છોડવામાં આવતું નથી. બધે બધું બતાવી દેવામાં આવે છે. ન બતાવવાનું હોય તે પણ

ૐ શ્રી રામ મંત્ર મંદિર મેડીકલ સેન્ટર

કાળીયાબીડ, ભાવનગર. ફોન : ૦૨૭૮-૨૪૭૧૭૧૭

વિજયરાજનગર, ભાવનગર. ફોન : ૦૨૭૮ - ૨૫૧૭૮૭૯

૫૩ વર્ષ સુધી મૌન પાળનાર સંતની કૃપા

પૂ.શ્રી હરીહરમુની મહારાજ

છેલ્લા ૩૫ વર્ષથી
એક છત્ર હેઠળ કાર્યરત ધાર્મિક, આરોગ્યલક્ષી અને શૈક્ષણિક સેવા

ટ્રસ્ટી મંડળનો હકારાત્મક અભીગમ અને પારદર્શક કાર્યપદ્ધતિથી
કોઈપણ પ્રકારના જ્ઞાતિ-જાતિનાં ભેદભાવ વગર
દર્દી દેવો ભવ : નું સુત્ર સાર્થક કરી રહ્યા છે

મેડીકલ સેવા

સંપૂર્ણ રાહત દરે
ભાવનગર જીલ્લાની
સૌથી એડવાન્સ
સીટી સ્કેન,
એમ.આર.આઈ. સેવા
તબીબોની હાજરીમાં

રાહત દરે સેવા

સોનોગ્રાફી ફકત રૂા. 300/-
એકસ-રે ફકત રૂા. ૨૦૦/-
મેમોગ્રાફી ફકત રૂા. ૬૫૦/-
સીટી સ્કેન ફકત રૂા. ૬૦૦/-
(બ્રેઈન-પ્લેઈન)
MRI ફકત રૂા. ૧૦૦૦/-
(લીમીટેડ સ્ટડી)

ઉપરોક્ત દરોની
તુલનાત્મક મુલવણી કરવામાં
આવે તો પણ એ દર
નહી નફો - નહી નુકશાનનાં
ધોરણે છે

સંપૂર્ણ સેવા મુલ્યે સેવા

ટ્રસ્ટ સંચાલિત બન્ને સેન્ટરમાં
દર્દીને એમ.બી.બી.એસ. ડોકટર
ફુલ ટાઈમ મળે છે અને
દવા પણ વિનામૂલ્યે મળે છે

આંખના મોતિયાના ઓપરેશન
ટાંકા વિના (ફેકો સર્જરી)
લેન્સ સાથે
(રૂા. ૫૦૦ સુધીના લેન્સ)
ટ્રસ્ટ સંચાલિત
બન્ને સેન્ટરમાં સુવિધા છે

- દર બુધવારે ફકત રૂા. ૨૫/- માં આંખ તથા દાંતની તપાસ

- એક છત્ર નીચે લેબોરેટરી તપાસ, એન્ડોસ્કોપી, કોલોનોસ્કોપી, આંખ અને દાંત વિભાગ

આધ્યાત્મક ક્ષેત્રની સેવા, મંદિર અને તેના સાનિધ્યમાં નિવૃત્ત નાગરિકોને તથા બહેનોના મંડળને આધ્યાત્મીક સત્સંગ હોલની સુવિધા આપવામાં આવે છે.

ઈ.સ. ૧૯૮૬ જુનથી એક છત્ર હેઠળ બાલમંદિર થી ધો-૧૨ સુધીના શિક્ષણની ૧૫૦૦ વિદ્યાર્થીઓને શિક્ષણખાતાએ મંજુર કરેલ ફી ધોરણ સાથે અભ્યાસ કરવામાં આવી રહ્યો છે.

આ સંસ્થાને વટવૃક્ષ બનાવવામાં જીલ્લાભરનાં સર્વે ડોકટર મિત્રોનો સિંહફાળો છે-જેના અમો આભારી છીએ....

SOHAM-9913455999

દ. ભારતનાં ઘણા મંદિરોમાં કામસૂત્રને લગતી પ્રતિમાઓ કંડારવામાં આવી છે

ઍપ પર રોજ ચેટ કરતો હતો. કોરોના કાળમાં લોકો ઘરે બેઠા હતા તેથી આ પ્રકારનું કન્ટેન્ટ વધુ વેચાતું હતું. જ્યારે વેચાણ વધતું ત્યારે રાજ ખુશ થતો અને ઘટતું ત્યારે ચિંતા વ્યક્ત કરતો હતો.

ગયા ઑક્ટોબરમાં મુંબઈમાં એક અખબારમાં સમાચાર છપાયા હતા કે કેટલીક ઓટીટી કન્ટેન્ટ નિર્માણ કંપનીઓને અશ્લીલ સાહિત્યના નિર્માણ અને પ્રદર્શન બાબતે મહારાષ્ટ્ર સરકારે નોટિસો મોકલી છે. નેટફ્લિક્સ, એમેઝોન પ્રાઈમ, બાલાજી વગેરે ઓટીટી કંપનીઓ છે. બીજી અનેક કંપનીઓ છે. બક્ષી અને કુંદરા વચ્ચે આ બાબતે ચેટ થઈ હતી. તેઓ પહેલેથી જ જાણતા હતા કે ભારત સરકાર ગમે ત્યારે પગલાં લઈ શકે છે. ઓટીટી પર નિયંત્રણો મૂકવા સંસદમાં રજૂઆતો પણ થઈ હતી. નિયંત્રણ મૂકાય તેવા સંજોગોમાં રાજ કુંદરાએ પ્લાન બી નામથી યોજના ઘડી રાખી હતી. સરકાર કોઈ કડક પગલાં લઈ ન શકે તે માટેનો આ વ્યૂહ હતો. તેના ભાગરૂપે રાજ અને શિલ્પાએ ૨૦૧૯માં કેનેરીનમાંના ડિરેક્ટર તરીકેના હોદ્દાઓ પરથી રાજીનામાં આપ્યાં હતાં. એ કંપનીઓ લંડન ખાતે કામ કરે છે. લંડનની પોલીસ આવા વીડિયો સામે કામ લેતી નથી. ત્યાં એ ગુનો બનતો નથી, સિવાય કે તે બાળકોને અથવા સગીરોને ઈન્વોલ્વ કરતો હોય. ભારત સરકાર કામ ચલાવે તો કુંદરા કહી શકે કે હું એ કેનેરીન કે હોટ શોટ્સનો માલિક નથી. તેની સાથે મારે કોઈ નિસ્બત નથી, પરંતુ બાકીના વ્યવહારો જોતા કુંદરા તેમાં પૂરેપૂરો ડૂબેલો હતો. આવકમાંથી સિંહભાગ એ જ મેળવતો હતો. પ્લાન બીમાં એણે ભારતમાંથી ‘બોલી ફ્રેમ’ નામની નવી અને વધારે પવિત્ર ઍપ્સ લોન્ચ કરવાની યોજના ઘડી હતી. આ બધી વિગતો તેઓના વૉટ્સ ઍપ ચેટમાંથી મળી છે. કુંદરાને ૧૯ જુલાઈના રોજ પોલીસ સ્ટેશનમાં માત્ર નિવેદન નોંધાવવા બોલાવાયો હતો અને ત્યારે જ તેની ધરપકડ થઈ. લેપટોપ અને ફોનમાંથી વાંધાજનક ચીજો ડિલીટ કરવાનો કુંદરાને મોકો અપાયો ન હતો. એના લેપટોપમાંથી જ ૧૯ વીડિયો મળ્યા છે. ત્યાર પછીના દિવસોમાં શિલ્પા શેટ્ટીને પોલીસ સ્ટેશને બોલાવીને પૂછપરછ કરવામાં આવી. આ બધી પ્રવૃત્તિઓ વિશે શિલ્પા સાવ અજાણ હોય એ દલીલ સ્વીકારવા કોઈ તૈયાર નથી. શિલ્પાના અને રાજના બેન્કનાં એકાઉન્ટ્સ હાલમાં સ્થગિત કરી દેવાયા છે. આ સિવાય બીજા નવ જણની ધરપકડ કરવામાં આવી હતી. તેઓના ખાતાંઓ પણ ફ્રીજ કરાયાં છે, તેમાં એક ગહના વસિષ્ઠ છે.

ગહના વસિષ્ઠ સુંદર છે, સ્માર્ટ છે. એ સોફ્ટવેર એન્જિનિયર છે. થોડાં વરસ નોકરી કર્યાં બાદ એ મૉડેલિંગ અને નાના પરદા પર અભિનેત્રી તરીકે આવી હતી. કુંદરાની ફિલ્મોની સ્ક્રિપ્ટ એ લખતી, ડિરેક્ટ પણ કરતી. એ કહે છે કે, એને કોઈ આખા મામલામાં ફસાવી રહ્યું છે. શા માટે ફસાવી રહ્યું છે તે એ જાણતી નથી, પરંતુ પોતાની વાતની તરફેણમાં એ જે વિગતો રજૂ કરે છે તે પરથી લાગે છે કે એની વાતમાં દમ છે. એ પાંચ મહિના જેલમાં રહી આવી. એની ધરપકડ, ફોન અને લેપટોપની ઝડતી વિશે પોલીસે ચાર્જશીટમાં દાવો કર્યો છે કે ગહનાને પોલીસ સ્ટેશનમાં બોલાવીને ઝડતી લેવાઈ ત્યારે એના કપડાંમાંથી એક લેપટોપ અને ત્રણ સેલફોન મળી આવ્યાં હતાં. ગહના કહે છે કે વાસ્તવમાં પોલીસ એના ઘરે ગઈ હતી. ક્રાઈમ બ્રાન્ચમાંથી ૧૪ લોકો આવ્યા હતા અને ગહનાનો ફોન માગ્યો હતો. ગહનાએ કહ્યું કે એની પાસે ત્રણ ફોન છે. એમ કહીને એણે ત્રણેય ફોન અને લેપટોપ પોલીસને સોંપી દીધા હતા. બધા ગયા પરંતુ ફાતિમા, યોગિતા અને શિવ નામના પોલીસકર્મીઓ રાત્રે ગહનાના વન બેડ રૂમના ફ્લેટમાં જ રોકાઈ ગયા હતા. જેથી ગહના પોતાની રીતે કંઈ છુપાવી ન શકે કે કોઈ તજવીજ કરી ન શકે. ગહના પર આરોપ છે કે એ શૂટિંગ કરી રહી હતી ત્યારે એક યુવતી પર સામૂહિક બળાત્કાર આચરવામાં આવ્યો હતો. પોલીસ આ મુદ્દા પર ગહના પર કામ ચલાવી રહી છે. ગહના કહે છે કે, શૂટિંગના સેટ પર એ કેવી રીતે શક્ય બને? કેટકેટલા લોકો ત્યાં હાજર હોય. બાદમાં એ આક્ષેપ કરનારી યુવતીએ પેમેન્ટ પણ લીધું છે. ત્યાર પછી જે પાર્ટી યોજાઈ તેમાં ડાન્સમાં ભાગ લીધો હતો. બીજી એક યુવતી પોલીસ સ્ટેશનમાં ગહના સામે ફરિયાદ નોંધાવવા ગઈ હતી. ગહનાએ પોલીસ સામે એની પૂછપરછ કરી ત્યારે એ યુવતી ભાગી ગઈ હતી અને ઘરે જઈને સોશિયલ મીડિયા દ્વારા મેસેજ મોકલ્યો હતો કે પોતે કોઈની સામે કેસ નોંધાવવા માગતી નથી, કારણ કે બળાત્કાર થયો જ નથી. જે યુવતીએ સામૂહિક બળાત્કારનો આરોપ મૂક્યો છે તે શૂટિંગ પૂરું થયા બાદ ઘણા દિવસો સુધી પ્રમોશન અને લાઈવ પ્રમોશનમાં ભાગ લેતી રહી હતી. આ બધી ઘટનાઓની ક્લીપ કંપની પાસે છે એવો ગહનાનો દાવો

શિલ્પા શેટ્ટીને પોલીસ સ્ટેશને બોલાવીને પૂછપરછ કરવામાં આવી. આ બધી પ્રવૃત્તિઓ વિશે શિલ્પા સાવ અજાણ હોય એ દલીલ સ્વીકારવા કોઈ તૈયાર નથી

"ગુણવત્તા એ કોઈ કાર્ય નથી પરંતુ એક આદત છે."
- કિંગ પરીવાર

SINCE 2000

Kings
Trustworthy Source For Dehydrates ...

World's Most Preferred Dehydrated Onions Manufacturer

21 Experience

25 PLUS Countries

42 PLUS Product's

600 PLUS Domestic Client's

100 PLUS International Client's

Quality

અત્યાધુનિક ટેક્નોલૉજી દ્વારા ૧00% શુધ્ધ પ્રોડક્ટનું નિર્માણ.

Safety

ઈન-હાઉસ લેબોરેટરીમાં કેમિકલ તેમજ બાયોલોજીકલ પરીક્ષણ.

People

ઉચ્ચ પ્રતિભા, જ્ઞાન અને આવડત ધરાવતા કર્મચારીઓ.

BRC GLOBAL STANDARDS AA CERTIFIED
HALAL
KOSHER CHECK Kosher Checked. Globally Accepted.
FSSC 22000
fssai

COVID-19
Vaccination Camp

Kings
Trustworthy Source For Dehydrates ...

Kings Dehydrated Foods Pvt. Ltd.

Mahuva-Bhavnagar By-Pass Road, Mahuva-364290
Email - info@kings-dehydrated-onions.com | Website - www.kings-dehydrated-onions.com

છે. ગહનાનું કહેવું છે કે, જો કુંદરાની કંપનીએ બનાવેલા વીડિયો પોર્નોગ્રાફીમાં આવે તો ભારતની તમામ મહત્ત્વની વેબ સિરીઝ નિર્માણ કંપનીઓના વડાની પણ ધરપકડ થવી જોઈએ. એ કહે છે કે, એણે પોતે કુંદરાએ નિર્માણ કરેલી ત્રણ વીડિયો ફિલ્મોમાં કામ કર્યું છે, જે આજે પણ ઈન્ટરનેટ પર જોઈ શકાય છે. તેમાં શૃંગાર છે, પણ પોર્ન જેવું કંઈ નથી. માટે લોકો કુંદરા નિર્મિત વીડિયો જુએ પછી જ નિર્ણય લે, તેવી અપીલ વસિષ્ઠે કરી છે. દરેક દોષિત જણ એમ દોષ કબૂલ કરી લેતી નથી. છતાં શક્ય છે કે ગહના સાચી હોઈ શકે. જો એ કહે છે એવું હશે તો અદાલત તેઓને નિર્દોષ છોડી શકે છે. આજકાલ ચૂંટાયેલી સરકારો નાગરિકોની સામે પડી જતી હોય છે, ત્યારે કોનો ભરોસો કરવો? છતાં અદાલતો પર હજી લોકોને ભરોસો છે. એક ચેનલને આપેલી મુલાકાતમાં ગહના એટલા ચિંતારહિત અવાજ અને જબાનમાં પોતાની વાત માંડે છે ત્યારે લાગે છે કે એ નિર્દોષ છે અથવા મૂર્ખ હશે. સાચું ખોટું રામ અને રાજ જાણે. રાજ અને શિલ્પાની પણ એ જ દલીલ રહી છે, પણ જો કન્ટેન્ટ એટલું ખુલ્લે આમ ન હોય તો વિદેશોના લોકો કંઈ વાર્તા સાંભળવા માટે તે વીડિયો ખરીદતાં હતા? શું એવું ત્યાં તેમને ઉપલબ્ધ નથી? મબલખ છે. કંઈક નવું હોય તો જ તેઓ વળગે અને અંદરની ભાષા બાબતનું શું? પોર્ન અથવા સોફ્ટ પોર્ન હોય તો જ તેઓ રસ લે, જે ભાષા સમજ્યા વગર પણ જોઈ શકાય.

બીજા ઘણા લોકો, અર્થાત્ મૉડેલો અને અભિનેત્રીઓ જાહેરમાં આવીને કુંદરા કંપની પર આરોપો મુકી રહી છે. એક સાગરિકા શોના સુમન નામની ખૂબસૂરત મૉડેલે ઉમેશ કામત પર આરોપ મૂક્યો છે કે એણે વૉટ્સ ઍપ કૉલ કરીને સાગરિકાને એની તથાકથિત વેબ સિરીઝમાં કામ કરવાનું આમંત્રણ આપ્યું હતું. એ વીડિયો કૉલ વખતે ઉમેશની બાજુમાં રાજ કુંદરા અને બીજી એક વ્યક્તિ માસ્ક પહેરીને બેઠી હતી, પરંતુ કુંદરાના જાણીતા ચહેરાને કારણે કુંદરાને એ ઓળખી ગઈ હતી. કુંદરા કશું બોલ્યો ન હતો, પણ ઉમેશે સાગરિકાને ઑડિશન માટે બોલાવી ત્યારે કહ્યું હતું કે, સાગરિકાએ નગ્ન (ન્યૂડ) બનીને ઑડિશન આપવાનું રહેશે? ઉમેશે ત્યારે સાગરિકાની દેહયષ્ટિની ભારોભાર પ્રશંસા કરી હતી. ખૂબ મોટી વેબ સિરીઝ બનાવી રહ્યા છીએ અને તેથી તારી કારકિર્દી ચમકશે એવી લાલચ આપી હતી. બીજી કેટલીક અશ્લીલ ભાષા પણ કામત બોલ્યો હતો. આ બધું સાંભળીને સાગરિકાએ તેમાં આગળ વધવાનું માંડી વાળ્યું હતું, તેવો સાગરિકાનો દાવો છે. તેના કહેવા પ્રમાણે આ ગયા વરસના ઑગસ્ટની વાત છે.

ઉમેશ કામત

આ વાતની પુષ્ટિ કે ખરાઈ થઈ ન શકે. પોલીસ તટસ્થ રીતે તપાસ કરે તો જ ભેદ ખૂલે. બીજી કેટલીક પૂનમ પાંડેઓ અને શાર્લિન ચોપડાઓ બહાર આવી છે, જેના પર લોકો પોતાની વિવેકમતિ મુજબ વિશ્વાસ મૂકે છે. રાખી સાવંત રાજ અને શિલ્પાની પડખે ઊભી રહી ગઈ છે, પરંતુ બોલિવૂડના નામી લોકો ચૂપચાપ છે. છતાં આ સ્કેન્ડલને રોજ નવી-નવી પેટા ડાળીઓ ફૂટી રહી છે.

રાજ કુંદરાની મથરાવટી આમેય મેલી હતી. બ્રિટનમાં શિલ્પા શેટ્ટી ૨૦૦૭માં બિગ બ્રધર જીતી ત્યારે ખાસ્સી લોકપ્રિય બની હતી. ત્યાં સુધી કે એ દિવસોમાં એનું સુંદર વિશાળ કટઆઉટ બિગ બૅન ટાવરની બાજુમાં મૂકવામાં આવ્યું હતું. ત્યારે બિગ બ્રધર સ્પર્ધામાં જેડ ગૂડીએ શિલ્પાને ઝૂંપડપટ્ટી તરીકે ઓળખાવી હતી, પણ સહનશીલતા દર્શાવીને શિલ્પા બ્રિટિશરોમાં આદર મેળવી ગઈ હતી. ત્યાર પછીના બે વરસ બાદ બિગ બૉસ સ્પર્ધા યુ.કે.માં યોજાઈ, તે સ્પર્ધામાં પણ જેડ ગૂડીએ ભાગ લીધો હતો અને તેની જજ તરીકે શિલ્પા શેટ્ટી હતી. (આજકાલ શિલ્પા ડાન્સ દીવાનેની જજ છે.) જેડ ગૂડીનો સ્ટેજ પર હાથ પકડી શિલ્પાએ માફી આપી દીધી હતી. ત્યાર બાદ થોડાં વરસમાં જેડ ગૂડીનું નાની વયે જ અવસાન થયું ત્યારે શિલ્પાએ દુઃખ વ્યક્ત કરતા કહ્યું હતું કે, ગૂડીને કારણે જ મારી કારકિર્દીમાં સુખદ વળાંક આવ્યો હતો.

એ વળાંક એટલો સુખદ રહ્યો કે રાજ કુંદરા શિલ્પા પર આફરીન થઈ ગયો. શિલ્પા પર પ્રભાવ પાડવા મોટી ભેટ સોગાદ લઈને એ પહોંચ્યો. શિલ્પાની મમ્મી પર પ્રભાવ પાડવા માટે એક તથાકથિત મોટા ફિલ્મ પ્રોજેક્ટમાં બમણી રકમની ઑફર આપી અને શિલ્પાને મિત્ર બનાવી દીધી. પોતાની પ્રથમ પત્નીને છૂટાછેડા આપીને શિલ્પાને પત્ની બનાવી. હાલમાં બંનેનાં બે બાળક છે. પરણ્યા પછી રાજસ્થાન રોયલ્સ આઈપીએલ ટીમ ખરીદી. તેમાં ટીમના માલિક બનીને ક્રિકેટ પર સટ્ટો રમવાનો આરોપ આવી પડ્યો. બિન્દુ દારાસિંહ અને ત્યારના બીસીસીઆઈના અધ્યક્ષ શ્રીનિવાસનના જમાઈ મયપ્પનનાં નામો સ્કેન્ડલમાં બહાર આવ્યાં. આખરે રાજ અને શિલ્પાએ એક ચુકાદાના અનુસંધાને રાજસ્થાન રોયલની માલિકી છોડી દેવી પડી. એ વખતે એમના જીવનનો એ એક મોટો સેટ-બૅક હતો. ત્યારથી બંનેની છાપ બગડી હતી. શિલ્પા પાસે વરસોથી કોઈ ફિલ્મ નથી અને હવે આજકાલમાં એની એક ફિલ્મ હંગામા રિલીઝ થવાની છે. તે અગાઉ જ આ પોર્નોગ્રાફીનો હંગામો મચી ગયો છે. શિલ્પા કિંકર્તવ્યમૂઢ જરૂર હશે. પતિની ધરપકડ પછી ત્રાણેક દિવસ કશું બોલી નહીં અને પછી ટ્વિટ કર્યું કે, અગાઉ મારી સામે પડકારો આવ્યા હતા, તેને પહોંચી વળી હતી. ભવિષ્યમાં પણ પહોંચી વળીશ. તેનો અર્થ એ નથી કે મને વર્તમાનમાં જીવતાં કોઈ રોકી શકે. બીજી તરફ સ્થિતિ એ છે કે પોલીસે શિલ્પાને પણ કોઈ ક્લીન ચીટ આપી નથી. વર્તમાનમાં તો માથા પર ડેમોક્લીસિસની તલવાર લટકી રહી છે. ■

> **સાગરિકા શોના સુમન નામની ખૂબસૂરત મૉડેલે ઉમેશ કામત પર આરોપ મૂક્યો છે કે એણે વૉટ્સ ઍપ કૉલ કરીને સાગરિકાને તથાકથિત વેબ સિરીઝમાં કામ કરવાનું આમંત્રણ આપ્યું હતું**

મુકામ મુંબઈ ▪ **લતિકા સુમન**

જીવનમાં ગુરુનું મહત્ત્વ સમજાવી રહ્યા છે

ગુરુદેવ શ્રી શ્રી રવિશંકર

શ્રી શ્રી રવિશંકર એક એવું નામ છે જેમણે આર્ટ ઓફ લિવિંગ જેવી માનવતાનું જ્ઞાન આપનારી સંસ્થાની વર્ષ ૧૯૮૨માં સ્થાપના કરી. આજે આ સંસ્થા દેશ-વિદેશના લાખો યુવાનો સાથે મળીને મોટા પાયે કામ કરી રહી છે. આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય વ્યક્તિગત, રાષ્ટ્ર અને વૈશ્વિક સ્તર પર શાંતિ સ્થાપિત કરવાનો છે. આ વખતે કોરોનાના મહાસંકટે વિશ્વને ઘેરી લીધું છે. દુનિયાનાં ઘણા મંદિરો અને પ્રાર્થનાઘરોના દરવાજા બંધ છે. કેટલાય તહેવાર આવ્યા અને ગયા, જેમાં લોકોએ પોતપોતાની રીતે ઉજવણી કરીને, પ્રાર્થના કરીને ઈશ્વરના આશીર્વાદ મેળવ્યા. થોડા દિવસો પહેલાં ગુરુ પૂર્ણિમાનો તહેવાર પણ ગયો જેને હિન્દુ ધર્મમાં ખૂબ મોટા પાયે ધામધૂમથી ઊજવવામાં આવે છે, પણ આજે કોરોના જેવી મહાભયંકર સ્થિતિમાં ઘેરાયેલા બધા ભક્ત અને શિષ્યગણોએ ગુરુઓની આજ્ઞા અને આશીર્વાદ થકી પોતપોતાનાં ઘરોમાં આ તહેવારની ઉજવણી કરી.

આ ગુરુ પૂર્ણિમાના તહેવારના અવસરે ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજી સાથે વાત કરવાનો મોકો મળ્યો. શ્રી શ્રી રવિશંકરજી હાલમાં તેમના બેંગ્લુરુ સ્થિત આશ્રમમાં રોકાયેલા છે. પ્રસ્તુત છે શ્રી શ્રી રવિશંકરજી સાથેની 'અભિયાન'ની મુલાકાત...

આ વર્ષે આર્ટ ઓફ લિવિંગે કેવી રીતે ગુરુપૂર્ણિમાની ઉજવણી કરી?

કોરોના મહાસંકટ પહેલાં ગુરુ પૂર્ણિમાના દિવસે જુદી જુદી જગ્યાએ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવતું હતું, સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવતું અથવા જુદા જુદા પ્રકારના વિવિધ કાર્યક્રમો કરવામાં આવતા. યુવાનો ઉત્સાહપૂર્વક આ કાર્યક્રમમાં જોડાતા. આ દિવસે આખા વર્ષ દરમિયાન આપણે શું કર્યું, તેનું મૂલ્યાંકન કરીને આવનારું વર્ષ સારી રીતે વીતે અને કયા કાર્યો કરીશું, જીવનને સકારાત્મક દૃષ્ટિથી જોઈને આપણુ જીવન સમાજ અને દેશની સેવામાં, માનવતા અને શાંતિને કાયમ રાખવામાં મદદરૂપ થાય એ વાતો પર ધ્યાન આપીને પ્રગતિના માર્ગ પર આગળ વધીશું. આ વર્ષે પણ ગુરુ પૂર્ણિમાની ઉજવણી થઈ, પણ લોકોએ પોતપોતાના ઘરે રહીને ઓનલાઈન ઉજવણી કરી. હાલના સમયમાં દરેક વ્યક્તિ પોતપોતાની રીતે કોરોના સામે લડવામાં વ્યસ્ત છે. સેવા કરી રહ્યા છે. તેણે સેવામાં પોતાના જીવનને કેવી રીતે સાર્થક કર્યું, શું મેળવ્યું - શું ગુમાવ્યું તેનું સ્મરણ અને આત્મમંથન કરીને સમર્પણ કરીશું.

ગુરુ પૂર્ણિમાની ઉજવણી કેમ કરવામાં આવે છે?

આ પૃથ્વી પર હજારો વર્ષો પહેલાં મહાપુરુષ, ઋષિ, મહાત્મા વગેરે આવતા રહ્યા અને ભવિષ્યમાં પણ આવતા રહેશે. આ ગુરુજનોએ જ આ ધરા પર શુદ્ધ જ્ઞાનની ધારાને જીવિત રાખી છે. વર્ષનો એક દિવસ બધા ગુરુજનો માટે કૃતજ્ઞતા પ્રકટ કરવા માટે રાખવામાં આવ્યો છે. કૃતજ્ઞતાથી ભરેલા હૃદય દ્વારા જ પૂર્ણતાનો ઉદ્ગમ થાય છે અને આ જ ગુરુ પૂર્ણિમાનો સાર છે. ગુરુ પૂર્ણિમા પ્રેમ અને જ્ઞાનનો ઉત્સવ છે. જે જ્ઞાન અને આનંદ આપણને પ્રાપ્ત થયા છે, તેના પ્રતિ આપણે કૃતજ્ઞ બનીએ અને તેને અન્યો સાથે વહેંચવા માટે પ્રતિબદ્ધ બનીએ. એક સાધક માટે ગુરુ પૂર્ણિમા સમીક્ષાનો દિવસ હોય છે. તેને એ તપાસવાનું હોય છે કે, ગયા વર્ષે તેણે કેટલું જ્ઞાન અર્જિત કર્યું અને કેટલું જ્ઞાન પોતાના જીવનમાં ઉતાર્યું. પછી ફરીથી આત્મવિકાસના પથ પર પુનઃસંકલ્પિત અને પુનઃસમર્પિત થઈ જવાનું છે.

ગુરુ પૂર્ણિમાને વ્યાસ પૂર્ણિમા કેમ કહેવામાં આવે છે?

ઋષિ વેદવ્યાસને ભૌતિક અને આધ્યાત્મિક દરેક પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત હતું. તેમણે સંપૂર્ણ જ્ઞાનને સંગઠિત કર્યું. એવું કોઈ જ્ઞાન નહોતું જેનાથી તેઓ અજાણ હતા. તેમના સન્માનમાં અષાઢ મહિનાની પૂર્ણાને વ્યાસ પૂર્ણિમા તરીકે ઊજવવામાં આવે છે.

ગુરુનું આપણા જીવનમાં શું મહત્ત્વ છે?

જ્યારે તમારા જીવનમાં ગુરુનું આગમન થાય છે ત્યારે તમારી ચેતનામાં જ્ઞાનનો ઉદય થવા લાગે છે. જ્ઞાન વિના જીવન અધૂરું છે. જીવનની શરૂઆત જ જ્ઞાન થકી જ થાય છે. ગુરુ એ નથી, જે તમારા પર હુકમ ચલાવે, પણ ગુરુ એ છે જે તમને આત્મસાત કરવા માટે પ્રેરિત કરે. ઉપનિષદોમાં બ્રહ્મનિષ્ઠ ગુરુનાં પાંચ લક્ષણ જણાવવામાં આવ્યા છે. જ્ઞાન રક્ષા, દુઃખ ક્ષય, સુખ, આવિર્ભાવ, સમૃદ્ધિ અને સર્વ સંવર્ધન. ગુરુની ઉપસ્થિતિમાં જ્ઞાન પલ્લવિત થાય છે. દુઃખ ક્ષીણ થવા લાગે છે, મન કારણ વિના પ્રસન્ન રહેવા લાગે છે, વ્યક્તિમાં બધી યોગ્યતા વધી જાય છે અને સમૃદ્ધિ પણ વધવા લાગે છે.

આધ્યાત્મિક ગુરુ આપણને શું શીખવાડે છે?

પોતાનો ચહેરો જોવા માટે દર્પણની જરૂર પડે છે. તમે દીવાલ પર તમારો ચહેરો ન જોઈ શકો. ગુરુ એ દર્પણ છે, જેમાં તમે તમારા સ્વરૂપને જોઈ શકો છો.

આજના કળિયુગમાં સકારાત્મક અને નકારાત્મક બંને ઊર્જાઓના ગુરુ છે. કહેવાય છે કે ગુરુ પણ આપણને આપણા કર્મ અનુસાર મળે છે. કેટલાક લોકો મોક્ષ પ્રાપ્તિ માટે ગુરુ બનાવે છે. નકારાત્મક ઊર્જાઓના ગુરુના સાંનિધ્યમાં આવવાવાળાને મોક્ષની પ્રાપ્તિ થાય છે ખરી?

એક શિષ્ય માટે તો ગુરુ ક્યારેય નકારાત્મક નથી હોતા. તે વિચારી જ નથી શકતો કે ગુરુ નકારાત્મક છે, પણ બહારથી તમે જેને દુષ્ટ સમજો છો તેની પાસેથી પણ તમે શિક્ષા મેળવી શકો છો. પોતાના પતન દ્વારા એ તમને જણાવે છે કે તમારે શું ન કરવું જોઈએ. એ રીતે પણ તમે તેમને તમારા ગુરુ કહી શકો. તેથી જો તમને કોઈ નકારાત્મક લાગે છે તો એ તમારો ગુરુ જ ન કહેવાય.

એટલે કે ગુરુના સ્થાન પર જે બિરાજ્યા છે તેનું મહત્ત્વ એકસરખું જ છે. પછી ભલે ને ઊર્જા સકારાત્મક હોય કે નકારાત્મક?

દરેક વ્યક્તિ પાસેથી આપણે કશુંક ને કશુંક શીખી શકીએ છીએ અને આપણે શીખીએ પણ છીએ. દુર્જન પોતાનું પતન કરતા તમને શીખવાડે છે કે હું ખાડામાં પડી રહ્યો છું. તમે સતર્ક રહો. તમે આવું ન કરો. તેથી જ કહે છે કે પહેલાં દુર્જનને નમસ્કાર કરો અને પછી સજ્જનને કરો.

શુક્રાચાર્ય રાક્ષસોના ગુરુ હતા. તમે તેમને કેવી રીતે જુઓ છો, શું રાક્ષસોને મોક્ષની પ્રાપ્તિ થઈ હશે?

વિનાશ પ્રાપ્ત કરીને જ રાક્ષસોને મોક્ષની પ્રાપ્તિ થાય છે, વિજય થકી નહીં.

એનો અર્થ શું થયો?

એનો અર્થ એ કે જો આપણે રામાયણનું પઠન કરીએ છીએ તો તેમાં પણ એવું લખ્યું છે કે રામના બાણથી રાવણને મોક્ષ મળ્યો અને દુર્ગા સપ્તશતી વાંચીએ તો તેમાં લખ્યું છે કે શસ્ત્રોથી પુનિત કરીને દેવી પણ બધા દાનવોને મુક્તિ આપે છે.

શિવ અને વિષ્ણુ દેવના સંબંધને તમે કેવી રીતે જુઓ છો?

બધા એક જ તો છે. કહેવાય છે કે એકવાર ભગવાનને લઈને ભક્તોમાં વિવાદ થયો. કેટલાક લોકો હરિ હરિ કહેતા રહ્યા અને કેટલાક હર હર કહેતા રહ્યા. પછી ભગવાને એમને એવું રૂપ દેખાડ્યું, જેમાં અડધું રૂપ હરિનું હતું અને અડધું હરનું. હરિ અને હરમાં કોઈ ભેદ નથી. વ્યક્ત અને અવ્યક્ત ચરાચર વિશ્વનો સાર અને તેનું કારણ શિવ તત્ત્વ જ છે. એક જ સર્વ વ્યાપી તત્ત્વ છે, જે શિવ બનીને પરિવર્તન લાવે છે અને વિષ્ણુ બનીને સૃષ્ટિનું પાલન પણ કરે છે.

દત્તગુરુના અવતાર અથવા તેમના સ્વરૂપ વિશે તમે શું કહેશો?

દત્તાત્રેયે સમસ્ત સમષ્ટિ પાસેથી જ્ઞાન મેળવ્યું હતું. અત્રેય ઋષિનું કોઈ સંતાન નહોતું તેથી તેમણે દત્તને દત્તક લીધા હતા. દત્ત અથવા દત્તાનો અર્થ થાય છે - આપવામાં આવેલું, મેળવવામાં આવેલું અથવા સ્વીકારવામાં આવેલું. તેથી જ્યારે પણ કોઈ વ્યક્તિ બાળકને દત્તક લે છે ત્યારે તેને દત્ત સ્વીકારા કહેવામાં આવે છે. તેથી જ્યારે અત્રેય અને અનુસૂયાએ બાળકને દત્તક લીધું તો દત્તાત્રેય કહેવાયું. આ બાળકમાં બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એમ ત્રણેની શક્તિ વિદ્યમાન હતી. સર્જનશીલતા ઘણા લોકોમાં હોય છે, પણ બધા લોકો તેનો ઉપયોગ નથી કરી શકતા. કેટલાક લોકો આરંભમાં તો સારું કામ કરે છે, પણ તેને સતત કાર્યરત રાખી નથી શકતા. કોઈ વાત અથવા કામને સતત કાયમ રાખવી તે વિષ્ણુ શક્તિ છે. વ્યક્તિમાં વિષ્ણુ શક્તિ એટલે કે સર્જનાત્મકતાને જાળવી રાખવાની શક્તિ હોવી પણ અત્યંત જરૂરી છે. ત્યાર બાદ આવે છે - શિવ શક્તિ, જે પરિવર્તન અને નવીનતા લાવવાની શક્તિ કહેવાય છે. ગુરુ એટલે કે માર્ગદર્શકમાં આ ત્રણે શક્તિઓ - સર્જનાત્મકતા, પાલનકર્તા અને પરિવર્તનકર્તા - એક સાથે જોવા મળે છે. એ ગુરુ શક્તિના પ્રતીક હતા.

તેથી શું ઘણા બધા સાધુ અને સંન્યાસી કોઈ સામાન્ય મનુષ્યને ગુરુ ન બનાવતા દત્તગુરુને જ

સર્જનશીલતા ઘણા લોકોમાં હોય છે, પણ બધા લોકો તેનો ઉપયોગ નથી કરી શકતા. કેટલાક લોકો આરંભમાં તો સારું કામ કરે છે, પણ તેને સતત કાર્યરત રાખી નથી શકતા

ગુરુ બનાવી તેમની પૂજા કરે છે?

ગુરુ તો પ્રકાશ છે. ચૈતન્ય સત્તા જ ગુરુ છે. ભગવાન શ્રીકૃષ્ણએ પણ એ જ કહ્યું છે ને - મૂઢ લોકો મને શરીર માને છે. હું શરીર નહીં, ચેતના છું. ગુરુ તત્ત્વ છું, તેને માત્ર શરીર ન સમજો.

ગુરુ અને શિષ્યનો હકીકતમાં શું સંબંધ છે?

જેવી રીતે મા દુનિયામાં વ્યક્તિને જન્મ આપે છે, એવી રીતે ગુરુ શિષ્યને એક નવી દુનિયામાં જન્મ આપે છે. તેઓ મા જેવા જ હોય છે.

સંતાનો માટે મા ગુરુ સમાન છે છતાં જન્મદાત્રી અને અધ્યાત્મિક ગુરુમાં શું ફેર છે?

માતા આપણી પ્રથમ જન્મદાત્રી અને પ્રથમ ગુરુ હોય છે, પણ આપણો બીજો જન્મ ગુરુ દ્વારા થાય છે. ગુરુ આપણને સત્યનું જ્ઞાન આપે છે. પરમસત્યથી, અધ્યાત્મથી પરિચિત કરાવે છે. ગુરુ જાગરુકતા પ્રદાન કરે છે. તમારી બુદ્ધિમત્તાને તેજ બનાવે છે. જાગૃત કરે છે. ગુરુ એક સર્કિટ બ્રેકર જેવા હોય છે, જ્યારે તમે જીવનને સંભાળી નથી શકતા ત્યારે તમારા ગુરુ આવે છે અને તમારી રક્ષા કરે છે, જેથી તમે સંતુલિત રહી શકો. ગુરુ તમને તમારી જાત સાથે જોડાઈ રહેવા માટે પ્રેરિત કરે છે. તે તમને વર્તમાન ક્ષણમાં રહેવાનું શીખવાડે છે.

તો શું પુરાતનકાળથી ચાલી આવતી ગુરુ-શિષ્ય પરંપરા આજે પણ હોવી જોઈએ?

હા, ગુરુ પરંપરા અવશ્ય હોવી જોઈએ. ગુરુ શિષ્ય પરંપરા તો અક્ષુણ્ણ છે, જે અનાદિકાળથી ચાલતી આવી છે અને ચાલતી રહેશે. જો કોઈ એમ કહે કે હું ગુરુ નથી, પણ હું કશુંક શીખવાડું છું. તો તે બેઈમાની થઈ અને જો કોઈ એમ કહે કે મારે ગુરુ નથી જોઈતા, પણ મારે કશુંક શીખવું છે તો એ પણ બેઈમાની જ કહેવાય. જેને કશુંક શીખવું છે અને જેને લોકો સાથે કશુંક વહેંચવું છે તે ગુરુ અને શિષ્ય બની જ જાય છે.

તમારું બાળપણ કેવી રીતે વીત્યું?

મારું બાળપણ આજે પણ વીતી જ રહ્યું છે.

તમે પોતે એક ગુરુ છો. તમને શું લાગે છે, ભક્તિ કરવાવાળા તમારા શિષ્યો કયા માર્ગ પર ચાલે?

કુટુમ્બકમની પરિકલ્પનાને લઈને, આર્ટ ઓફ લિવિંગના સ્વયંસેવક દુનિયાભરમાં નિરંતર સેવા કાર્યોમાં જોતરાયેલા છે. પોતાના કર્તવ્યોનું નિર્વહન કરતા પોતાની સેવા સાધના અને સત્સંગ ચાલુ રાખે, જ્ઞાન પ્રાપ્ત કરતા રહે અને અન્યો સાથે પણ પોતાનું જ્ઞાન વહેંચે એમ હું ઈચ્છું છું.

તમારો કોઈ ગમતો ભક્ત કે શિષ્ય છે ખરો?

જે કોઈ પણ મારા શિષ્ય છે, એ બધા જ મારા મનગમતા છે. ગુરુ દરેક માટે હોય છે.

આજે સમગ્ર વિશ્વ પર કોરોના મહાસંકટ તોળાઈ રહ્યું છે. તમારું આધ્યાત્મિક જ્ઞાન શું કહે છે, આ સ્થિતિ ક્યાં સુધી રહેશે?

ખૂબ જલદી દુનિયા આ બીમારીથી મુક્ત થશે, પણ લોકો સંયમ જાળવે અને સાવધાની રાખે.

ગુરુ પૂર્ણિમાના અવસરે તમે વિશ્વને શું સંબોધન કરવા માગશો?

બધા જ્ઞાનમાં રહે, ધ્યાનમાં રહે અને સેવા કરે. ■

HANUMANT H⊕SPITAL
A UNIT OF
(SHREE HANUMANT SEVA MEDICARE TRUST, REGD. NO. E.2205, BHAVNAGAR)

- ✻ ૧૫૦ બેડની અદ્યતન સુવિધાઓથી સજ્જ તાલુકામાં એકમાત્ર મલ્ટીસ્પેશ્યાલીટી ચેરિટેબલ હોસ્પિટલ.
- ✻ આસપાસમાં ૧૦૦ કિ.મી. નાં વિસ્તારમાં એકછત્ર નીચે તમામ સુવિધાઓ.
- ✻ લેમીનોર એરફલોર તથા હિપા ફિલ્ટર થી સજ્જ ૬ ઓપરેશન થીયેટરો.
- ✻ માઈક્રોસ્કોપ તથા ફેકોમશીન થી સજ્જ આંખ અને કાન-નાક-ગળાનાં ઓપરેશન થીયેટરો.
- ✻ લેપ્રોસ્કોપીક ઓપરેશનની સુવિધા, ગેસ્ટ્રો સ્કોપી તથા એન્ડો સ્કોપીની સુવિધા.
- ✻ કીડની ની પથરી નાં ઓપરેશન માટે આધુનિક હોલ્મીયમ યાગ લેઝર મશીન.
- ✻ ઓપરેશન વગર પથરી તોડવા માટે નું આધુનિક ડોર્નીયર લીથોટ્રીપ્સી મશીન.
- ✻ અત્યાધુનિક ૬૪ સ્લાઈસ નું સીટી સ્કેન મશીન.
- ✻ કીડની નાં દર્દીઓ માટે ૯ ડાયાલીસીસ મશીન.
- ✻ કલર ડોપ્લર તથા ટેલીરેડીઓ ની સુવિધા.
- ✻ સેન્ટ્રલ ઓક્સિજન તથા સકશન લાઈન ની સુવિધા વાળું ૧૬ બેડનું આઈ.સી.યુ.
- ✻ ૧૦ વેન્ટીલેટરની સુવિધા.
- ✻ ટ્રેડમિલ ટેસ્ટ તથા ૨ડી ઈકો કાર્ડીયોગ્રાફી ની સુવિધા.
- ✻ ૨૪ કલાક લેબોરેટરી, એકસ-રે, સીટી સ્કેન તથા દવાની દુકાની સુવિધા.
- ✻ દર્દી તથા સગાઓ માટે કેન્ટીન ની સુવિધા, લીફ્ટ ની સુવિધા.
- ✻ દર્દીઓ ને મહુવા થી આવવા જવા માટે વિના મુલ્યે વાહન સેવા ઉપલબ્ધ.
- ✻ સરકારશ્રી દ્વારા સંચાલિત મુખ્યમંત્રી અમૃતમ તથા આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત દર્દીઓને વિના મૂલ્યે ઓપરેશન તથા સારવાર ની સુવિધા.

હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ કાયમી વિભાગો

- ✚ યુરોલોજી વિભાગ
- ✚ જનરલ મેડીસીન વિભાગ
- ✚ ઓર્થોપેડિક વિભાગ
- ✚ ઈ.એન.ટી. વિભાગ
- ✚ ઓપ્થેલ્મોલોજી વિભાગ
- ✚ ક્રીટીકલ કેર વિભાગ
- ✚ રેડીયોલોજી વિભાગ
- ✚ પેથોલોજી વિભાગ
- ✚ અનેસ્થેસિયા વિભાગ
- ✚ ડેન્ટલ વિભાગ
- ✚ ફીઝીઓથેરાપી વિભાગ
- ✚ ૨૪ × ૭ ઈમરજન્સી વિભાગ

Nesavad-Devaliya Bypass, N.H.No.51, MAHUVA-364290, Dist. : Bhavnagar, Gujrat.
Tale. : 02844-224444, Mo. : 9408706151, 9408706152, 9408706196
E-mail : hradmin@hanumanthospital.com • Visit us : www.hanumanthospital.com

SOHAM-9913455999

We are committed towards safe, sound, green and responsible ship recycling.

Ship Recycling Industries Association (India) Bhavnagar
Plot No. 1899/A, Shashi Prabhu Chowk,
Opp. Shanti Prime Apts. Rupani, Bhavnagar-364001.
☎ +91-278-2225687, 2566334, Fax : 0278-2566332
✉ sriaindia@yahoo.com ✉ sriaindia83@gmail.com
www.sriaindia.com

KRISHNA-9879542542

સોશિયલ મીડિયા ▪ **શૈશવ વોરા**

સાચો ગરીબ ક્યારેક શોધવો પડે એવું છે

Licenced
REFRIGERATED WATER TROLLY
मशीन का ठंडा पानी
2 रुपये गिलास

પ્રતિકાત્મક તસવીર

થોડા દિવસ પહેલાં એક સ્ટોરી વાંચી હતી. ચા, નાસ્તો પાનના ગલ્લાવાળા એવા નાના-નાના ધંધાવાળા કરોડપતિ નીકળ્યા. લગભગ અઢીસો લોકોએ પોણા ચારસો કરોડ રૂપિયાની સંપત્તિ ખરીદી..!!

શું વિચાર આવ્યો? કાળજડા બળી બળી જાય ને..?

પઈની પેદાશ નથી ને ઘડીની નવરાશ નહીં. ઈઝ ઓફ બિઝનેસના નામે નવી બાટલીમાં જૂના માલ ભરી ભરીને પીવડાવે અને ઉપરથી પોતાના મરી-મસાલાના તડકા, દર મહિને કોઈ ને કોઈ રીટર્ન ભરો અને કોઈ ને કોઈ લાઈસન્સ રીન્યુ કરો, પણ છે કોઈ ઝંઝટ, પાણીપૂરીના ખૂમચાવાળા ને?

સાહેબ વકરો તો ગણો પાણીપૂરી ,ભેળપૂરી, પાનના ગલ્લા એવા નાના નાના ધંધાના..!

આંખો ફાટી જશે..!

મોટા ભાગે રોડ ઉપર ઊભા રહીને થતા ધંધામાં કેપિટલ ઉર્ફે મૂડી ખાતું લગભગ ઝીરો જ હોય. કોઈ જ પ્રકારની ધંધો કરવા માટે મિલકત વસાવવાની નહીં. સરકાર માટે એની માએ એને જણ્યો છે એટલે સરકારે વાહનો ચલાવવા માટે બનાવેલા રોડ ઉપર ક્યાંક નાનકડો ખૂણો શોધીને ઊભા રહી જવાનું અને 'ગરીબ' બનીને જિંદગી આખી રહેવાનું..!

બહુ વર્ષો પહેલાં અમે કીટલી ઉપર મધરાતે ચા પીવા જતાં લૉ ગાર્ડન, ત્યાં તદ્દન મેલાઘેલા પણ 'સફેદ' કપડાંમાં એકદમ જાડી ફ્રેમના ચશ્માં પહેરી અને એક ભિખારણ ડોશી ફરે, ડોશીના ચશ્માં ચાડી ખાતા હતા કે એમને બે-તાળાંના ચશ્માં છે.

મને એક સર્વ સામાન્ય નિયમ ખબર કે આ વર્ગના બૈરા ચશ્માં પહેરે નહીં..! પૂછો ક્યું?

તો વાંચતા લખતા આવડતું હોય તો બે-તાળાંની જરૂર પડે ને?

તો પછી આ ભિખારણ ડોશી ચશ્માં કેમ પહેરે..? મનમાં કીડો સળવળ્યો..!

લૉ ગાર્ડનની એક સાઈડની અડધી લારીઓના માલિકો શૈશવને એ જમાનામાં આંખની ઓળખાણે ઓળખે, તરત જ પૂછ્યું કે બૉસ્સ, આ ડોશી કોણ?

સામો સવાલ આવ્યો, કેમ આવું પૂછો છો? ભિખારણ છે..!

મેં કીધું... ના, લાગતી નથી, દયામણુ મોઢું છે, પણ એની પાછળ એની આંખોમાં કંઈક જુદો ભાવ છે. મક્કમતા છે ને ચારેબાજુ નજર રાખતી હોય એવું લાગે છે અને અત્યારે રાત્રે દોઢ બે વાગે પણ કેમ રખડે છે અહીંયાં? કંઈક લોચો છે..!

પેલો પિઝાની લારીવાળો સમજી ગયો કે આ શૈશવ પાર્ટી ઓળખી ગઈ છે ભિખારણ ડોશીને... સાહેબ, ડોશી તો કરોડપતિ છે. અડધા લૉ ગાર્ડનને માલ ભરવા વ્યાજે રૂપિયા આ ભિખારણે આપ્યા છે. ઘણીવાર તો આ ડોશી રોજના દસ ટકા વ્યાજ લે છે, શાકભાજીની લારીઓવાળા પાસેથી.. રોજ સવારે હજારને બદલે નવસો રૂપિયા જ આપે, શાકભાજીની લારીવાળાને બકાલું ભરવા અને રાત્રે એક હજાર પૂરા પાછા લ્યે છે. અમારી પાસે મહિને ત્રણથી પાંચ ટકા વ્યાજ લે છે. પેલા મંદિરે બેઠા છે ને એ બધા એના છોકરા છે. વ્યાજ અને મૂડી બંનેમાંથી આ ડોશીનું કશું પણ જો ડુબાડે તો ડોશીના છોકરા પેલાને કાંકરિયામાં ડૂબકા ખવડાવે..!!

પહેલાં તો રોજના દસ ટકા સાંભળીને આંખો ખુલ્લી રહી ગઈ, વર્ષે કેટલા થાય?

એ સમયે હર્ષદ મહેતાવાળા 'તેજીબેન' લાલચોળ ચૂંદડી ઓઢીને મુંબઈના જીજીભોય ટાવરમાં રાસડા લેતાં..! પણ આ ડોશી તો 'તેજીબેન'ને પણ પાછળ રાખી દે એવું ગણિત બેસતું હતું.

લારીવાળાએ આંખનો ઈશારો કરીને દેખાડ્યું... જુઓ સાહેબ, જેની આગળ આજે વ્યાજ કે હપ્તો લેવાનો હશે એની દુકાનની સામે જ ભીખ માગ્યા કરશે ડોશી, એનો આજનો બધ્ધો વકરો ડોશી લઈને ઘેર જશે..! પેલાને જો રૂપિયા જોઈશે તો કાલે સવારે વ્યાજ કાપીને માલ ભરવા રૂપિયા ફરી આપશે, પણ ડોશી અને એના છોકરા રાત્રે મૂડી તો ઘર ભેગા કરી જ લે, વ્યાજ તો ડોશીએ સવારે જ કાપી લીધું હોય..!!

ડોશી ભણેલી ગણેલી હતી..! વ્યાજ ગણતા આવડતું હતું અને પોલકામાં ડાયરી રાખતી,

સોશિયલ મીડિયા

વ્યાજખોર ડોશી ભિખારણનો સ્વાંગ રચીને ધંધો કરતી, ભીખની આવક લટકામાં..!

હવે તો લૉ ગાર્ડન પણ મરી પરવાર્યું છે અને ડોશી પણ ઉકલી ગઈ હશે, પણ વિચારવાનું એ પણ છે કે ડોશીના દસ ટકા રોજના વ્યાજ ભરતા પણ શાક બકાલું વેચનારો કમાતો, લૉ ગાર્ડનની લારીવાળો પણ કમાતો અને ત્યાંથી અમુક લોકો તો દુનિયાભરમાં ફ્રેન્ચાઈઝી આપતા થઈ ગયા છે..!

આપણે ઘંટીના બે પડની વચ્ચે પીસાતા મધ્યમ વર્ગના લોકો ક્યારેય દાળવડા, ઈડલીના ખીરા કે પંજાબી શાક, સમોસાના રૉ મટીરિયલ એક કિલો કેટલા રૂપિયાના આવે અને ફિનિશ પ્રોડક્ટ કેટલા રૂપિયાની પડે એ વિષે તો વિચારતા જ નથી..!

ક્યારેય સિગારેટનું વજન કેટલું એ વિચાર્યું છે? એમાં કેટલા ગ્રામ તમાકુ? રીવર્સ એન્જિનિયરિંગ કરી જોજો તો ખબર પડશે કે કેટલા રૂપિયે સિગારેટ કિલો પડે છે..!

અરે, ખાખરા જેવી વસ્તુના કિલોએ કેટલા વધારે ચૂકવો છો એ તો ગણજો..!

એક મિત્રના પપ્પા મને હંમેશાં કહેતા કે, શૈશવ, હોટેલમાં પાપડ ક્યારેય ના ખવાય..!

દાક્તર (મારા મમ્મી પપ્પા)ને લઈને તમે છ જણા હોટેલમાં જાવ અને ત્યાં છ જણાનો એક એક પાપડ મંગાવો. એટલા રૂપિયામાં તો પાપડનું આખું પાપડનું પેકેટ આવી જાય. અને પાપડમાં વળી એવી તે શી કરામત હોય? શેકેલો કે તળેલો પાપડ તો ઘરનો હોય કે હોટેલનો એક જ હોય..! હોટેલની કમાણી જ આવા બધામાંથી છે..!

પાક્કો મારા જેવો અમદાવાદી જીવડો..! બીજાના માર્જિન જ ગણાવતો ફરતો હોય આખ્ખો દિવસ..!

નાના ધંધાના માર્જિન ઘણીવાર ઘણા મોટા છે અને દયા માયા અને ગરીબ રહેવાનો દેખાવ એને તમામ સરકારી એજન્સીઓથી બચાવીને રાખે છે.

ફક્ત અને ફક્ત કેશલેસ ઈકોનોમી જ આનો ઈલાજ છે અને કેશલેસનો પહેલો રસ્તો એ છે કે તમામ સેલેરી એકાઉન્ટમાંથી કેશ ઉપાડવાની મર્યાદા મૂકી દો.

જેમ જેમ કેશલેસ ટ્રાન્ઝેક્શન વધશે તેમ તેમ આવા ‘ગરીબો’ ટેક્સ નેટમાં આવશે, અને બીજો મોટ્ટો ફાયદો એ કે કશું કર્યા વિના જ ઈકોનોમી પાંચ ટ્રિલિયનની થઈ જશે..!!

સેલેરી એકાઉન્ટને કેશલેસ કરો અને સૌથી પહેલા સરકારી..!!!

પછી પ્રાઈવેટ ..!!

‘ગરીબો’ તો જ પકડાશે..!!

હોટેલમાં જઈને પાપડ ખાશો બોલો?

હું તો લગભગ પચ્ચીસ વર્ષોથી નથી ખાતો... અમદાવાદી જીવ રહ્યો ને,!! એકવાર ખબર પડી જાય પછી તો કેમનો ખાઈએ? સામેવાળાને કમાવા દેવાય? હરગિજ નહીં, શાક સરખું લાવવાનું હોય તો જમાલપુર અને ઓછું તો જીવરાજ, કરિયાણુ કબૂતરખાને ..!! બાપુજી આ બધ્ધું કરતા, પણ હવે પત્નીજી ઓનલાઈન મંગાવે, ડિસ્કાઉન્ટ વધારે..!

સાચો ગરીબ ક્યારેક શોધવો પડે એવું છે..!!

કદાચ અડોશ-પડોશમાં તમારી ’ને મારી સોસાયટીમાં જ ના મળી આવે એ જો જો..! ■

અભિયાનના ભાવનગર
વિશેષાંકને અમારી શુભેચ્છા

ભાવનગર જિલ્લા
ભાજપ પરિવાર

મુકેશ લંગાળીયા
પ્રમુખ,
ભાવનગર જિલ્લા ભાજપ

ભુપતભાઈ બારૈયા
મહામંત્રી,
ભાવનગર જિલ્લા ભાજપ

હરેશભાઈ વાઘ
મહામંત્રી,
ભાવનગર જિલ્લા ભાજપ

KRISHNA-9879542542

અભિયાનના ભાવનગર
વિશેષાંકને અમારી શુભેચ્છા

ભારતીય જનતા પાર્ટી
ભાવનગર મહાનગર

શ્રી રાજીવભાઈ પંડ્યા
પ્રમુખશ્રી
શહેર ભાજપ ભાવનગર

શ્રી ડી.બી. ચુડાસમા
મહામંત્રીશ્રી
શહેર ભાજપ ભાવનગર

શ્રી અરૂણભાઈ પટેલ
મહામંત્રીશ્રી
શહેર ભાજપ ભાવનગર

શ્રી યોગેશભાઈ બદાણી
મહામંત્રીશ્રી
શહેર ભાજપ ભાવનગર

KRISHNA-9879542542

પાંજો કચ્છ ▪ સુચિતા બોઘાણી કનર

કચ્છના માધાપરમાં થઈ રહી છે ગટરના પાણીથી ખેતી

ભુજ નજીકના માધાપરની નદીમાં દેશી ફિલ્ટરમાં રેતી અને નાના નાના પથ્થરની મદદથી ગટરનું દૂષિત પાણી શુદ્ધ કરીને ૧૭૦થી વધુ એકરમાં ખેતી કરવામાં આવે છે. કપાસ, મગફળી, મગ, ગુવાર, મકાઈ, જુવાર જેવા ધાન્ય અને કઠોળના પાકો અને ખારેક તથા દાડમ જેવા બાગાયતી પાકો પણ લેવામાં આવે છે.

suchita@sambhaav.com

સામાન્ય રીતે ગટરનું પાણી દૂષિત હોય છે, તેનાથી કોઈ પાક લેવાય એ વાત માનવામાં આવતી નથી. હા, મુંબઈમાં શ્રમજીવી લોકો રેલવે લાઇનની નજીક ગટરના વહેતા પાણીથી પાલખ જેવી ભાજી ઉગાડતા હોવાનું સૌ જાણે છે, પરંતુ આ ભાજી કેટલી ખાવા યોગ્ય છે, તે વિશે મનમાં શંકા તો રહેતી જ હોય છે. તેવી સ્થિતિમાં પાણીની કાયમી તંગી ભોગવતા કચ્છ જિલ્લામાં ગટરના પાણીને શુદ્ધ કરીને તેનાથી ખેતી થાય, ધાન, કઠોળ અને બાગાયતી પાક લેવાય તે અનુકરણીય લાગે તેવી બાબત છે. ભુજના પરા સમાન માધાપર ગામના ખેડૂતોએ આ અંગે પહેલ કરી છે. ગંદું, રસાયણોવાળું ગટરનું શુદ્ધ કરાયેલું પાણી વાપરીને ખેતી કરીને તેઓ બોરના પાણીથી થતી ખેતી કરતાં વધુ ઉત્પાદન મેળવે છે. મુંબઈની જેમ અનેક જગ્યાએ દૂષિત પાણી સીધું જ વાપરીને શાકભાજીનો પાક લેવાતો હોય છે, પરંતુ તેમાં દૂષિત પાણીના કારણે તે શાક વાપરવામાં આરોગ્ય જોખમાવાનો ડર લાગતો હોય છે. જ્યારે માધાપરના ખેડૂતો શાકભાજી વાવતા નથી. તેઓ જમીનથી થોડો ઊંચે ઊગતો હોય તેવો પાક લે છે.

ગટરના પાણીથી ખેતી કરનારા માધાપરના પર્યાવરણપ્રેમી અને ગ્રામપંચાયતના ઉપસરપંચ અરજણભાઈ ભુડિયા સાથે આ બાબતે વાત કરતાં તેઓએ જણાવ્યું હતું કે, ‘બિનઉપયોગી પાણી વાપરીને અમે ખેતી કરવા પ્રયત્ન કરીએ છીએ. માધાપર જૂનાવાસ, નવાવાસ અને ભુજના આર. ટી.ઓ. રિલોકેશન સાઇટની ગટરોના પાણી માધાપરની પાટ નદીમાં ઠલવાય છે. આ દૂષિત પાણીને અમે દેશી પદ્ધતિથી શુદ્ધ કરીએ છીએ. પછી શુદ્ધ થયેલા પાણીથી ખેતરમાં પાક તો લઈએ જ છીએ. ઉપરાંત માધાપરની સાર્વજનિક જગ્યાઓમાં વૃક્ષો ઉછેરવા માટે પણ આ પાણી વાપરીએ છીએ. ગટરના પાણીમાં વિવિધ પ્રકારના કચરા ઉપરાંત રસાયણો હોય છે. તે માટે અમે મોટા મોટા સો ફૂટ બાય સો ફૂટના હોજ બનાવ્યા છે. તેમાં રેતી અને નાના પથ્થરો એટલે કે સેન્ડ અને ગ્રેન્યુઅલ્સના થર બનાવ્યા છે. પાણી આ થરમાંથી પસાર થાય એટલે તે ગળાઈ જાય છે. તેમાંથી મોટા ભાગના દૂષિત તત્ત્વો નિકળી જાય છે. માત્ર કોસ્ટિક સોડા અને શેમ્પૂ જેવા મટીરિયલ્સ નિકળતા નથી. પાણીમાં બચેલા રસાયણોની વાસ તો આવતી નથી, પરંતુ તેની ચિકાશ રહે છે. તેથી જ અમે શાકભાજી જેવા જમીનને અડીને ઊગતા પાક લેતા નથી.’

માધાપર નવાવાસ, જૂનાવાસ અને આર. ટી.ઓ. રિલોકેશન સાઈટ મળીને રોજનું અંદાજે અઢી કરોડ લિટર પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે. તેમાંથી અંદાજે ૭૦ ટકા જેટલું એટલે કે ૧.૭૫ કરોડ લિટર જેટલું પાણી ગટરમાં જાય છે, પરંતુ આ પાણી નહાવામાં, બાથરૂમ, સંડાસમાં અને કપડાં-વાસણ ધોવામાં વપરાતું હોવાથી તેમાં અનેક પ્રકારનાં રસાયણો ભળે છે. તેથી તે સીધે સીધું વનસ્પતિને આપી શકાતું નથી. આથી માધાપરના ખેડૂતોએ જે મોટા હોજ બનાવ્યા છે, તેમાં ૨ પ્રકારના ગ્રેન્યુઅલ્સ અને ૨ પ્રકારની રેતીના અલગ-અલગ થર કર્યા છે. પહેલા હોજમાંથી પાણી શુદ્ધ થઈને બીજા હોજમાં જાય અને તેમાં સંગ્રહાયેલું પાણી ખેતી માટે વપરાય છે. અત્યારે માધાપરના ૨૦ જેટલા ખેડૂતોની ૧૭૦ એકર જેટલી જમીનમાં ખેતી આ પાણીથી થાય છે. ઉપરાંત સેંકડો વૃક્ષો આ પાણીથી મોટા થઈ રહ્યા છે.

ગટરના પાણીનો આવો ઉપયોગ કરવાનો વિચાર કોને આવ્યો અને ક્યારે આવ્યો તે અંગે વાત કરતાં અરજણભાઈ કહે છે, ‘અંદાજે ૫૦ વર્ષ પહેલાં ૧૯૭૦માં માધાપરમાં ગટર યોજના બની હતી. તે સમયે આ વિસ્તારમાં ખેતીના પાણી માટે ભારે ખેંચ વર્તાતી હતી. ગટરનું ગંદું પાણી ચોમાસા સિવાય સદા ખાલી રહેનારી પાટ નદીમાં છોડી દેવાતું હતું. ખેતી માત્ર વરસાદના પાણી પર નિર્ભર હતી. તેથી ત્યારે પાટ નદી આસપાસના ખેડૂતોને નદીમાં છોડાતા ગટરના પાણીનો ઉપયોગ કરવાનો વિચાર આવ્યો. તેઓ ડીઝલના એન્જિન વડે ગટરનું પાણી ખેંચતા અને નદીની નજીકમાં જ, ઊંચી જગ્યાએ નાના ખાડા બનાવી તેમાં તે ભરતાં. આ ખાડામાં તેઓ રેતીનો થર કરતાં. પહેલા ખાડામાં ભરાયેલું પાણી રેતીમાંથી

નિતરીને ગુરુત્વાકર્ષણથી તેના નીચેના લેવલ પર કરાયેલા ખાડામાં પહોંચતું. આ પાણી પછી તેઓ ખેતી માટે વાપરતા. પાણી ફરી જમીનમાં ઊતરી ન જાય તે માટે ખાડાને ચીકણી માટીથી બનાવતા. આજે અમે જે હોજ બનાવ્યા છે તેમાં પણ ચીકણી માટી વાપરી છે. આ હોજ દૂરથી જોવામાં તો નાની તળાવડી જેવા લાગે.'

તેઓ આજે કઈ રીતે પાણી વાપરે છે તે બાબતે જણાવતાં કહે છે કે, 'અમે જે બે હોજ બનાવ્યા છે, તેમાં પહેલામાં રેતી અને નાના પથ્થરોના થર કર્યા છે. ગટરનું પાણી તેમાં ભરાય છે, તેમાંથી તે નિતરીને બીજા હોજમાં પહોંચે છે, ત્યારે તેમાંથી મોટા ભાગનાં રસાયણો નિકળી ગયા હોય છે, પરંતુ કોસ્ટિક સોડા અને શેમ્પૂ જેવા રસાયણો બચી રહે છે. મોટા ભાગનાં રસાયણો ચીકણી માટીમાં ચોટી જાય છે. આ પાણી તડકામાં ખુલ્લામાં રહેતું હોય છે. તેથી પણ તેની અશુદ્ધિઓ કુદરતી રીતે દૂર થતી જાય છે. થોડા થોડા સમયના અંતરે ચીકણી માટીને તેમાંથી કાઢી લેવામાં આવે છે. તે સુકાઈ જાય ત્યારે તેમાં જે હલકો ભાગ હોય તેનું ખાતર બને છે, પરંતુ ભારે, રેતી જેવો ભાગ નકામો હોય છે. આથી તેને દૂર, બિનઉપયોગી જગ્યામાં ફેંકી દેવાય છે. આ કચરો અત્યારે જે જમીન ઊબડખાબડ હોય તેને સમતલ કરવામાં વપરાય છે. જમીન સમતલ કરવા વપરાતો આ કચરો સપાટીથી એકાદ મીટર ઊંડો નાખવામાં આવે છે. ગટરના કેમિકલવાળો આ કચરો આસપાસના ભૂગર્ભ જળ ખરાબ કરતો નથી ને, તે માટે અમે વર્ષમાં બે વખત આસપાસના બોર, તળાવોના પાણીનું ટેસ્ટિંગ કરાવીએ છીએ. અત્યાર સુધી ભૂગર્ભજળને આ કચરાની અસર થયેલી જણાઈ નથી. આ જગ્યાની આસપાસ વૃક્ષો પણ લહેરાય છે. આંબા અને કેળ જેવી વનસ્પતિ જેને સારી ગુણવત્તાનું પાણી જોઈએ, તે પણ આ જમીન પર સારી રીતે ઊગ્યા છે.'

ગટરના શુદ્ધ કરેલા પાણીથી માધાપરના ખેડૂતો વિવિધ પાક લે છે. આવા જ એક યુવા ખેડૂત દિનેશભાઈ લાલજી ગોરસિયા જણાવે છે કે, 'મારી માધાપરની સીમમાં છ એકરની ખેતી છે. તેમાં હાલમાં મેં ગટરના પાણીથી મગફળીનો પાક વાવ્યો છે. આ ઉપરાંત ઋતુ મુજબ જુવાર, બાજરી, રાયડો, ઘઉં, મકાઈ અને ઘાસચારાનું વાવેતર કરું છું. છોડ જ્યારે નાના હોય ત્યારે આ પાણીમાં રહી ગયેલી અશુદ્ધિઓ થોડી અસર કરે છે. આથી અમે શરૂઆતમાં પાણી ખૂબ ઓછું, જરૂરત મુજબનું જ આપીએ છીએ. છોડ મોટા થઈ જાય પછી તકલીફ થતી નથી.'

અત્યારે અમુક ખેડૂતોએ ખારેક અને દાડમ જેવા બાગાયતી પાક પણ વાવ્યા છે. ખારેકના તો ત્રણેક ફાલ આવી ગયા છે. જ્યારે દાડમ હજુ નાના છે. પાણીના શુદ્ધીકરણ માટેની વ્યવસ્થા ખેડૂતો સ્વખર્ચે કરે છે. ગટરના પાણીથી મળતું ઉત્પાદન એ બોરના પાણીથી થતી ખેતીમાં મળતાં ઉત્પાદન કરતાં વધુ હોવાનો દાવો અરજણભાઈ કરે છે. તેઓ કહે છે, 'કચ્છમાં મોટા ભાગની જગ્યાએ ખેતી બોરના પાણીથી થાય છે. ભૂગર્ભજળમાં ક્ષારનું પ્રમાણ ઘણુ વધારે હોય છે. તેથી ઉત્પાદન ઓછું મળે છે. જ્યારે દેશી પદ્ધતિથી ફિલ્ટર કરાયેલા ગટરના પાણીમાં ક્ષારનું પ્રમાણ બોરના પાણી કરતાં ઓછું હોવાથી પાકનો વિકાસ વધુ થાય છે અને ઉત્પાદન વધુ મળે છે. આ ઉપરાંત રાસાયણિક ખાતર કે દવા તો વાપરતાં જ નથી. જરૂર પડે છાણિયું ખાતર નાખીએ છીએ. જોકે પાણીમાં રહી ગયેલા રસાયણોના પરિણામે જમીનની ગુણવત્તા ન બગડે તે હેતુથી દર બે વર્ષે એક વાર આખા ખેતરમાં છાણિયા ખાતરનો થર કરી નાખીને પછી જમીન આખી ઉપર-નીચે કરીએ છીએ. ટ્રેક્ટરથી જમીનમાં છાણિયું ખાતર બરાબર ભેળવી દઈએ છીએ. તેવી જ રીતે ઘઉંના પરાળને પણ જમીનમાં પાથરીને તેનું ખાતર કરીને તેનો ઉપયોગ કરીએ છીએ. આના કારણે જમીન રસાયણોથી ખરાબ થતી અટકે છે. ઉત્પાદન વધુ મળે છે.'

ભવિષ્યમાં નદીમાં આવતું વરસાદનું પાણી, નર્મદાના પાણીના શુદ્ધીકરણ પછી નિકળતું બૅકવૉશનું પાણી એકત્ર કરીને તેને પણ દેશી પદ્ધતિથી ફિલ્ટર કરીને તેનો ઉપયોગ ગામની સાર્વજનિક જગ્યાઓ જેવી કે સાર્વજનિક પ્લોટ, શાળાનાં મેદાનો, રસ્તાની આસપાસ, ગામનો બગીચો અને તળાવની પાળે વૃક્ષો ઉછેરવાની યોજના છે.

માધાપરમાં ગટરના પાણીથી અત્યાર સુધીમાં અંદાજે ૨૦ હજાર વૃક્ષો વવાયા છે. તેમાંથી ૧૭ હજાર જેટલાં અલગ-અલગ જગ્યાએ લહેરાઈ રહ્યાં છે. ભવિષ્યમાં વધુ વૃક્ષો આ રીતે ઉછેરવાની ઈચ્છા તેમની છે.

ભુજ નજીકના નાગોર રોડ પર પણ આવી જ રીતે નાના પાયે ગટરના પાણીથી ખેતી થાય છે અને અમુક ખેડૂતો ત્યાં ફૂલોની ખેતી પણ કરે છે. કચ્છમાં ચોમાસું અનિયમિત હોય છે અને નર્મદાના પાણી સિંચાઈ માટે હજુ આખા જિલ્લાને મળ્યા નથી ત્યારે સિંચાઈ માટે પાણીની હંમેશાં મુશ્કેલી રહેતી હોય છે. આવા સમયમાં ગટરના પાણીનો ઉપયોગ ખેડૂતોની પાણીની મુશ્કેલી હલ કરી શકે તેમ છે. તેમ જ દૂષિત પાણીને શુદ્ધ કરવા માટેના ટ્રીટમેન્ટ પ્લાન્ટનો ગ્રામ પંચાયત કે નગરપાલિકાનો ખર્ચ પણ બચાવી શકાય છે. ■

પહેલા હોજમાંથી પાણી શુદ્ધ થઈને બીજા હોજમાં જાય અને તેમાં સંગ્રહાયેલું પાણી ખેતી માટે વપરાય છે. અત્યારે માધાપરના ૨૦ જેટલા ખેડૂતોની જમીનમાં ખેતી આ પાણીથી થાય છે

લાફ્ટર વાઇરસ ▪ હર્ષદ પંડ્યા 'શબ્દપ્રીત'

લગ્ન દિવસને ગુરુ પૂર્ણિમાનો દિવસ

સમજીને ઊજવો!

પુરુષે જ્યાં સુધી લગ્ન કર્યાં હોય ત્યાં સુધી એને એક સાચા ગુરુની શોધ હોય છે. લગ્ન પછી આ શોધનું સમાપન થઈ જતું હોય છે.

સ્ત્રી કરતાં પુરુષ એટલો તો નસીબદાર કહેવાય કે જન્મ પછી એનો ઉછેર બબ્બે વ્યક્તિઓ દ્વારા થાય છે. લગ્ન પહેલાં એનો ઉછેર અને ઘડતર મમ્મી દ્વારા થાય છે, લગ્ન પછી... એ જવાબદારી પત્ની સ્વૈચ્છિકપણે સ્વીકારી લેતી હોય છે.

જે જે પુરુષે પતિ બનવા માટે પોતાના 'પુરુષપણા'ને ભૂલવાનું સુ:સાહસ કર્યું છે એ સૌ પતિલોક આજે 'મહાનુભાવ' તરીકે ઓળખાવાનું ગૌરવ અનુભવી રહ્યા છે. કેટલાક ગૌરવ મહામહેનતે મળતાં હોય છે, તો કેટલાકને આ ગૌરવ વગર મહેનતે મળી જતું હોય છે.

ગુરુ અને ગુરુપૂજનનો મહિમા એટલે ગુરુ પૂર્ણિમા - એ વાત સાચી, પણ ગુરુ કાંઈ અધ્યાત્મમાર્ગ પૂરતા જ થોડા હોય? જીવનના કઠિન માર્ગનો અનુભવ કરાવી અધ્યાત્મનો ઉજાસ પ્રગટાવનારા સાંસારિક ગુરુ પણ હોઈ શકે! મારા ગુરુ અને ગુરુપૂજનનો દિવસ આષાઢી સુદ પૂનમે નહીં, ૨૦મી મેના દિવસે આવે છે. દરેક પતિએ પોતાના લગ્નદિવસને ગુરુપૂજનનો દિવસ બનાવી દેવો જોઈએ, જો એણે સમાજને નડ્યા કે કનડ્યા વિના જીવન માણવું હોય તો! મારું જ ઉદાહરણ આપું, લ્યો ને...!

હમણા જ નવી આવેલી નવલકથા વાંચી રહ્યો'તો, ત્યાં જ વાઈફે રાબેતા મુજબની ટકોર કરી : 'આવતીકાલથી, લાંબી બાંયનું શર્ટ અને લાંબી બાંયનું પેન્ટ પહેરવાનું બંધ કરી દો.' સાંભળીને હું ભડક્યો. સામાન્ય રીતે મારા ભડકાઉ વાક્યો સાંભળીને વાઈફ ભડકતી હોય છે, પણ આજે અસામાન્ય રીતે હું ભડક્યો એનું અનસેન્સર્ડ વિધાન સાંભળીને!

'તું શું બોલે છે એનું ભાન છે તને?' મેં નવલકથાને બાજુએ મૂકતાં કહ્યું, 'કપડાં વગરનો માણસ કેવો લાગે?'

'હું કપડાં પહેરવાની ક્યાં ના પાડું છું? હું જ કાલથી ડ્રેસ પહેરવાની છું. આટલી મોંઘીદાટ સાડીઓ ના પહેરાય, મોંઘવારી કેટલી વધી ગઈ છે?'

'પણ એમાં મારે શર્ટ-પેન્ટ નહીં પહેરવાનાં?'

'વાતને નેતાઓ અને મીડિયાની જેમ ચગાવો નહીં. મેં તમને એવું નથી કહ્યું કે શર્ટ પેન્ટ નહીં પહેરવાનાં... મેં તો એટલું જ કહ્યું કે શર્ટ અને પેન્ટ આખી બાંયના નહીં પહેરવાનાં... અડધી બાંયનાં જ પહેરવાનાં, સમજ્યા?'

'અરે યાર, શર્ટ અડધી બાંયનું હોય પણ પેન્ટ? પેન્ટ અડધી બાંયનું ક્યાંય જોયું?'

'એ તો તમે એવું સિવડાવો અને પહેરો તો જોવાય ને? સારાં કામોની શરૂઆત કોઈકે તો કરવી જ પડે ને?'

'તે હું કોઈક છું?'

'શું તમેય તે! કોઈકને આવું થોડું કહેવાય? તમે ઘરનાં એટલે...'

'પણ અડધી બાંયનાં શર્ટ અને પેન્ટ મને પહેરતો કરીને તું શું સાબિત કરવા માંગે છે?'

'હું એ સાબિત કરવા માગું છું, કે બેફામ મોંઘવારી સામે બેફામ કરકસર કરનાર પણ કોઈક છે, તમને કોઈ વાંધો છે?'

વાઈફવાણી સાંભળીને હું વિચારમાં પડી ગયો કે શું



લાફ્ટર વાઇરસ

આજનું અર્થશાસ્ત્ર એવું કહે છે કે આવકમાં કસર વર્તાય, એટલે ખર્ચમાં કરકસર કરવી પડે? આમ તો જોકે કરકસર અને કંજૂસાઈ એ છે તો બંને જોડિયાં બહેનો જ! બંનેનો ભાવ, પ્રભાવ અને સ્વભાવ આમ તો એકસરખો જ, ને તેમ છતાં કરકસર વખણાય છે અને કંજૂસાઈ વગોવાય છે. કોઈને તમે એમ કહો કે 'ભ'ઈ (અથવા બ'ઈ) તમે ખરેખર કરકસરવાળા છો!' ત્યારે એ તમને, એના પોતાના સમજી ચા પીવડાવ્યા વગર નહીં છોડે! પણ જો તમે એમને એમ કહો, કે 'તમે તો ખરેખર કંજૂસિયા છો,' જુઓ પછી એનું રિ-ઍક્શન!

'વાંધો તો હોય જ ને,' મેં ભયાનક વિચારોમાંથી મુક્ત થતાં કહ્યું, 'પછી મારામાં અને આ નવલકથામાં આવતા વિલનમાં કોઈ ભેદ જ ના રહે. ચાલો અડધી બાંયનું શર્ટ તો સમજ્યા, પણ અડધી બાંયનું પેન્ટ?'

'શું તમેય તે? અડધી બાંયનું પેન્ટ તમે ના સમજ્યા? અરે, પેલા યંગસ્ટર્સ નથી પહેરતા ટૂંકો ચડ્ડો? એ!'

'ના ભ'ઈ ના, મને એ ચડ્ડા-ફડ્ડા ન ફાવે. અને કરકસર કરવાના આ સિવાય બીજા ઘણા ઉપાય છે.'

'મેં આખું લિસ્ટ તૈયાર કર્યું છે!'

'શેનું?'

'ઉપાયોનું!' વાઈફે ડાયરી ખોલતાં કહ્યું, 'ઉપાય નંબર બીજો એ, કે હવે તમે રિટાયર થઈ ગયા છો તો રામો રાખવાની જરૂર નથી. હું તમને થોડીગણી મદદ કરતી રહીશ. આમેય રામલાને મારે થોડી થોડી મદદ કરવી જ પડતી'તી. મારે તો રામલો હોય કે તમે, મને કોઈ ફરક પડશે નહીં. હા, બચતમાં ફરક ચોક્કસ પડશે. મહિને રોકડા બારસો રૂપિયા બચી જશે, વર્ષે, ૧૪,૪૦૦ રૂપિયાની બચત થશે! જરા વિચારો, કેટલા બધા ડ્રેસ આવે!'

'એ સિવાય કોઈ ત્રીજો ઉપાય ખરો?'

'એ હમણા નહીં... હમણા તો રામલાને છૂટો કરવો એ જ ઉપાય.'

નવલકથામાંથી સ્વૈચ્છિક નિવૃત્ત થઈ મેં વિચાર્યું કે વાઈફનું આ સૂચન છે તો કંઈક વાજબી, એટલે મેં સહકારી ભાવના વ્યક્ત કરતાં કહ્યું, 'ઓ.કે. મારાથી બનશે એવાં કામ હું તને કરી આપીશ.'

'તો લ્યો પકડો આ સાવરણી અને આવતીકાલથી શરૂ કરવાની છે એ કરકસરની કરો આજથી નેટ પ્રૅક્ટિસ.'

બે હાથમાં સાવરણી પકડી હું ઊભો થયો એટલે વાઈફે મારા હાથમાંથી સાવરણી ખેંચી લેતાં કહ્યું, 'મોટા એમ.એ.એમ.એડ્. ને પીએચ.ડી. થયા, પણ સાવરણી પકડતાં ન આવડ્યું; જુઓ, આમ એક હાથે સહેજ છેવાડે પકડી, વાંકા વળી વાળવાનું શરૂ કરો.'

મને થયું કે લગ્ન કરતાં પહેલાં વર અને કન્યા માટે લગ્નનો પણ અભ્યાસક્રમ નક્કી કરવો જોઈએ, જેમાં એવું શીખવવામાં આવે, કે લગ્ન પછી, કેવાં કામ કઈ રીતે કરી શકાય.

મેં તો નેટ પ્રૅક્ટિસ શરૂ કરી દીધી. પેન્ટ ગંદું ના થાય એ માટે જૂનો પુરાણો લેંઘો પહેરી લીધો અને શર્ટ કાઢી, ફાટેલું બનિયાન પહેરી, માથે બુકાની જેવું બાંધી લીધું. સફાઈ કામ કરવાના પણ અલગ કૉસ્ચ્યુમ હોય છે એની તો વાઈફે સમજ પાડી ત્યારે મને ખબર પડી!

ગાંધીજીએ 'સત્યના પ્રયોગો' આત્મકથામાં લખ્યું છે કે કોઈ પણ કામ નાનું નથી. મને પણ બાપુનો આ વિચાર ત્યારે ખૂબ ગમી ગયેલો, જ્યારે હું એકદમ બૅચલર હતો! પરણેલાંઓને - એમાંય ખાસ કરીને પરણેલા પુરુષોને, બાપુનો આ વિચાર હું વારંવાર કહી સંભળાવતો ત્યારે મને શું ખબર કે આગળ જતાં મારે જ એ વિચારનો અમલ કરવાની નોબત આવશે? ખરેખર, કર્મ કોઈનેય છોડતું નથી એ વાત સાચી છે.

ખુરશી, સેટી, સોફા વગેરે આગળ-પાછળ કરી હું કચરો કાઢી રહ્યો'તો ત્યાં જ ડોરબેલ વાગ્યો. તરત જ બાથરૂમમાંથી વાઈફે બૂમ પાડી, 'બારણુ ખોલો, હું ન્હાવા બેઠી છું.'

મેં બારણું ખોલ્યું, તો સામે અમારી સોસાયટીમાં રહેતા ગંગાબા ઊભા'તાં.

'ક્યાં ગયા હર્ષદભાઈ?' એમણે આંખો પર હાથ મૂકતાં પૂછ્યું.

''શું કામ હતું?' મેં સહેજ ક્ષોભમાં પૂછ્યું.

'કાલે મારે ત્યાં સતનારાયણની કથા છે એટલે કહેવા આવી છું કે ભ'ઈ, મારે ત્યાં કાલનો દહાડો વાસણ કચરો કરવા રામલાને એક દહાડા પૂરતો ન મોકલો? પણ ભ'ઈ, તું જ મળી ગયો એટલે સારું થયું. હર્ષદભાઈ તો બહુ સારા માણસ છે, તને ના નહીં પાડે.'

હું કંઈક કહું એ પહેલાં તો બાથરૂમમાંથી પવનવેગે બહાર આવી વાઈફે મારા હાથમાંથી સાવરણી લઈ ધમકાવતાં કહ્યું, 'જા... પહેલાં વાસણ સાફ કરી નાખ, કચરો પછી વાળજે...'

મને કિચન તરફ ધકેલી વાઈફે તેની અને મારી બંનેની આબરૂને સાચવી લઈ ગંગાબાને કહ્યું, 'બા, રામલાને હું પૂછી જોઈશ, કાલે નવરો હશે તો જરૂર આવશે હોં,' કહી વાઈફે ફટ્ાક કરતાં બારણુ બંધ કરી દીધું.

'સૉરી હોં,' કિચનમાં આવીને વાઈફે મને દયામણા અવાજે કહ્યું, 'તમને રામલાની જેમ ધમકાવી નાખ્યા... પણ શું કરું? ગંગાબા તમને ઓળખી ગયાં હોત તો આપણા બંનેની આબરૂ જોખમાઈ જાત... સૉરી હોં...'

આબરૂ સચવાઈ જવાની ખુશીમાં હું મારું સફાઈ કામ બમણી ગતિથી કરવા લાગ્યો, પણ આવી કરકસર ભારે પડે એમ સમજી મેં એ જ સાંજે સાવરણીનો ત્યાગ કરી વાઈફની કરકસર ઝુંબેશમાં નહીં જોડાવાનો અખંડ સંકલ્પ લઈ લીધો. ■

Pioneer in spices since 60 years
MAST!
Chai Masala
Desh ka Swad
JHAVERI's MAST!
Desh ka Swad
jspl JHAVERI SPICES PVT. LTD.
Call 1 800-313-3424 | www.mastspices.com

કોલકાતા કોલિંગ ▪ મુકેશ ઠક્કર

મેરે સપનોં કી રાની કબ આયેગી તૂ!

પહાડ વચ્ચે રમકડાં ગાડી જેવી ટ્રેન ધીમે ધીમે સરકતી હોય સાથે રસ્તા પર જીપમાં કોઈ ગાતું હોય મેરે સપનોં કી રાની કબ આયેગી તૂ...એ ફિલ્મ આરાધનાનું દૃશ્ય હતું. આમ તો દાર્જિલિંગમાં વિવિધ ભાષાઓની અનેક ફિલ્મોનું શૂટિંગ થયું છે, પણ ટોય ટ્રેન અને સપનોં કી રાનીનો મેળાપ અનોખો હતો. આરાધના ફિલ્મના સર્જક શક્તિ સામંત કોલકાતાની આસપાસની કથા તેમની ફિલ્મોમાં અચૂક વણી લેતાં. શર્મિલા ટાગોર અને રાજેશ ખન્નાની જોડી તેમની ફિલ્મોમાં સફળ નીવડતી, તેમાં કિશોર કુમાર અને સચિનદેવ બર્મન પણ આરાધનાના યાદગાર ગીત-સંગીત માટે યાદ કરાય છે. તાજેતરમાં ભારતીય રેલવેના એકમ નોર્થઈસ્ટ ફ્રન્ટિટિયર રેલવે દ્વારા એક વિજ્ઞપ્તિ બહાર પાડવામાં આવી છે કે જે ફિલ્મ નિર્માતાઓને દાર્જિલિંગ હેરિટેજ હિમાલયન રેલવેમાં શૂટિંગ કરવી હોય તેમણે ઓનલાઈન અરજી કરવી, દસ્તાવેજો અપલૉડ કરવા તેમને મંજૂરી નિયમો સાથે મળશે. ઓનલાઈન ભાડું ચૂકવી અનુમતિ મળી જશે. અત્યાર સુધી ફિલ્મ જગતના લોકોને કે તેમના પ્રતિનિધિઓને ગુવાહાટી જઈ રેલવે વિભાગમાં ચક્કર લગાવવા પડતા ત્યારે અનુમતિ મળતી, પણ હવે બુકિંગ સાઈટ પર એક લિંક પર ક્લિક કરી, ભાડા વગેરેની ઔપચારિકતા પછી દાર્જિલિંગ હિમાલયન રેલવેની સફર સાથે શૂટિંગ શક્ય છે.

હિલ્ટ કાર્ટ રોડ પર રોમાન્ટિક દૃશ્યો કેમેરામાં ઝીલવા અને પહાડ વચ્ચે ઊંટ પર સવારી જેવા માર્ગ પર વાહન ચલાવવું એ ખરેખર સાહસનું કામ છે. દાર્જિલિંગમાં ટોય ટ્રેનમાં શૂટિંગ ફરી થઈ શકશે તે સમાચારો જ ત્યાંના લોકો માટે આનંદના છે. તેમણે હર્ષ વ્યક્ત કરતાં ફરી પ્રવાસ ઉદ્યોગ ચમકવાની આશાનું સ્વાગત કર્યું છે.

બતાસિયા લૂપ, એગોની પોઈન્ટ, ઘૂમ સ્ટેશન, દાર્જિલિંગ સ્ટેશન, સુકના અને રોન્ગટોન્ગ સ્ટેશન વચ્ચે મનોહર દૃશ્યો અને પહાડી લોકોનાં જીવન દર્શન ટ્રેન યાત્રામાં થાય છે. વાંકીચૂંકી ડગર પર ટ્રેન યાત્રા કરવા દેશ-વિદેશથી પ્રવાસીઓ આવતાં, યુનેસ્કોની વિશ્વ હેરિટેજ સાઈટમાં તેને ગૌરવમય સ્થાન મળ્યું હોવાથી આ ટ્રેન આખી દુનિયામાં લોકપ્રિય છે. દાર્જિલિંગની રોમાંચિત અને રમણીય સવાર અને સાંજ હિમચ્છાદિત ટેકરીઓની વચ્ચે થતી હોય છે. ત્યાંના લોકો માટે પ્રવાસીઓનું આવાગમન જ રોજીરોટીનું મુખ્ય સાધન છે. સિનેમા એવું સાધન છે જે દૃશ્યો છલકાવી સ્થળ અને સૌંદયનું આકર્ષક દર્શકોને દેખાડે છે. ફરી મોસમ છલકે અને પ્રવાસીઓ આવતાં થાય, હોટલોને પૂરતું બુકિંગ મળશે, લક્ઝરી બસો, વાહનો પહાડ પર ફરતાં થશે.

રેલવે તરફથી એક વધુ સગવડ ઉમેરવામાં આવી છે. ન્યુ જલપાઈગુડી અને દાર્જિલિંગ સ્ટેશન પર સીસીટીવી કેમરા ગોઠવી દેવાયા છે. સતત સુરક્ષા દેખરેખ થશે. વીડિયોની મદદે મહિલાઓ અને બાળકોની સુરક્ષા પર ધ્યાન અપાશે.

જબ પ્યાર કિસી સે હોતા હૈ ફિલ્મમાં દાર્જિલિંગનાં નયનરમ્ય દૃશ્યો ઝીલવામાં આવ્યાં હતાં. બર્ફીલા વિસ્તારોમાં શૂટિંગ કરવું સરળ નથી. પ્રકાશ અને હવામાન સાથ આપે ત્યારે જ શૂટિંગ થાય. કલાકારો અને કસબીઓ અજવાળાની પ્રતીક્ષા કરતાં રહે છે.

દાર્જિલિંગના લોકોએ વિકાસની રેખા દોરાય તે માટે લાંબી પ્રતીક્ષા કરી છે. તેમને ખબર છે, પહાડો પર આંદોલન કે બંધ પાળી કોઈ લાભ થતો નથી. શાંતિ અને સદ્‌ભાવ હોય તો પ્રવાસીઓ ઊમટશે. અગાઉ તેમના ખભે પોતાનો સ્વાર્થ ટેકવી ઘણા લોકોએ ફાયદો ઉપાડ્યો છે. ભૂગોળ એવી છે કે પહાડના લોકો માટે ટ્રેનનું પૈડું ફરે તે સહુને ગમે અને રજા માણવા સહેલાણીઓ આવે તો બધા વ્યવસાયનાં પૈડાં ફરવા લાગે. ચા બાગાનોમાં નવા ઉત્સાહની આશા પણ જાગી છે. ટ્રેકિંગમાં સાહસિકો પહેલાં કરતાં વધુ ભાગ લેતા થયા છે.

કાંચનજંઘાનું સૌંદર્ય નિહાળવા આવતાં પ્રવાસીઓ અચૂક દાર્જિલિંગ હિમાલયન રેલવેમાં એક લટાર મારવાની ઈચ્છા ધરાવતાં હોય છે. ફિલ્મોના શૂટિંગ માટે માર્ગ સરળ બન્યો છે, તો બહુ જલ્દી પ્રવાસ માટે પણ સંભવ થશે.

દાર્જિલિંગ પ્રવાસના મુકામ સંભારણા બની જાય છે. પર્વતમાળા દાર્જિલિંગ બાગડોગરા વિમાન મથકથી ૯૦ કિલોમીટર, ન્યુ જલપાઈગુડી રેલવે સ્ટેશનથી આશરે ૮૫ કિલોમીટર અને સિલિગુડી નેશનલ હાઈવેથી આશરે ૮૦ કિલોમીટરના અંતરે છે. રોડ, રેલ કે વિમાન માર્ગે એક મુકામ સુધી પહોંચ્યા પછી વાંકાચૂંકા પહાડી રસ્તે ત્રણ કલાકની મુસાફરી કરવી પડે છે. રોમાંચ આ ત્રણ કલાકની મુસાફરીથી જ મહેસૂસ થવા લાગે છે. ક્યારે કઈ તરફ વળાંક આવશે અને કેવો ઘુમાવ આવશે, ટોય ટ્રેનમાં પાટાની આસપાસ એવાં દૃશ્યો પણ જોવા મળે છે જે ભાગ્યે બીજે જોવા મળે. પહાડોથી જીવન નીચે તરફ આવતા ટ્રેન સિવાયના વાહનોની ગતિ ઢોળાવને કારણે અત્યંત ઝડપી બની જાય છે.

જ્યારે પાટા પર સરકતી ટ્રેન જોવા મળશે ત્યારે જેમની જીવનધારા મંદ થઈ પાટા પરથી ઊતરી ગઈ છે તેને પણ ઈંધણ મળશે. ફરી પર્વતોની રાણી દાર્જિલિંગની ઋતુ જામવાની છે..! ■

વિઝા વિમર્શ ■ **ડો.સુધીર શાહ**

પિટિશનરનું મૃત્યુ એટલે પત્યું?

મદનના ઘરે ઈમિગ્રન્ટ વિઝાના ઈન્ટરવ્યૂ માટેની તડામાર તૈયારીઓ થઈ રહી હતી. બપોરના ઑલા(ટેક્સી)માં સુરતથી નીકળીને મદન, એની પત્ની તેમ જ દીકરો અને દીકરી ત્રણે મુંબઈ જવાના હતાં.

મદનનો એનાથી બે વર્ષ નાનો ભાઈ મુકેશ અમેરિકન સિટીઝન જોડે લગ્ન કરીને એક વર્ષની અંદર જ ઈમિગ્રન્ટ વિઝા મેળવીને અમેરિકા પહોંચી ગયો હતો. ત્યાં એને બે વર્ષની મુદતનું કંડિશનલ ગ્રીનકાર્ડ આપવામાં આવ્યું હતું. બે વર્ષ પૂરા થાય એ પહેલાં મુકેશે અરજી કરીને દેખાડી આપ્યું હતું કે, એનાં લગ્ન સાચા છે, એ એની અમેરિકન સિટીઝન પત્ની જોડે જ એક પતિ તરીકે રહ્યો છે. આથી એનું કંડિશનલ ગ્રીનકાર્ડ કાયમનું કરી આપવામાં આવ્યું હતું. ગ્રીનકાર્ડ મળેથી ત્રણ વર્ષ બાદ મુકેશે નેચરલાઈઝેશન દ્વારા અમેરિકન સિટીઝન બનવાની અરજી કરી. અંગ્રેજી ભાષાની પરીક્ષા આપી. સામાન્ય જ્ઞાનની પરીક્ષા પણ આપી. પોતે સારી ચાલચલગત ધરાવે છે, કોઈ ગુનો કર્યો નથી, ટેક્સ નિયમિત ભર્યો છે આ બધું દેખાડી આપ્યું અને એણે ભારતનું નાગરિકત્વ ત્યજી દેતા અમેરિકાનું નાગરિકત્વ આપવામાં આવ્યું.

મુકેશ જેવો અમેરિકન સિટીઝન બન્યો કે એણે મોટાભાઈ માટે ફેમિલી ફોર્થ પ્રેફરન્સ કેટેગરી હેઠળ ઈમિગ્રન્ટ વિઝાની પિટિશન દાખલ કરી. એ પિટિશનમાં એણે ભાભી તેમ જ ભત્રીજા અને ભત્રીજી, આ ત્રણેયને, મુખ્ય બેનિફિશિયરી મોટાભાઈના ડિપેન્ડન્ટ દેખાડ્યા. એમના માટે પણ ડિપેન્ડન્ટ ઈમિગ્રન્ટ વિઝાની માગણી કરી.

આ પિટિશન પ્રોસેસ થઈને દસ મહિનાની અંદર જ એપ્રૂવ્ડ કરવામાં આવી, પણ વાર્ષિક કોટાનાં બંધનોના કારણે મદન અને એના ફેમિલીએ ૧૪ વર્ષ સુધી એપ્રૂવ્ડ થયેલી પિટિશન કરન્ટ થાય એની વાટ જોવી પડી. પિટિશન જેવી કરન્ટ થઈ કે મદને ઈમિગ્રન્ટ વિઝા મેળવવા માટે જે પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટની જરૂરત હતી, મેડિકલ ચેકઅપ કરાવવાનો હતો અને અમેરિકન સિટીઝન ભાઈ પાસેથી એફિડેવિટ ઓફ સપોર્ટ મગાવવાની હતી આ બધી જ પ્રક્રિયાઓ કરી નાખી. ઈન્ટરવ્યૂનો સમય મેળવી લીધો. એ પહેલાં બાયોમેટ્રિક્સની વિધિ પણ એ ચારે જણાએ કરી લીધી. હવે બીજા દિવસે ઈમિગ્રન્ટ વિઝાના ઈન્ટરવ્યૂ આપવા માટે એ લોકો બપોરના સુરતથી નીકળવાના હતા.

ઘરમાં સગાંવહાલાંઓની ભીડ હતી. બધા 'હવે તમે અમેરિકન બનશો એટલે અમને ભૂલી નહીં જતા' એવું કહેતા હતા. બપોરના મદન જમીને ઊઠ્યો. બધા જ ખુશ હતા. એટલામાં મદનનો મોબાઈલ રણક્યો. એણે જોયું તો ફોન અમેરિકાથી આવ્યો હતો. ઉત્સાહમાં ને ઉત્સાહમાં એણે મોબાઈલ કાને માંડ્યો અને મોટેથી બોલ્યો, 'બધી તૈયારી થઈ ગઈ છે. ચાર દિવસમાં તો અમેરિકા આવી પહોંચીશું.' સામેથી મદનની ભાભીએ ઝીણા અવાજમાં કહ્યું, 'મદનભાઈ, તમારા ભાઈ ગયા.'

'શું કહ્યું ભાભી, ભાઈ ક્યાં ગયાં?'

'મદનભાઈ, હમણા થોડીવાર પહેલાં જ તમારા ભાઈને હાર્ટ-ઍટેક આવ્યો અને તેઓ આપણને બધાને છોડીને ચાલી ગયા છે.'

'ક્યાં ગયા છે?' ભાભી શું કહેતા હતા એની સમજ ન પડતા મદને પ્રશ્ન કર્યો.

'તમારા ભાઈ ગુજરી ગયા છે, મૃત્યુ પામ્યા છે.' આનંદનું વાતાવરણ શોકમાં ફેરવાઈ ગયું. ભાઈના મૃત્યુનો આઘાત તો લાગ્યો જ પણ એમના અવસાનના કારણે હવે અમને ચારેયને ઈમિગ્રન્ટ વિઝા નહીં મળે. અમે અમેરિકામાં સ્થળાંતર કરી નહીં શકીએ. એ વાતનો પણ મદનને અફસોસ થયો.

'મદન તું ચિંતા નહીં કર. તારા ભાઈનું મૃત્યુ હજુ આજે જ થયું છે. મુંબઈ કોન્સ્યુલેટને એની જાણ ઓછી છે? તમે લોકો નક્કી કર્યા પ્રમાણે કાલે ઈન્ટરવ્યૂમાં પહોંચી જાઓ. તમારો ભાઈ મૃત્યુ પામ્યો છે એવું કહેવાની જરૂર જ નથી. વિઝા મળે કે ગુપચુપ તરત જ અમેરિકા ચાલી જજો.' મદનના ઘરે હાજર સુરતના વિઝા કન્સલ્ટન્ટે સલાહ આપી.

વિઝા કન્સલ્ટન્ટના કહ્યા મુજબ બીજા દિવસે મદન, એની પત્ની અને બંને સંતાનો, મુંબઈ કોન્સ્યુલેટમાં વિઝા લેવા ગયાં. કોન્સ્યુલર ઓફિસરે એમની પૂછપરછ કરી અને વિઝા આપવાની તૈયારીમાં જ હતા એટલામાં કોણ જાણે કેમ એણે મદનને સવાલ કર્યો, 'તમે તમારા ભાઈના ઘરે જ રહેશો કે બીજે કશે રહેવા જશો?' અને મદનના નાના છોકરા સંદીપથી બોલાઈ જવાયું કે, 'કાકા તો ગઈકાલે ગુજરી ગયા' કોન્સ્યુલર ઓફિસર આ સાંભળીને ચોંકી ગયો. એણે પછી મદનની ખૂબ જ ઊલટતપાસ લીધી. આખરે એ ચારેયે કબૂલ કર્યું કે, એમનો પિટિશનર ગઈકાલે જ મૃત્યુ પામ્યો હતો. ચારેયની ઈમિગ્રન્ટ વિઝાની અરજી પિટિશનર મૃત્યુ પામ્યો હતો એ કારણસર નકારવામાં આવી. ઉપરાંત એમણે પિટિશનર મૃત્યુ પામ્યો હતો એ વાત છૂપાવીને વિઝાની અરજી કરી હતી એટલે 'મિસરીપ્રેઝન્ટેશન' અને 'ફ્રોડ' આ બે ગુના હેઠળ એમને અમેરિકાના કોઈ પણ પ્રકારના વિઝા આજીવન આપવા નહીં, અમેરિકામાં પ્રવેશવા દેવા નહીં, એવો હુકમ કર્યો.

આવું જુઠ્ઠાણુ આદર્યું ન હોત, વિઝા કન્સલ્ટન્ટની આવી છેતરપિંડી કરવાની સલાહ માની ન હોત અને મૃત પિટિશનર ભાઈની જગ્યાએ એમની પત્ની યા અમેરિકામાં રહેતા ગ્રીનકાર્ડધારક કે સિટીઝન સગાંસંબંધીમાંથી કોઈએ મૃત પામેલા ભાઈની જગ્યા લેવા માટે અરજી કરી હોત, 'સબ્સ્ટિટ્યૂશન' માટેની પિટિશન દાખલ કરી હોત તો એ મંજૂર થતાં એ ચારેય કાયદેસર અમેરિકાના ઈમિગ્રન્ટ વિઝા મેળવીને દુનિયાના સૌથી આગળ પડતા, તક અને છતના દેશમાં પ્રવેશી શક્યા હોત.

જો પિટિશનર, એણે ફેમિલી પ્રેફરન્સ કેટેગરી હેઠળ જે પિટિશન દાખલ કરી હોય, એ એપ્રૂવ્ડ થયા બાદ મૃત્યુ પામે, તો એની જગ્યા અમેરિકામાં રહેતા અન્ય કોઈ ત્યાંના સિટીઝન કે ગ્રીનકાર્ડધારક સગા 'સબ્સ્ટિટ્યૂશન'ની પિટિશન દાખલ કરીને લઈ શકે છે. 'સબ્સ્ટિટ્યૂશન' વિષેની માહિતી 'અભિયાન'ના આગલા અઠવાડિયાના અંકમાં સવિસ્તાર આપવામાં આવશે. તો આવતા અઠવાડિયાના 'અભિયાન'માં પ્રગટ થતી 'વિઝા વિમર્શ' કોલમમાં એ વાંચવાનું ચૂકતા નહીં. ■

તમારું વીક કેવું જશે?

૩૧ જુલાઈથી ૦૬ ઓગસ્ટ ૨૦૨૧

મેષ (અ,લ,ઈ): આ સપ્તાહે તમે પોતાના વ્યક્તિત્વને નિખારવા માટે નાણાનો પણ ખર્ચ કરશો. નવા વસ્ત્રો અથવા ગેજેટની પણ ખરીદી કરી શકો છો. તમારી આકર્ષક વાણીથી સઘળા કાર્ય પૂર્ણ થશે.

વૃષભ (બ,વ,ઉ): આ સપ્તાહે તમારે કારણ વિના ચિંતાઓથી દૂર રહેવાનો પ્રયાસ કરવો જોઈએ. પરિવારમાં બધું જ શુભ અને મંગળ થશે. વેપારી વર્ગને આ સમયમાં કોઈ સારી ડીલ ફાઇનલ થશે.

મિથુન (ક,છ,ઘ): આ સપ્તાહે તમને તમારા પરિવારનો શ્રેષ્ઠ સહયોગ પ્રાપ્ત થશે. મહેનતના સારા પરિણામ પ્રાપ્ત થવાના યોગ છે. તમારા દામ્પત્યજીવનમાં ઉદ્‌ભવેલા તણાવમાંથી તમને મુક્તિ મળશે.

કર્ક (ડ,હ): આ સપ્તાહે તમે તમારી પ્રભાવક વાણીથી લોકોને આકર્ષિત કરશો. તમે પોતાના હરીફો અથવા વિરોધીઓ પર વિજય પ્રાપ્ત કરી શકો તેવા યોગ પણ સર્જાઈ રહ્યા છે. સહકર્મીઓ દ્વારા સહયોગ પ્રાપ્ત થશે.

સિંહ (મ,ટ): આ સપ્તાહે તમે પોતાની અંદર એક અલગ પ્રકારની શાંતિની અનુભૂતિ કરશો. જે તમને તમારા દરેક કામમાં આગળ વધવામાં મદદ કરશે. વેપાર અર્થે આ સપ્તાહે પ્રવાસના યોગ છે.

કન્યા (પ,ઠ,ણ): આ સપ્તાહે તમારી ઘણીબધી યોજનાઓ ફળીભૂત થવાની છે. તમારી આર્થિક સ્થિતિ પણ મજબૂત થવાની છે. પરિણીત લોકોનું ગૃહસ્થ જીવન સારા તબક્કામાંથી પસાર થશે.

તુલા (ર,ત): આ સપ્તાહ દરમિયાન તમારા પરિવારમાં ચાલી રહેલી સમસ્યાઓથી તમને મુક્તિ પ્રાપ્ત થશે. નોકરી કરતા લોકોને આ સપ્તાહે ભરપૂર પ્રશંસા પ્રાપ્ત થશે. કામના સંબંધમાં તમને સારા સમાચાર પ્રાપ્ત થશે.

વૃશ્ચિક (ન,ય): આ સપ્તાહ દરમિયાન તમારે પોતાના આરોગ્યનું ધ્યાન રાખવું પડશે. પરિવારમાં તમે પોતાની જવાબદારીઓનું સુપેરે પાલન કરશો. પરિણીત લોકોનું દામ્પત્યજીવન ખુશનુમા બની રહેશે.

ધન (ભ,ફ,ધ,ઢ): આ સપ્તાહ તમારા માટે સામાન્ય ફળ પ્રદાન કરનારું રહેશે. તમે પોતાના સંતાન માટે કંઈ નવું કરશો, જેનાથી તમને ખુશીની પ્રાપ્તિ થશે. પ્રવાસ પર જવા માટે સપ્તાહની શરૂઆતનો સમય ઉત્તમ છે.

મકર (ખ,જ): આ સપ્તાહ તમારા માટે કેટલીક નવી તકો લઈને આવનાર છે. તમારે પોતાની પારિવારિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને કેટલાક નવા નિર્ણય લેવા પડશે. પરિણીતોનું ગૃહસ્થ જીવન ખીલી ઊઠશે.

કુંભ (ગ,શ,સ,ષ): આ સપ્તાહ તમારા માટે ખૂબ જ સારું રહેવાનું છે. તમારી ઊર્જામાં વધારો થશે. જેનાથી તમને તમારા કામોમાં સફળતા પ્રાપ્ત થશે. પ્રણય જીવન જીવી રહેલા માટે આ સમય સારો રહેશે.

મીન (દ,ચ,ઝ,થ): સપ્તાહની શરૂઆતમાં જ તમને તમારા કામમાં મજબૂતી જોવા મળશે. વેપારમાં કેટલાક નવા સોદાઓ પણ કરશો. આ સમય દરમિયાન તમારું આરોગ્ય પહેલાંની તુલનામાં શાનદાર રહેશે.

સમસ્યા અને નિરાકરણ

પ્રશ્ન : જ્યોતિષાચાર્યજી, મેં આ વર્ષમાં જૂનું મકાન વેચી નવું મકાન લીધું છે. મારે મારા નાણા દુકાન ખરીદી ધંધો કરવા માટે રોકવા છે, તો શું એ નાણાનું રોકાણ મને સુખરૂપ નિવડશે? - રોશન પંચાલ, અમદાવાદ

જવાબ : રોશનભાઈ, તમારી જન્મકુંડળીના અભ્યાસ પરથી માલૂમ પડે છે કે તમારા ભાગ્યસ્થાનમાં બુધ અને શનિનું સ્થાન ભાગ્યોદય આપનારું છે. માટે તમે જો કોઈ નાનો-મોટો ધંધો કે દુકાન કરવાનું વિચારતા હોવ તો એ તમારા માટે બિલકુલ યોગ્ય અને ઉચિત રહેશે. સાથે આગળ જતાં તમને તેમાં સફળતા મળવાની પૂરી શક્યતા છે. અલબત્ત, તમારે કાલસર્પનો યોગ હોવાથી તેની વિધિવિધાન કરાવી દોષમુક્ત થવું જરૂરી બનશે, જે સમય મળે કરાવી લેવી ઉચિત છે. સફળતા માટે નિત્ય પીપળાના વૃક્ષની પૂજા કરો. સવારમાં ઊગતા સૂર્યની પૂજા કરવી ઉત્તમ રહેશે.

GaneshaSpeaks®.com
Your friend, astrologer & guide
FOR ASTROLOGY DIAL 55181*

તમે પણ તમારી મૂંઝવતી સમસ્યાનું નિરાકરણ મેળવી શકો છો. પ્રશ્ન મોકલવાનું સરનામું : 'સમસ્યા અને નિરાકરણ', 'અભિયાન', સમભાવ હાઉસ, ચીફ જસ્ટિસ બંગલોની સામે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૧૫. પ્રશ્ન મોકલતી વખતે જન્મનો સમય, સ્થળ, જન્મ તારીખ અને કુંડળી સાથે ત્રુટક લાઈનવાળી આ કૂપન અવશ્ય બીડવી.

નવલિકા ▪ ભૂમિધા પારેખ



શિવરંજની

શિવધર હાર્ટ એટેકમાં ગુજરી ગયા. વહેલી સવારે અસ્મિતાએ ફોન પર ન્યૂઝ આપ્યા. ઑફિસનો સ્ટાફ નવ વાગ્યે શિવધરના ઘરે જવાનો હતો. હું જાઉં? ત્યાં જઈને શું કરશે લોકો? શિવધરના પરિવારને આશ્વાસન આપશે. રડતી પત્નીને સધિયારો આપશે. બાળકોના માથે હાથ ફેરવશે. પછી? મને કોઈ આશ્વાસન આપશે ખરું? શા માટે આપે? હું તો ફક્ત શિવધર સાથે નોકરી કરતી એક સ્ટાફ જ છું. ખરેખર બસ આટલો જ અમારો સંબંધ હતો?

નાછૂટકે મારે જવું જ પડ્યું. નહીં જાઉં તો અસ્મિતા બહુ સવાલ કરત. માથે દુપટ્ટો ઢાંકી લીધો અને આંખે બેતાળા ચઢાવી દીધા. આંખોને ક્યાં કોઈની શરમ હોય છે. એકાએક સહુની સામે વહેવા લાગે તો શું કરું? બસ, હવે તો અંતિમ વાર મારા શિવને જોવાનો હતો. પછી હંમેશ માટે એ છબી હૃદયમાં છુપાવી દેવાની હતી. ફરી આ લાંબી સફરમાં એકલતા જ ભોગવવાની હતી.

કેવો નિરાંતે સૂતો હતો શિવ! પોતાની પાછળ ઘણુ અધૂરું મૂકી ચાલ્યો ગયો હતો. એને શ્રદ્ધાંજલિ આપતા લોકો પણ શિવની પત્ની અને બાળકો માટે દયા ખાઈ રહ્યા હતા. છેક આવી રીતે અચાનક જવાતું હશે શિવ? તારા પરિવારને સાંત્વના આપનાર તો ઘણા છે, પણ હું? મને કોણ આશ્વસ્ત કરશે? મારે પણ તારા પરિવારને આશ્વાસન જ તો આપવાનું હતું.

બે ટીનેજર યુવાનો વડીલોના કહેવા પ્રમાણે વિધિ કરી રહ્યા હતા. અસ્મિતાએ કહેલું કે એ તારા બાળકો છે. હું તો એમના ચહેરા જોઈ તરત જ ઓળખી ગયેલી કે એ તારી જ પ્રતિકૃતિ છે. એમની પાસે જઈ ઊભી રહી. શું કહું એ સમજાતું નહોતું. એ બંને બાળકોએ જ મારી સામે બે હાથ જોડી લીધા. બસ, બે ક્ષણ બાદ ચૂપચાપ ત્યાંથી ખસી ગઈ. તારી પત્ની પાસે જવાની મારી હિંમત નહોતી ચાલી. સ્ત્રીઓનાં ટોળાંમાં ત્રણ સ્ત્રીઓ હૈયાફાટ રુદન કરતી હતી, પણ દૂરથી જ એમને જોઈને બહાર આવી ગઈ. તું હવે નથી એ વાસ્તવિકતા જ મારા ધબકારા ધીમા પાડી રહી હતી. ખરેખર મારો દમ ઘૂંટાઈ રહ્યો હતો એ વાતાવરણમાં. મારે બહુ દૂર ભાગી છૂટવું હતું, જ્યાં તારા હવે ન હોવાની લાગણી હૃદયને સતાવતી નહીં હોય.

શિવ, તું તો સંબંધોના પાશમાંથી મુક્ત થઈ ગયો, પણ મારે ખબર નહીં કેટલી મજલ કાપવાની હતી. આંખોમાં આંસુ તો આવતા હતા, પણ મારું હૃદય એમને બહાર આવતા અટકાવી રહ્યું હતું. કયા સંબંધે હું તારા માટે રડું? કોઈના ખભે મારો ભાર હળવો કરવાનો તો સવાલ જ નહોતો. ભાર પણ શેનો? એક અણકહ્યા ગાઢ સંબંધનો? સામાજિક બંધનોને ફગાવી અપનાવેલી ખુશીઓનો? કે જે સંબંધની કદી વ્યાખ્યા જ નક્કી નહોતી કરી એના અંતનો?

અગણિત લાગણીઓના આવેગમાં ત્રણ દિવસ ઑફિસ જવાનું ટાળેલું. તારી ચૅરને ખાલી જોવાની હિંમત નહોતી અને તારી જગ્યાએ બીજું કોઈ બેસી ગયું હોય, એને સ્વીકારવાની તૈયારી નહોતી, પરંતુ ક્યાં સુધી આવી રીતે દિવસો પસાર કરું? ઑફિસમાં તો બધું પૂર્વવત્ જ હતું. ત્રણ દિવસમાં તું વિસરાઈ ચૂક્યો હતો અને હું તારા ટેબલ સામે જોયા વિના મારા દિવસો ટૂંકાવવાનો પ્રયત્ન કરતી રહી. આમ જ મહિનો પસાર થઈ ગયો અને એક સાંજે કોઈએ મારા ઘરની ડોરબેલ વગાડી. તારા સિવાય ભાગ્યે જ મારા ઘરે કોઈ આવતું શિવ! બહુ આશ્ચર્ય થયેલું મને. જોયું તો મારી જ ઉંમરની એક સ્ત્રી દરવાજે ઊભી હતી. બે ક્ષણ ધ્યાનથી એના ચહેરા સામે જોયું તો - ઓહ! આ તો શાલિની હતી. શિવધરની

પત્ની. એને અંદર આવવા માટે 'આવો' કહેવાનું ઠીક નહીં લાગ્યું. થોડું ખસી એને જગ્યા કરી આપી એટલે એ ઘરમાં આવી ગઈ.

હું રસોડામાં પાણી ભરતા એનું જ નિરીક્ષણ કરી રહી હતી. એ સોફા પર એ જ જગ્યાએ બેઠી હતી, જ્યાં કાયમ શિવધર બેસતો હતો. એને પાણી ધર્યું, તો ઈન્કાર કર્યા વિના આખો ગ્લાસ પી ગઈ. પછી મારી સામે જોઈ એણે પહેલો સવાલ એ જ પૂછ્યો, 'તમે ઘરમાં શિવની એક પણ છબી નથી રાખી?'

ઓહ! તો એ જાણે છે મારા અને શિવના સંબંધ વિશે, પણ શિવ તો કહેતો હતો કે અમારા બે સિવાય કોઈ જ નથી જાણતું! શાલિનીએ આ સવાલ પૂછીને જાણે મારા એક હિસ્સા પર ઘાતક વાર કર્યો હતો, પણ તો એ સવાલમાં ધાર કેમ મહેસૂસ નહીં થઈ? મેં ધ્યાનથી શાલિનીના ચહેરા સામે જોયું. એ શાંત મુખાકૃતિથી હજી પણ ઘરની દરેક વસ્તુઓને ધ્યાનપૂર્વક નિહાળી રહી હતી. પછી એણે મારી આંખોમાં નજર નોંધી. હવે મારે જવાબ આપવો જ પડે એમ હતો.

'છબી રાખવી પડે એવો અમારો સંબંધ નહોતો!' હું હજી શાલિની સાથે સહજ નહોતી.

થોડીવાર અમે બંને મૌન જ બેસી રહ્યાં. એ કદાચ મારા બોલવાની રાહ જોઈ રહી હતી. હું અસમંજસમાં હતી કે એની સાથે શું વાત કરું. છેવટે મેં એને પૂછ્યું, 'કૉફી લેશો?'

'હું કૉફી નથી પીતી. મારી અને શિવની ઘણી આદતો એકબીજા સાથે મળતી નહોતી.' શાલિનીએ સહજ સ્વરે જવાબ આપ્યો.

ફરી હું નિ:શબ્દ થઈ ગઈ. આજે શાલિનીને અચાનક આવેલી જોઈ હું મુંઝાઈ ઊઠી હતી. એક બેચેની હૃદયમાં ઘૂમરાઈ રહી હતી. મારે ઘણુ બધું પૂછવું હતું એને, પણ ખબર નહીં કેમ એક છુપો અપરાધભાવ મનને પીડી રહ્યો હતો. હું નહોતી જાણતી કે શાલિની મારા અને શિવના સંબંધ વિશે શું જાણતી હતી. શિવે કદી મને એના પરિવાર વિશે કે એના અને શાલિનીના સંબંધોની ઊંડાઈ વિશે કોઈ ચર્ચા નહોતી કરી. ના કદી મેં જાણવાની કોશિશ કરી હતી. એવું નહોતું કે હું શિવના પરિવાર વિશે કશું નહોતી જાણતી, પણ એ કદી અમારો વિષય બન્યો જ નહોતો. અમારા વિશ્વમાં ફક્ત અમે બે જ હતા અને હતી એક કદી ન પૂરી થનારી સ્નેહની સરવાણી.

શું નામ હતું અમારા સંબંધોનું? ના કદી શિવે એ સંબંધને કોઈ નામ આપ્યું હતું, ના મેં એના જીવનમાં મારું સ્થાન માંગ્યું હતું. બસ, જે પણ કંઈ હતું, એ અલૌકિક હતું. અમારી દ્રષ્ટિએ તો ખરું જ! ભલે દુનિયા એ સંબંધને અપશબ્દો કહે. સમાજ એ દરેક સંબંધને અનૌરસ જ ગણે છે, જેનું નામ આપવું શક્ય નથી હોતું. મિત્રતા હતી? પ્રેમ હતો? કે બીજું કશુંક? કદાચ ઘણુ બધું અને કદાચ કશું જ નહીં. બસ, એકબીજાની ખુશી હતાં અમે. નામ વગરની ખુશી. સતત દોડતી જિંદગીની રફતારમાં અમે એકબીજા માટે નિરાંતનો શ્વાસ હતાં.

'તમારા ઘરમાં બીજું કોઈ નથી?' શાલિનીએ મારી તંદ્રા તોડતા સવાલ કર્યો. હતું જ ને વળી. આખા ઘરને આવરી લેતો અજંપાભર્યો ખાલીપો હતો. એકાંતને ધમરોળતી અકથ્ય શાંતિ હતી. છતાં આવો જવાબ હું શાલિનીને નહીં આપી શકી.

'માતપિતાને ગુજરી ગયે ઘણા વર્ષો થઈ ગયા. એક નાનો ભાઈ છે, જે એના ફેમિલી સાથે સિડની છે. ત્રણ-ચાર વર્ષે અહીં આવીને મળી જાય છે.' અન્ય કોઈ સંબંધ મને યાદ નહીં આવ્યો, સિવાય કે શિવ સાથેનો. શાલિનીએ પણ આગળ બીજો સવાલ નહીં પૂછ્યો. એ પણ જાણતી હશે કે જો બીજું કોઈ મારા જીવનમાં હોત, તો કદાચ શિવ મારા જીવનમાં ન હોત.

મને ક્યારની એ જાણવાની તાલાવેલી થતી હતી કે શાલિનીને મારા વિશે કેવી રીતે જાણ થઈ. આખરે મેં મારી મૂંઝવણને વાચા આપી જ દીધી.

'તમને મારા વિશે - એટલે કે મારા ઘરના

આ અઠવાડિયાની
દસ બેસ્ટ સેલર બુક્સ
"અભિયાન"ના વાચકો માટે ખાસ ઓફર
આ કૂપન બતાવો અને દરેક પુસ્તક ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ મેળવો
બહારગામ વી.પી.પી.થી પુસ્તકો મોકલી આપીશું. ● ફોન ઉપર ઓર્ડર સ્વીકાર્ય

માલગુડી ડેઝ	: એક અનોખું ભારત દર્શન (ગુજરાતીમાં ફર્સ્ટ ટાઈમ)	આર.કે.નારાયણ	₹ ૨૩૫.૦૦
ગાઈડ	: શ્રદ્ધા, રોમાન્સ અને છળની રોમાંચક કથા (ગુજરાતીમાં ફર્સ્ટ ટાઈમ)	આર.કે.નારાયણ	₹ ૨૩૫.૦૦
કન્ફેશન બોક્સ	: મુંબઈ સમાચારની કોલમનાં ૨૬ લેખોનો સંગ્રહ	રામ મોરી	₹ ૧૫૦.૦૦
શતરંજ	: થ્રીલર નવલકથા	પ્રશાંત દયાળ	₹ ૫૦૦.૦૦
શ્રીકૃષ્ણ એકાવન	: ભગવાન શ્રીકૃષ્ણના ૫૧ પાવક પ્રસંગો	વિરલ વૈશ્નવ	₹ ૧૬૦.૦૦
ધ ઈન્ટીલેજન્ટ ઈન્વેસ્ટર	: તમારી સાતેય પેઢીઓને તારી દે તેવી ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજીસ	બેન્જામિન ગ્રેહામ	₹ ૬૫૦.૦૦
એને મૃત્યુ ન કહો	: માટીના માણસનું મહાપ્રસ્થાન	ડૉ. નિમિત્ત ઓઝા	₹ ૧૭૫.૦૦
ક્ષણનો વૈભવ	: પ્રેરણાદાયી લેખોનો સંગ્રહ	કુમારપાળ દેસાઈ	₹ ૧૮૦.૦૦
હારું તે હું નહીં	: પ્રેરણાદાયી લેખોનો સંગ્રહ	કુમારપાળ દેસાઈ	₹ ૨૬૦.૦૦
જિંદગી ચાહું છું તને!	: પ્રેરણાદાયી લેખોનો સંગ્રહ	કુમારપાળ દેસાઈ	₹ ૨૦૦.૦૦

નટરાજ બુક સેન્ટર : ૧૦, નેશનલ ચેમ્બર્સ, સિટીગોલ્ડ મલ્ટીપ્લેક્સ લેન, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯ વોટ્સએપ : ૦૮૩૪૭૯-૬૧૨૯૯ **ફોન નં.** ૦૭૯-૨૬૫૮૭૯૩૦
પોકેટ બુક સેન્ટર : **અમદાવાદ.** ફોન નં. ૦૭૯-૨૫૫૦૮૭૩૨ Email : natraj1963@gmail.com, www.booksforyou.co.in

એડ્રેસ વિશે કેવી રીતે ખબર પડી?'

શાલિની કદાચ મારો પ્રશ્ન સમજી ગઈ હતી. એટલે થોડી ક્ષણ મૌન થઈ ગઈ. હું એના મૌનની ઊંડાઈમાં ગૂંગળાઈ રહી હતી. એકસાથે અસંખ્ય જવાબો મારું મન કલ્પી રહ્યું હતું.

'રંજીતા, હું શિવની અર્ધાંગિની છું. સૉરી! હતી. અમારાં લગ્નને સત્તાવીસ વર્ષ થયાં. આટલાં વર્ષ કોઈ વ્યક્તિને ઊંડાણથી સમજવા પૂરતા ગણાય. ભલે શિવે કદી મારી સામે તમારો ઉલ્લેખ નથી કર્યો, પણ એમના અસ્તિત્વમાં હું તમારી હાજરી સૂંઘી શક્તી હતી.' શાલિની જાણે મારા અસ્તિત્વની સામે ઘણો મોટો પ્રશ્નાર્થ મૂકી રહી હતી. એને મારા અને શિવના સંબંધ વિશે જાણ હતી, છતાં-

'તમે કદી શિવને અમારા વિશે પૂછ્યું નહીં?' મારા અવાજમાં ક્યારે હળવી કંપારી ભળી ગઈ એનો મને જ ખ્યાલ નહીં રહ્યો.

'ના! કદાચ શિવ સત્ય જણાવત, તો હું સહન નહીં કરી શકત અને શિવ ખોટું કહેત, તો હું એમને માફ નહીં કરી શકત. મારે એમનાથી અજાણ રહીને જ એમના જીવનને સમાંતર જીવવું હતું.' શાલિનીના અવાજમાં રહેલી સ્વસ્થતા હવે મને અકળાવી રહી હતી. હું એની પાસે કંઈક અલગ જ ઈચ્છી રહી હતી એવું મને લાગ્યું. હું એના ગુસ્સાનો, ઘૃણાનો સામનો કરવા માનસિક રીતે સજ્જ થઈ ચૂકી હતી, પરંતુ શાલિની જાણે એના જ મનોવિશ્વમાં ખોવાઈ ચૂકી હતી. મને લાગ્યું કે મારે એને ખુલાસો આપવો જ જોઈએ.

'જુઓ શાલિની, હું જાણુ છું કે તમે મને નફરત કરતાં હશો. હું તમારી જગ્યાએ હોઉં, તો મને પણ ગુસ્સો આવે જ, પરંતુ હું તમને મારા અને શિવના સંબંધ વિશે સાચું જણાવું તો અમે ઑફિસમાં જ મળ્યાં અને લાઈબ્રેરી અને સંગીત સાથે અમારો સંબંધ ગાઢ બન્યો. અમારો સંબંધ પુસ્તકો, સંગીત અને માનસિક સાથ પૂરતો જ મર્યાદિત હતો. અમે-'

શાલિનીએ મારી વાત અધવચ્ચેથી જ કાપતા કહ્યું, 'રંજીતા, હું તમારી પાસે ખુલાસો મેળવવા નથી આવી. મારે ખુલાસો જ જોઈતો હોત, તો પચીસ વર્ષ પહેલાં શિવ પાસે જ મેળવી લીધો હોત.'

હવે હું ખરેખર ભયંકર મૂંઝવણમાં ફસાઈ ગઈ હતી. મારી સામે બેસેલ સ્ત્રી, જે મારા નિકટતમ સાથીની જીવનસંગિની હતી; એ આજે કોઈ પૂર્વભૂમિકા બાંધ્યા વિના અચાનક મને મળવા આવી હતી. એના મનમાં શું ચાલી રહ્યું હતું, એ હું કળી શક્તી નહોતી. આખરે એને જ મન મોકળું કરવા દેવાનું નક્કી કરી હું શાંત થઈ બેસી ગઈ. એ પણ થોડીવાર શૂન્યમાં તાકતી એમ જ બેસી રહી. એક ભારે મૌન અમારી વચ્ચે છવાઈ ગયું.

'હું શિવને અખૂટ ચાહતી હતી. હજી પણ ચાહું છું. એના અસ્તિત્વના દરેક કણને મારા અસ્તિત્વ સાથે જોડી રાખવાનો પ્રયત્ન કર્યો. છતાં ક્યાંક કોઈ કચાશ રહી ગયેલી.' હવે શાલિની કદાચ એનું મન હળવું કરી રહી હતી. હું એને સાંભળવા આતુર હતી.

'કદી શિવે મારા પ્રત્યે એને કોઈ ફરિયાદ હોય, એવું નથી જતાવ્યું. મારી સાથે એ ખુશ હતા, કદાચ! હું એવું માનતી હતી. એમણે મને ખૂબ પ્રેમ કર્યો છે. હું ધરાઈ જાઉં એટલો. મારી દરેક જરૂરિયાતનું ધ્યાન રાખ્યું છે. પતિ તરીકે શિવ ઉત્તમ હતા, તો એક પિતા તરીકે એ શ્રેષ્ઠ હતા. છતાં મને હંમેશાં લાગતું કે એમના મનનો એક ખૂણો અમારાથી વણસ્પર્શ્યો રહ્યો છે. એ ખૂણો ભરવાની ઘણી કોશિશ કરી હતી, પણ એ ખૂણા સુધી પહોંચી શકું, તો એને ભરી શકું ને! બસ, આમ જ અમારા સંબંધમાં એક અદૃશ્ય જગ્યા બની ગઈ. જેની ના તો મેં ફરિયાદ કરી, ના તો શિવે. અમે બંને ખુશ જ હતા. દેખાડાની ખુશી નહીં, સાચી ખુશી. બસ એ અદૃશ્ય ખૂણામાં ક્યારે તમે આવીને ગોઠવાઈ ગયા, જેનાથી મારે અલિપ્ત થઈ જવું પડ્યું.' શાલિની એકધારું બોલી રહી હતી.

રહી રહીને મારું હૃદય ગુનાહિત લાગણી અનુભવી રહ્યું હતું. આખરે હું હતી તો શાલિનીની સોતન જ ને! શાલિનીના સંસારને સમાંતર જ હું મારું વિશ્વ જીવી રહી હતી. જોકે કદી મને શાલિનીનો હક છીનવી લેવાની ઈચ્છા નહોતી થયેલી. શિવ દ્વારા મને જે મળતું હતું, એ વહેલી સવારે પર્ણો પર બાઝતી ઝાકળ જેટલું હતું, પણ એના દ્વારા મને જીવન જીવવાની જે હૂંફ મળતી હતી, એની તાજગી અનોખી જ હતી. છતાં એ કોઈક સ્ત્રીના અધિકારો પર મારેલી તરાપ જ હતી ને! મને લાગ્યું મારે શાલિનીની માફી માગવી જ જોઈએ. ભલે શિવ તો નથી રહ્યો, પણ અમારા સંબંધમાં જે પારદર્શક્તા હતી, એને ખાતર પણ મારું મન ડંખતું હતું.

'શાલિની, થઈ શકે તો મને અને શિવને માફ કરી દો. અમારો હેતુ તમારા સંબંધને તોડવાનો જરા પણ નહોતો. કદાચ એવું નહોતું કે તમે શિવને સમજી નહોતા શકતા, કે શિવ તમારાથી ખુશ નહોતો. શિવ જ્યારે પણ મને મળતો, હંમેશાં એક અધૂરપ સાથે આવતો. એના હૃદયની અમુક ઊર્મિઓ એવી હતી, જે એ ફક્ત મારી સામે જ વ્યક્ત કરી શકતો. એવું શા કારણે હતું, એ તો હું પણ નથી જાણતી, પરંતુ એક અદૃશ્ય તંતુ હંમેશાં અમને જોડી રાખતો. અમે કદી એ નહોતું વિચાર્યું કે

BAOU કોરોનામાં મૃત્યુ પામનારા વિદ્યાર્થીઓની ફી પરત કરશે, પરિવારને અપાશે રૂ. ૧૧,૦૦૦ની સહાય

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો મહામારીમાં માનવતાવાદી નિર્ણય. કોરોનામાં કમાનાર સ્વજન ગુમાવનારાને અપાઈ રહ્યો છે નિ:શુલ્ક પ્રવેશ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ પોતાની શૈક્ષણિક ફરજ બજાવવાની સાથે સાથે સામાજિક જવાબદારીઓ પણ નિભાવી રહી છે. યુનિવર્સિટીના ૭૫થી વધારે અભ્યાસક્રમોમાં ઑગસ્ટ-૨૦૨૧નું પ્રવેશકાર્ય ચાલી રહ્યું છે ત્યારે યુનિવર્સિટીએ કેટલાક ઉદાત્ત નિર્ણયો લીધા છે. કોવિડ-૧૯ની વૈશ્વિક મહામારી વચ્ચે યુનિવર્સિટીએ કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયના નેતૃત્વમાં બોર્ડ ઑફ મેનેજમેન્ટે એક મોટો માનવતાવાદી નિર્ણય કર્યો છે કે કોરોનાને કારણે મૃત્યુ પામનારા યુનિવર્સિટીના તમામ વિદ્યાર્થીઓને ફી પરત કરવામાં આવશે, એટલું જ નહિ, તેના પરિવારને રૂ. ૧૧,૦૦૦ની આર્થિક સહાય પણ કરવામાં આવશે. કોવિડ-૧૯ મહામારીમાં માતા-પિતા ગુમાવ્યા હોય, ઘરમાંથી એકમાત્ર રોજીરોટી કમાનાર વ્યક્તિ તરીકે પતિ, પિતા કે દીકરો ગુમાવ્યો હોય કે ઘરમાં રોજીરોટી કમાનાર કોઈ પણ વ્યક્તિ રહી ન હોય તેવા સંજોગોમાં કોઈ પણ વ્યક્તિ આ યોજના હેઠળ ઑગસ્ટ-૨૦૨૧ના પ્રવેશસત્રમાં વિનામૂલ્ય તથા એકદમ આસાનીથી પ્રવેશ મેળવી શકશે તેમજ અભ્યાસક્રમ પૂરો કરીને પોતાની કારકિર્દી ઘડી શકશે.

જો તમને અમારા સંબંધ વિશે ખબર પડશે તો શું થશે, કારણ કે અમે માનતા હતા કે અમે કશું ખોટું નથી કરી રહ્યા. અમારો સંબંધ શુદ્ધ હતો, પણ સમાજે તાણેલી રેખાથી ઘણો છેટો હતો. આ એક જ કારણ હતું કે અમે અમારો સંબંધ કદી જાહેર નહોતો કર્યો.' મને એકધારું બોલવાથી શ્વાસ ચઢવા લાગ્યો હતો. મેં આસપાસ મારું ઇન્હેલર શોધ્યું, પણ નહીં જડ્યું. શિવ હાજર હોત, તો ગમે ત્યાંથી મને શોધીને આપત.

શાલિની ઊભી થઈ અને રસોડામાં જઈ અંદાજે જ ગ્લાસ શોધી મારા માટે પાણી લઈ આવી. પાણી પીતા એના ચહેરા સામે જોયું, તો હજી પણ એના ચહેરા પર શાંતિ જ છવાયેલી હતી. મારું ગ્લાસ ટિપાઈ પર મૂકાતા જ શાલિનીએ બોલવાનું ચાલુ કર્યું.

'રંજીતા, હું જાણુ છું કે મારી સાથે શિવ અધૂરા હતા. હું એમની એ અધૂરપ પૂરવાની કોશિશ કરતી રહેતી, પણ શક્ય નહીં બન્યું. ધીરે ધીરે શિવમાંથી અધૂરપ દૂર થવા લાગી હતી. હું ત્યારે જ સમજી ગયેલી કે મારી ફરજ કોઈ અન્ય બજાવી રહ્યું છે અને હું શિવને શું ફરિયાદ કરું? એણે દરેક ફરજ પૂરી કરી છે. મારા શોખને પૂરા કરવા વધુ મહેનત કરી છે. કદી મારી સાથે ક્ષુલ્લક કારણોસર ઝઘડ્યા નથી. અમારાં બાળકોને ઉછેરવામાં પણ મને પૂરો સહકાર આપ્યો. હવે એ વ્યક્તિ પોતાની ખુશી માટે અમારા જીવનમાંથી એની થોડી પળ તમને આપે, તો હું કેવી રીતે ફરિયાદ કરું?' શાલિની શિવને કેટલું ચાહતી હતી એ હું જોઈ શકી. મારી આંખોમાં ભેજ તરી આવ્યો. મારી પાસે હવે બોલવા જેવું કશું નહોતું.

થોડી ક્ષણો બાદ શાલિનીએ એના પર્સમાંથી એક પેકેટ કાઢી મારી સામે ધર્યું. 'આ શિવ તમારા માટે લાવ્યા હતા, પણ તમને આપ્યા પહેલાં જ જતાં રહ્યા.'

મને નવાઈ લાગી. શિવે આટલાં વર્ષોમાં કદી મને કોઈ ભેટ નહોતી આપી. મેં કદી આશા પણ નહોતી રાખી. અમારા બંનેના જન્મદિનને અમે ઊજવતાં નહોતા. જીવનમાંથી ધીરે ધીરે એક વર્ષ ઓછું થતું જાય, એની ઉજવણી ના હોય. મેં પ્રશ્નાર્થ નજરે શાલિની સામે જોયું.

'આ પેકેટમાં 'શિવરંજની' રાગની સીડી છે અને ત્રણ બુક્સ છે. મને વાંચવાનો ખાસ શોખ નથી અને સંગીત સાથે મને કોઈ લેણાદેણી નથી. શિવના કબાટમાં આ પેકેટ સચવાઈને પડ્યું હતું, કોઈને ભેટ આપવા. એના પર કોઈ નામ નહોતું એટલે મેં ખોલીને જોયું હતું. એના પરથી હું સમજી ગઈ કે આ શિવ તમારા માટે જ લાવ્યા હશે.' શાલિનીએ પેકેટ મારા હાથમાં પકડાવતાં કહ્યું.

મને યાદ આવ્યું, એક વર્ષ પહેલાં હું અને શિવ પંડિત રાધેમોહન સતાસિયાની સંગીત સંધ્યામાં ગયા હતા, ત્યારે એમણે રાગ 'શિવરંજની'ની બંદિશ છેડી હતી. શિવ અત્યંત મુગ્ધ થઈ ગયા હતા. મને કહ્યું હતું, 'જો રંજીતા, શાસ્ત્રીય સંગીતમાં પણ શિવ અને રંજનીને જોડીને કેવા મધુર આલાપ બને છે. હવેથી હું રોજ આ રાગ સાંભળીશ. જ્યારે તારી સાથે નહીં હોઈશ, ત્યારે પણ તને આ રાગના માધ્યમથી યાદ કરીશ.'

મારી આંખો હવે વરસી પડી. હમણા સુધી શિવના ચાલ્યા જવાના ડૂમાને દબાવીને બેઠી હતી, જેને બહાર નીકળવાનો રસ્તો મળી ગયો. શાલિની એની જગ્યાએ એમ જ બેસી રહી. અમારી વચ્ચે જે સંબંધનો દોર હતો, એ તૂટી ચૂક્યો હતો અને બે સ્ત્રીઓ વચ્ચે હોય એવી ઘનિષ્ઠતા મારી અને શાલિની વચ્ચે સ્થપાઈ નહોતી. અમે ક્યાં સખીઓ હતાં! થોડીવાર બાદ હું થોડી સ્વસ્થ થઈ. મેં આંખોથી જ શાલિનીનો આભાર માન્યો અને એ પેકેટ સ્વીકારી લીધું.

'શાલિની, હું તમને એક વિનંતી કરીશ. જો હું તમારા સ્થાને હોઉં, તો મને પણ મારા પતિના જીવનમાં બીજી સ્ત્રીનું આગમન નહીં રુચે, પરંતુ તમે શિવને માફ કરી શકો, તો હું તમારી ઋણી રહીશ.' મારા અવાજમાં ક્યારે આર્દ્રતા ભળી ગઈ એનો મને પણ ખ્યાલ નહીં રહ્યો. શિવ મારા હૃદયમાં હતો. કોઈ એને નફરત કરતું હોય, એ હું કેવી રીતે સહન કરી શકું. જેના હૂંફાળા સાથને કારણે મારું એકલવાયું આયખું પ્રેમથી વીત્યું, એના માટે મારી આટલી તો ફરજ બનતી જ હતી.

'તમારા બંનેના સંબંધને મેં અપનાવ્યો નહોતો, છતાં સ્વીકારી લીધો હતો. જો તમે આ બંને વચ્ચેનો ભેદ સમજી શકતા હોવ, તો હવે આગળ મને કશું ના કહેશો. ઘણીવાર આપણા જીવનની ડોર આપણા જ હાથમાં નથી હોતી. એ સમયે જે પરિસ્થિતિ ઉત્પન્ન થાય, એનો સામનો કરો અથવા સ્વીકારી લો. એ સિવાય આપણી પાસે બીજો કોઈ ઉપાય નથી હોતો. તમારા બંનેના સંબંધનો સામનો કરવાની મારી હિંમત નહોતી, કારણ કે મને ડર હતો કે શિવના અસ્તિત્વનો જે મોટો હિસ્સો મારી પાસે હતો, એ પણ કદાચ હું ગુમાવી બેસત. બસ, આ જ કારણથી મેં સમાધાન સ્વીકારી લીધેલું. હું શિવને સંપૂર્ણ પામી નહોતી શકી, તો એને સંપૂર્ણ ગુમાવવા પણ નહોતી માગતી.' શાલિની આટલી સ્વસ્થતાથી કેવી રીતે વર્તી શક્તી હતી એનું મને હજી પણ આશ્ચર્ય હતું.

આખરે એક કલાક બાદ શાલિની જવા માટે ઊભી થઈ, એ સમયે મારાથી ફરી એક સવાલ પૂછાઈ ગયો.

'શાલિની, ખરેખર જે દેખાય છે એટલું સરળ છે બધું? મને આ પરિસ્થિતિ પર હજી પણ વિશ્વાસ નથી આવી રહ્યો. આ સંબંધના તાણાવાણા સરળતાથી ઉકેલાઈ જતાં હોત, તો જીવન કંઈક અલગ જ હોત. તમને મારા અને શિવ પર ગુસ્સો કે નફરત નથી? જો તમે મને સાચો જવાબ આપશો, તો હું આભારી થઈશ.' મારા મનની સ્થિતિ શાલિની સામે ખુલ્લી કરી દીધી.

શાલિની દરવાજા પાસે પહોંચીને અટકી ગઈ. એક ક્ષણ આંખો બંધ કરી અને પછી મારા તરફ ફરીને બોલી, 'ના, મને તમારા પ્રત્યે કોઈ નફરત કે ગુસ્સો નથી. તમે બંનેએ તમારા હૃદયની વાત સાંભળી અને દુનિયાની પરવા કર્યા વિના તમારી ખુશી શોધી. મારી જેમ સ્વીકારી લીધેલી મર્યાદામાં રહીને આજીવન ગૂંગળાવા કરતાં, તમે મુક્તિનો શ્વાસ લીધો. કાશ, મારામાં પણ એ હિંમત હોત!' આટલું કહી શાલિની સડસડાટ દાદર ઊતરી ગઈ.

હું એની પાછળ હવામાં તરી રહેલા એના શબ્દો ગોઠવી એનો અર્થ સમજવાની કોશિશ કરી રહી. આખરે શિવ સાથેનો મારો છેલ્લો અધ્યાય પૂરો થયો હતો. મન પર જે એક બોજ હતો, એ ઊતરી ચૂક્યો હતો. હવે કદાચ શિવને પણ શાંતિ મળી હશે અને મેં સીડી પ્લેયરમાં 'શિવરંજની'ની સીડી લગાવી બટન દબાવી દીધું.

જ્યારે પહેલાં શિવ મારી પાસે આવતો, ત્યારે હું આ જ રાગનું ગીત 'બહારો ફૂલ બરસાઓ, મેરા મહેબૂબ આયા હૈ' વગાડતી. આજે શિવ વિનાનું સૂનું હૈયું વારંવાર આ શબ્દો ગણગણી રહ્યું હતું.

'મિલના તો થા, પર મિલન હો ન સકા
દિલ કી ખુશીયા કભી બહા ન સકા
કર લિયા સબ કુરબાન ઉન પે હી
કુછ અપના કભી સોચ ભી ન સકા..' ■

RAJANI®
GROUP
Since : 1975

જરૂરિયાતો અનેક, નામ એક
Rajani Group!

+91-98256 07989
www.rajanigroup.in

Shop Now On
amazon Flipkart

Follow Us

Pioneer in spices since 60 years
JHAVERI's
MAST !
Desh ka Swad
Kitchen King Masala
PANEER Special
MIXED MASALA POWDER
Net Wt.: 100 g
PRODUCT OF INDIA
BOSS

Kitchen King Masala (Paneer Sp.)

Available in 50g, 100g & 1kg (Jar)

JSPL JHAVERI SPICES PVT. LTD.

Email: info@mastspices.com | Call 1 800-313-3424 | www.mastspices.com

Now Available on amazon & Flipkart

R.No. MNW/280/2021-23 VALID UP TO 31-12-2023 RNI NO. 43840/86 LICENCE TO Tech/RO/AHD/LPWP/Misc./2021-23 POST AT PSO. AHD-380 002 ON SATURDAY 07-08-2021. PUBLISHED EVERY SATURDAY FROM:- SAMBHAAV MEDIA LTD. OPP CHIEF JUSTICE BUNGLOW AHD-380015